Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૪૪
તા.૧૦-૧૦-૨૦૧૭, મંગળવાર
સંવત ૨૦૭૩ આસો વદ - ૦૫
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૬ સૂર્યાસ્ત : ૦૬:૧૯

તાપમાન
ડીસા ૪૦.૦
અમદાવાદ ૩૭.૬
ગાંધીનગર ૩૭.૫
વડોદરા ૩૬.૪
સુરત ૩૨.૯
નલિયા ૩૯.૬

ચાંદી : ૪૦,૩૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# વિધાનસભાની ચૂંટણી નહી લડુ: આનંદીબેન

**રાષ્ટ્રીય અધ્યક્ષ મા. અમિત શાહ સાદર નમસ્તે, મારે ચૂંટણી લડવી નથી : મને ક્યારેય પક્ષે કંઇ કહ્યું નથી,પક્ષની ૭૫ વર્ષની પોલીસીને કારણે ચુંટણી નથી લડવી, ઘાટલોડીયા બેઠક પરથી કોઇ સ્થાનિકને ટીકીટ આપવા અપીલ કરી, યુવા નેતૃત્વને આગળ કરવા ભાર મુકયો**





ગાંધીનગર

ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ફેસબુક પર રાજીનામું આપી બધાને ચોંકાવી દીધા હતા, ત્યારે તાજેતરમાં જ આનંદીબેન પટેલે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને પત્ર લખી પોતે ચૂંટણી લડવા ન માગતા હોવાનું જણાવ્યું હતું. પત્રમાં આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, હવે ૭૫ થયા છે. મને ક્યારેય ભાજપ પક્ષે કંઇ કહ્યું નથી, પરંતુ હવે મારે ચૂંટણી લડવી નથી. હું છેલ્લા ૩૧ વર્ષથી પાર્ટીમાં કામ કરી રહી છું. પાર્ટીએ મને મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષથી શરૂ કરી રાજ્યસભા સાંસદ અને ત્યારબાદ ચારવાર વિધાનસભા માટે મને તક આપી. માંડલ વિધાનસભા વિસ્તાર તદ્દન નવો વિસ્તાર હતો. કાર્યકર્તાઓએ મને સ્વીકારી જીતાડી અને પ્રજાની સેવા કરવાની તક મળી. ત્યારબાદ પાટણ વિધાનસભામાં ૧૦ વર્ષ (૨ ટર્મ) સુધી કાર્યકર્તાઓના સાથ અને સહકારથી પાટણનો વિકાસ કરવાનો મોકો મળ્યો. આ તમામ ગ્રામ્ય વિસ્તારો હતા. જ્યાં મારું કોઇ નેટવર્ક કે સગાઓ પણ ન હતા. પરંતુ મજબુત સંગઠન અને કાર્યકર્તાઓના ભરોસે, મહેનતે પાર્ટીને જીત મળી. છેલ્લે ઘાટલોડીયા મતવિસ્તાર કે જે શહેરી ક્ષેત્ર હતો. કાર્યકર્તાઓની સેના હતી. પાર્ટીનો મજબુત જનાધાર હતો. તેથી મારે કોઇ વધારે મહેનત ન કરવી પડી. આમ, જુદા-જુદા ત્રણ વિસ્તારોમાં પાર્ટીએ મને ટિકિટ આપી અને ચારવાર જીતાડી પણ ખરી. જેને કારણે ગુજરાતની પ્રજાની સેવા કરવાની તક મળી. મારાથી જેટલું શક્ય બન્યું તેટલું કામ કર્યું. પાર્ટીએ ગુજરાત માંથી પ્રથમવાર એક મહિલાને મુખ્યમંત્રી બનવાની તક આપી. સવા બે વર્ષ સુધી મુખ્યમંત્રી તરીકે કામ કરતાં ઘણું શીખવાનું મળ્યું છે. પાર્ટી અને કાર્યકર્તાઓએ મને ખૂબ પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યું છે. ગુજરાતની પ્રજાએ મને અસીમ પ્રેમ આપ્યો છે. પ્રજાનો આ પ્રેમ હું કદી ભુલી શકીશ નહીં. હું પાર્ટીમાં જોડાઇ ત્યારથી શ્રી નરેન્દ્રભાઇ મોદીના કુશળ સંગઠનકર્તા તરીકે સંગઠનની કામગીરીમાં મને માર્ગદર્શન મળતું રહ્યું. તેમજ વર્ષ ૨૦૦૨થી ૨૦૧૪ સુધી તેઓશ્રીના મુખ્યમંત્રીકાળ દરમિયાન તેઓની સાથે કામ કરી હું સતત શીખી છું.

**રાહુલ ગાંધીના ફરી એકવાર મોદી અને ભાજપ સરકાર પર પ્રહારો**

## નોટબંધી અને જીએસટીથી દેશને અભૂતપૂર્વ નુકસાન : રાહુલ ગાંધી

**ગુજરાતની સરકાર ૨૨ વર્ષોથી જનતાની દિલની વાત સાંભળતી નથી પરંતુ કોંગ્રેસ લોકોની જ વાત સાંભળશે**



અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇને કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીજી આજે ફરી તેમની ગુજરાત મુલાકાત દરમ્યાન મોદી સરકાર અને ગુજરાતની ભાજપ સરકાર પર નોટબંધી, જીએસટી સહિતના મુદ્દે જબરદસ્ત પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ ગુજરાતની જનતાની લાગણી અને વેદનાને વાચા આપતી વાત કરી કોંગ્રેસ માટે સહાનુભૂતિ મેળવવાનો પ્રયાસ કર્યો હતો કે, ગુજરાતની ભાજપ સરકાર છેલ્લા ૨૨ વર્ષોથી રાજયની જનતાની દિલની વાત સાંભળતી નથી પરંતુ તમે ચિંતા ના કરશો, કોંગ્રેસ આવશે તો તે તમારા મનની વાત જરૂર સાંભળશે. ગુજરાતની જનતાની આ સરકાર હશે. આજે સવારે અમદાવાદ એરપોર્ટ પર ઉતરાણ બાદ રાહુલ ગાંધી મહેમદાવાદ ખાત્રજ ચોકડી પહોંચ્યા હતા, જયાં વિશાળ જાહેરસભાને સંબોધન કરતાં તેમણે જણાવ્યું કે, વિકાસનું કોઇપણ કામ હોય જો તે કરવું હોય પહેલાં લોકોની વાત સાંભળવી પડે, કોઇને સાંભળ્યા વિના તે શકય નથી. ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષથી ભાજપની સરકાર છે અને ભાજપ સરકારે ગુજરાતના લોકોના દિલમાં જે અવાજ છે.

## ગુજરાત ચૂંટણીની તૈયારી રૂપે ચૂંટણી પંચની ટીમનું આગમન

### ઈવીએમ-વીવીપેટનું નિદર્શન કરતું રથ પ્રસ્થાન

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્વે આજથી બે દિવસ માટે ભારતીય ચૂંટણી પંચની કમિટી ગુજરાતની મુલાકાતે આવી છે. આજે ચૂંટણી પંચની ટીમે અમદાવાદમાં રાજકીય પક્ષો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજીને તેમના અભિપ્રાય મેળવ્યા હતા. ત્યારબાદ ગાંધીનગરમાં પણ જુદી જુદી બેઠકો યોજી હતી. ચૂંટણી તૈયારીની સમીક્ષા હાલમાં કરવામાં આવી રહી છે. હવે રાજ્ય વિધાનસભાની ચૂંટણી માટે કાર્યક્રમ કોઇપણ સમયે જાહેર કરવામાં આવી શકે છે. મળેલી માહિતી મુજબ આગામી સપ્તાહમાં જ કાર્યક્રમની જાહેરાત થઇ શકે છે. આજરોજ આ કમિટમાં ગુજરાત ખાતે આવેલા મુખ્ય ચૂંટણી કમિશનર એ કે જાતિના હસ્તે ઈવીએમ અને વીવીપેટની મતદારાને જાગૃતિ આપતી વાનનું આજરોજ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી પ્રસ્થાન કરાવ્યું હતું. ભારતીય ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર એ.કે.જાતિ અને તેમની ટીમે દ્વારા આજરોજ અમદાવાદ ખાતે રાજકીય પક્ષોના સાથે બેઠક યોજી હતી. ત્યારબાદ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા પોલીસ વડાઓ સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. તે પહેલા મુખ્ય ચૂંટણી કમિશનર એ કે જાતિના રાજયના મતદારોમાં ઈવીએમ મશીન અને વીવીપેટ અંગેની જાગૃતિ આપતા રથનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ રથ રાજયની તમામ વિધાનસભા વિસ્તારોમાં ફરશે. આ રથમાં ઈવીએમ મશીનથી કેવી રીતે મત આપી શકાય, મત આપ્યા બાદ આપ વીવીપેટમાં છપાતી કાપલી કેવી રીતે જોશો અને મતદાર અંગેની જાગૃતિ અને વીવીપેટ અંગેની જાગૃતિ માટે સુત્રો લખવામાં આવ્યા છે.

## ગોધરા કાંડ : ૧૧ની ફાંસીની સજા કોર્ટે ઘટાડી આજીવનમાં ફેરવી

**ગોધરા ટ્રેન અગ્નિકાડની ભારે કમકમાટીભરી ઘટનામાં માર્યા ગયેલા લોકોના પરિવારના સભ્યોને ૧૦-૧૦ લાખ ચુકવવાનો સરકાર અને રેલવેને આદેશ**

અમદાવાદ

દેશ અને દુનિયામાં ખળભળાટ મચાવનારા ગોધરા હત્યાકાંડ કેસમાં ગુજરાત હાઇકોર્ટે ખૂબ જ મહત્વપૂર્ણ ચુકાદો જાહેર કર્યો હતો. ગોધરાકાંડ કેસમાં સ્પેશ્યલ કોર્ટે જે ૧૧ આરોપીઓને ફાંસીની સજા ફટકારી હતી, તે ઘટાડી હાઇકોર્ટે આ ૧૧ આરોપીઓને આજીવન કેદની સજા ફરમાવી હતી. જયારે આ જઘન્ય હત્યાકાંડમાં સ્પેશ્યલ કોર્ટે જે ૨૦ આરોપીઓને જન્મટીપની આકરી સજા ફટકારી હતી, તે સજા હાઇકોર્ટે કાયમ રાખી છે એટલે કે, તેમની જન્મટીપની સજા યથાવત્ રહી છે. સાથે સાથે સ્પેશ્યલ કોર્ટે જે ૬૩ આરોપીઓને નિર્દોષ છોડી મૂકયા હતા, તેમની મુકિતનો નીચલી કોર્ટનો હુકમ પણ યથાવત્ રાખ્યો છે. હાઇકોર્ટે ભોગ બનનારના પરિવાર જનોને રૂ.દસ-દસ લાખનું વળતર ચૂકવવા હુકમ પણ રાજય સરકારને કર્યો હતો. સ્પેશ્યલ કોર્ટ દ્વારા ફાંસીની સજા પામનાર ૧૧ આરોપીઓ અને આજીવન કેદની સજા પામનાર ૨૦ આરોપીઓ તરફથી નીચલી કોર્ટના સજાના હુકમને પડકારતી ગુજરાત હાઇકોર્ટમાં અપીલ કરાઇ હતી, જયારે બીજીબાજુ, સ્પેશ્યલ ઇન્વેસ્ટીગેશન ટીમ દ્વારા જે ૬૩ આરોપીઓને સ્પેશ્યલ કોર્ટે નિર્દોષ છોડી મૂકયા તેઓને સજા કરાવવા, ૧૧ આરોપીઓની ફાંસીની સજા યથાવત્ રાખવા અને ૨૦ આરોપીઓની જન્મટીપની સજા વધારવા માટે હાઇકોર્ટ સમક્ષ અપીલો દાખલ કરી હતી.

<u>જીએસટી કાઉન્સિલ દ્વારા ટુંક સમયમાં નિર્ણય લેવાય તેવી વકી</u>

## હાલમાં ૨૮ ટકાના સ્લેબમાં રહેલ ચીજોની સંખ્યા ઘટાડવા હિલચાલ

**સામાન્ય લોકો દ્વારા જે વસ્તુઓનો સૌથી વધારે ઉપયોગ કરવામાં આવે છે તે ચીજોને ઓછા સ્લેબની યાદીમાં મુકવાની તૈયારી : લોકોને વધુ રાહત અપાશે**

નવી દિલ્હી

જીએસટી કાઉન્સિલ જુદા જુદા રાજ્યોના નાણાં પ્રધાનો દ્વારા રજૂઆત કરવામાં આવ્યા બાદ અને કેટલીક ફરિયાદો મળ્યા બાદ હવે હાઇએસ્ટ સ્લેબની યાદીમાં રહેલી ચીજોની સંખ્યાને ઘટાડે તેવી શક્યતા દેખાઇ રહી છે. હાઇએસ્ટ જીએસટી કેટેગરી અથવા તો ૨૮ ટકાના જીએસટી સ્લેબમાં રહેલી કેટલીક ચીજોના કારણે સામાન્ય લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ પ્રકારની રજૂઆત રાજ્યોના નાણાં પ્રધાનો દ્વારા હાલમાં જ કરવામાં આવી હતી. બે રાજ્યોના નાણાંપ્રધાન કહી ચુક્યા છે કે સીમેન્ટ, સ્ટીલ પ્રોડક્ટસ, બાથ ફિટિંગ સહિતની કેટલીક વસ્તુઓને આમાંથી બહાર કરવામાં આવનાર છે. કેન્દ્ર સરકારે હાલમાં કહ્યુ હતુ કે સામાન્ય લોકોની તકલીફ તરફ ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. જે બાબતને લઇને સામાન્ય લોકો જીએસટીમાં પરેશાન છે તે ચીજોને ઓછી કેટગરીના સ્લેબમાં મુકી દેવામાં આવનાર છે. જીએસટી કાઉન્સિલની આગામી બેઠકને લઇને રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે. જેમાં રાજ્યોના નાણાંપ્રધાનો દ્વારા રજૂ કરવામાં આવેલી તકલીફો તરફ ધ્યાન આપવામાં આવનાર છે.

**નર્મદાના નીરથી આ સરહદી વિસ્તારમાં હરીયાળી અને સુખાકારી પથરાઇ રહી છે : કેન્દ્રીય મંત્રી હરીભાઇ ચૌધરી**

## પ્રજાને સમર્પિત સરકાર સર્વાંગી વિકાસ અને લોકોની સુખાકારી માટે કટીબધ્ધ : મંત્રી શંકરભાઇ ચૌધરી

**નડાબેટ ખાતે મંત્રીઓના હસ્તે બોર્ડર ટુરીઝમના વિકાસ માટે રૂ. ૪૫ કરોડના વિકાસકામોનું ખાતમુર્હૂત**






પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના સૂઇગામ તાલુકાના નડાબેટ ખાતે કેન્દ્રીય ખાણ, ખનીજ અને કોલસા રાજયમંત્રી હરીભાઇ ચૌધરી તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજયમંત્રી શંકરભાઇ ચૌધરીના હસ્તે બોર્ડર ટુરીઝમના વિકાસ માટે રૂ. ૪૫ કરોડના વિકાસકામોનું ખાતમૂર્હૂત કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે મુખ્યોમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તેહ શરૂ થયેલ સીમા દર્શન કાર્યક્રમ પછી બોર્ડર ટુરીઝમ ક્ષેત્રે બનાસકાંઠા જિલ્લો દેશભરમાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં કેન્દ્રીય મંત્રીશ્રી હરીભાઇ ચૌધરીએ જણાવ્યું કે બોર્ડર ટુરીઝમથી આ સરહદી વિસ્તારમાં વિકાસની તકો ઉજ્જવળ બનશે. બનાસકાંઠા જિલ્લામાં સર્જાયેલી પૂરની પરિસ્થિતિમાં કેન્દ્ર અને રાજય સરકાર પૂર અસરગ્રસ્તોની પડખે ઉભી રહી ઉદાર સહાય કરી છે. તેમણે કોંગ્રેસના ભ્રષ્ટાચિારની કડક આલોચના કરી હતી. તેમણે જણાવ્યું કે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં દેશની પ્રજા આનંદ અને ગૌરવ અનુભવે છે તથા છેવાડાના વ્યક્તિઓ અને વિસ્તારો સુધી સુશાસનના મીઠા ફળ પહોંચી રહ્યા છે. કેન્દ્રી ય મંત્રી હરીભાઇ ચૌધરીએ ઉમેર્યુ કે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર ભાઇ મોદીના નેતૃત્વમાં ભારતનું વૈશ્વિક કક્ષાએ મહત્વય અને સન્મા ન વધ્યું છે તેનાથી દેશવાસીઓ આનંદ અને ગૌરવ અનુભવે છે. તેમણે કહ્યું કે વિશ્વના પાંચ શક્તિશાળી નેતાઓમાં આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની ગણના થાય છે. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગુજરાતની વણથંભી વિકાસયાત્રા સફળતાપૂર્વક આગળ વધી રહી છે. સરકારના વિરાટ પ્રયાસોના લીધે ભૂતકાળમાં પછાત ગણાતા

અનુસંધાન પાના નં.૬

**"બોર્ડર ટુરીઝમ ક્ષેત્રે બનાસકાંઠા જિલ્લો દેશભરમાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે."**

## ડીસામાં રસ્તા મામલે ૨૫ થી વધુ સોસાયટીના રહીશોને હલ્લાબોલ

**રેલી સ્વરૂપે નગરપાલિકા કચેરીમાં ઘસી આવી ધરણા કર્યા : મેટર કોર્ટમાં પેન્ડિંગ છે અને પાલિકાએ ડી.પી.રોડ યથાવત રાખવા દરખાસ્ત કરેલ છે : ચીફ ઓફિસર**





ભરત સુંદેશા

ડીસા

ડીસા શહેરના ગુલબાની નગર સોસાયટી સહિત ૨૫ થી વધુ સોસાયટીઓને અસર કરતા સો ફૂટના ડી.પી રોડ બાબતે નગરપાલિકા કચેરીએ સોમવારે ૨૫થી વધુ સોસાયટીના રહીશોએ રેલી સ્વરૂપે ધસી આવી હલ્લાબોલ કર્યો હતો અને પાલિકા કચેરીમાં ધરણાં સ્વરૂપે બેસી ગયા હતા. પાલિકાના ચીફ ઓફિસરે રહીશોને જણાવ્યું હતું કે આ રોડની મેટર સ્થાનિક અને હાઇકોર્ટમાં પેન્ડિંગ છે તેમજ પાલિકાએ પણ ડી.પી. રોડ યથાવત રાખવા દરખાસ્ત કરેલ છે.

ડીસા શહેરના હાર્દસમા વિસ્તારમાં આવેલ ગુલબાની નગર, પીપાજીનગર, નવ જીવન, સ્નેહકુંજ, રામનગર, શિવનગર, નેમ રાજુલ સહિત ની ૨૫ જેટલી સોસાયટીઓને જોડતા સો ફૂટ ડીપી રોડનો વિવાદ છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યો છે. અગાઉ ડી.પી.રોડ મંજૂર થયા બાદ પાલિકાની ભૂતપૂર્વ બોડીના શાસકોએ રીવાઈઝ પ્લાનમાં કેટલાક બિલ્ડરોના તેમજ કેટલાક જમીન ધારકોના મેળપીપળાથી ડી.પી. રોડનો છેદ ઉડાડી દેતા આ વિસ્તારના રહીશોએ લડત આદરી હતી.આ અંગે વારંવાર ડીસા નગરપાલિકા, કલેક્ટર કચેરી, ગાંધીનગર શહેરી વિકાસ વિભાગમાં અને પાલનપુર નગર નિયોજક કચેરીમાં અનેક દરખાસ્તો, રજૂઆતો અને ફરિયાદો કરી હોવા છતાં કોઈ નિવારણના આવતા સોમવારે આ વિસ્તારની ૨૫ જેટલી સોસાયટીઓના ૮૦૦ થી વધુ લોકોના ટોળા દ્વારા રેલી સ્વરૂપે નગરપાલિકા કચેરીએ

અનુસંધાન પાના નં.૬

મા શક્તિ જ્યોતિષ (પાલનપુર)
૭૨ કલાકમાં તાબડતોબ નિકાલ,
ધારેલી વ્યક્તિનું મિલન,
પ્રેમીપંખીડા, મહામોહીની,
વશીકરણ, છુટાછેડા, લવપ્રોબ્લેમ
ગઠામણ દરવાજા, પાલનપુર
મો. ૯૭૨૬૪૭૧૨૯૦

**વિચાર વૈભવ...**

### અપેક્ષાઓની ધમાચકડી

વરસાદ વગડાને લીલોછમ બનાવે એ ખરું પણ શહેરને તો એ ગંદકીથી ખરડી મૂકે છે. ઓફિસે જતી વખતે વરસાદ પડે એ આપણને ન ગમે. આપણું ચાલે તો વરસાદનું ય ટાઈમટેબલ બનાવીએ! પણ એથી મુશ્કેલી દૂર થાય ખરી? ખેડુત વરસાદ માટે જે ટાઈમટેબલ બનાવે તે શિક્ષકોને નહીં ફાવે.પાપડ વણનારાઓને વળી જુદી જ અપેક્ષા રહેશે. રાતપાળી અને દિવસપાળી કરનારાં જૂથો વચ્ચે પણ તકરાર થશે. ખેડુતો પણ કોઈ સમયપત્રક અંગે સમાન વલણ નહીં અપનાવી શકે. કપાસ કરનારા અને ડાંગરની રોપણી કરનારા ખેડુતો અંદરઅંદર લડી મરશે. ટેલિફોન ખાતું વરસાદને શાપ આપશે અને ધૂળધોયો વરસાદની રાહ જોયા કરશે. ધોબી વરસાદને ગાળ દેશે અને વણકરદુઆ આપતો રહેશે. જો મકાનનું ધાબું ભરવાનું બાકી હોય તો કોન્ટ્રાક્ટર વરસાદ ન પડે એવી પ્રાર્થના કરશે અને ધાબું ભરાઈ જાય પછી એ વરસાદ પડે તો ખુશ થશે. વરસાદ બિચારો કોને ધ્યાનમાં રાખીને વરસે?

આપણી અવનવી અપેક્ષાઓ સતત ચકરાતી રહે છે. ક્યારેક તો એમની વચ્ચે અંદરોઅંદર પણ કુસંપ જોવા મળે છે. અપેક્ષા રાખતી વેળાએ આપણે એક્સીલરેટર દબાવીએ છીએ અને કર્મ કરતી વેળાએ બ્રેક! અપેક્ષાની વળગણમાંથી છૂટેલા ભક્ત માટે ગીતાએ મજાનો શબ્દ વાપર્યો છે, 'અનપેક્ષ' વરસાદ સાચા અર્થમાં અનપેક્ષ છે. વગડાની લીલાશ અને શહેરની ગંદકીથી એ પર છે. વરસાદનું સૌંદર્ય એના અનપેક્ષ સમર્પણમાં રહેલું છે.

વરાસદ પડે છે તે નીચે તરફ. આમ ચીલાચાલુ અર્થમાં તો એનું પતન થયું ગણાય. એકવાર શહેરના ચોકમાં ઊડતો ફુવારો જોઈ મન વિચારે ચઢી ગયું. વરસાદ અધોગામી અને ફુવારો ઊર્ધ્વગામી? આ પ્રશ્નના જવાબમાં અનુષ્ટુમમાં રમતી પંક્તિઓ વરસાદ સાથે મનમાં ઊતરી આવી તે આ રહીઃ

વર્ષની જલધારાઓ ઝાટકે અવની પરે;
ગિરિ- તરુવરો સૌને શ્રીકાર જલથી કરે.
પત્ર- પુષ્પ- ફળો ભીનાં ધૌતગાત્ર હસી રહ્યાં;
નદીનિર્ઝરના અંગો નર્તનોમાં વહી રહ્યાં.
એમાં આ એક યોદ્ધા શો ફુવારો રણશૂર તે;
ઝૂઝે છે એકલો વચ્ચે સૌની મસ્તક ઉન્નતે.
નાનો ને નબળો તો યે હતાશા સેવતો નથી;
ઊંચે ઊડી રહ્યો, તેનું અભિમાન ભૂલ્યો નથી.
પ્રચંડ વર્ષા કિન્તુ તે ધસે નિમ્ન દિશા ભણી;
ભલ થોડી છતાં મારી ગતિ ઊર્ધ્વ દિશા ભણી.
શોભે ના ગર્વ કોઈને સત્વશીલ છતાં અહો;
કામના દુઃખતપ્તોના આર્તિનાશ તણી રહો.

અપેક્ષા વગરનું 'પતન' પણ કેટલું વિશ્વપોષક!

- ગુણવંત શાહ

**ગતકડું....**

- દેવન વ્યાસ



સારૂં છે, દિવાળી પછી ચૂંટણી છે નહિંતર હાર થાત તો દિવાળી બગડી જાત...!!!

**સૂર્યોદય - ૬.૩૬ સૂર્યાસ્ત - ૬.૧૯**

## તિથિદર્શન

આસો વદ-૫ મંગળવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ આસો વદ :પાંચમ મંગળવાર નક્ષત્રઃ રોહીણી બપોરે ૧૨.૦૯ પછી મૃગશીર્ષ યોગ :વ્યતીપાત કરણ:ગર આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ.વ.ઉ.) રાત્રે ૧૧.૧૭ પછી મિથુન (ક.છ.ઘ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. - **જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**કિંચિદ્વિદ્વિન્દોષ્ટીકકવિદપિ**
**સુરામત્ત કલહઃ કચ્ચિદ્વિણાવાદઃ કક્કચિદપિ ચ હાહેતિ**
**રુદિતમ્ કચિદમ્યા રામા કકચિદપિ**
**જરા જર્જરતનું નેંજાને સંસારઃ કિમમૃતમયઃ કિં વિષયયઃ**

આ સંસાર સુખનાં અમૃત અને દુઃખનાં ઝેરથી ભરેલો છે, એ સાર સમજાવતો આ શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'ગૃહસ્થાશ્રમપ્રશંસા'માંથી લેવામાં આવ્યો છેઃ-

એક ઠેકાણે વિદ્વાનોનો વિદ્વત્તાપૂર્ણ વાર્તાલાપ ચાલે છે તો બીજી બાજુ દારૂડિયાઓના બહેકેલા અભિમાનભર્યા કજિયા- કંકાસ ચાલે છે. કોઈ પણ જગ્યાએ વીણાવાદન જેવાં આહલાદક વાંજિત્રોનું ગુંજન છે તો બીજી બાજુ રુદન સાથે હાહાકારનો ગોકીરો છે. ક્યાંક કોઈ જગ્યાએ રમણીય સુંદરીયા દશ્યમાન થાય છે તો ક્યાંક ઘડપણ-રોગોથી જીર્ણ થયેલાં શરીર દેખાય છે, આવાં એકમેકથી વિરુદ્ધનાં દશ્યો જોઈ નક્કી નથી થઈ શકતું કે ખરેખર આ સંસાર સુખભર્યો છે કે દુઃખો વિષાદથી ભરપૂર છે? આ સંસારમાં સુખમય પ્રસંગો અનેક આવે છે. લગ્ન-જન્મદિવસ- બઢતી- ખુશાલીની પાર્ટીઓ- કુટુંબમેળા-મિલન સમારંભ, જેમાં પ્રેમ, આનંદ અને સંગીતમય વાતાવરણ પણ છે.

જ્યારે વ્યસન- વાસના ગરીબ- વેર- ઝેર- કુસંપથી ઘેરાયેલા પરિવારો અશાંતમય જીવન પણ જીવતા રહે છે. સંસાર સુખ- દુઃખથી ભરપૂર છે. તમારે તમારી જાતે એ વાતાવરણ ઊભું કરવાનું છે જેમાં સુખ-શાંતિ મળે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર ન આવે.**
**વૃષભ : (બ.વ.ઉ.)જીવનસાથીનો સહકાર મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું.**
**મિથુન :(ક.છ.ઘ.) પડવા-વાગવાથી સંભાળવું. ગુપ્ત ચિંતા રહે.**
**કર્ક : (ડ.હ.) પ્રવાસ-પર્યટનનું આયોજન થાય. ભાઇ-બહેનનો સહકાર મળે.**
**સિંહ : (મ.ટ.) લાભની તક સાંપડે. નવિન કામગીરીની પ્રગતિ થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) પ્રિયજનથી મુલાકાત સફળ રહે. રચનાત્મક કાર્યમાં મન પરોવાય.**
**તુલા : (ર.ત.) યશ, માન, કીર્તિમાં વધારો થાય. જોઇને છેતરાવવાનો પ્રસંગ બને.**
**વૃશ્ચિક :(ન.ય.) જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે. સ્નેહિજનોથી વિશેષ સ્નેહ રહે.**
**ધન : (ભ.ફ.ધ.) ભાગીદારીથી આર્થિક લાભ. પડવા-વાગવાથી સંભાળવું.**
**મકર : (ખ.જ.) નવિન શુભ સમાચાર મળે. ઉત્સાહમાં વધારો થાય.**
**કુંભ : (ગ.શ.સ.) સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. મનમાં આનંદનો અનુભવ થાય.**
**મીન : (દ.ચ.જ.થ.)કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નોનો ઉકેલ આવે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ઉત્તર ધ્રુવપ્રદેશના દ્વાર ખોલનાર નોર્વેજિયન સાહસ સફરી અનેમાનવતાવાદી રાજદ્વારી શ્રી દ્વિજોફ નાનસેનની જન્મજયંતિ છે.

એમનો જન્મ તા. ૧૦-૧૦-૧૮૬૧ ના રોજ નોર્વેની રાજધાની ક્રીશ્ચિયાની નજીક કૂએનમાં થયો હતો.

વીસમી સદીના ઉઘડતા પ્રભાતે વિશ્વને પૃથ્વીની કાલ્પનિક અને હિમાચ્છિત ધરીરૂપ ધ્રુવ વિશે અભૂતપૂર્વ માહિતી આપનાર ડૉ.દ્વિજોફ નાનસેનની જિંદાદિલ કપ્તાન તરીકેની કારકિર્દી તો આજ સુધીય અજોડ મનાય છે.

ઈ.સ. ૧૯૩૦ માં એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## નિફ્ટી ફ્યુચર ૧૦૨૦૨ પોઈન્ટ મહત્વની સપાટી...!!!

**તા ૦૯.૧૦.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૧૦૦૨૦) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૦૪૭ પોઈન્ટના પ્રથમ અને ૧૦૦૭૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૯૯૯૦ પોઈન્ટ થી ૯૯૭૩ પોઈન્ટ, ૯૯૬૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૦૭૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) મારૂતી ઉધોગ (૭૯૨૭) :- ઓટો ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૭૯૦૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૭૮૭૦ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૭૯૬૧ થી રૂ.૭૯૭૯ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૭૯૮૧ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) ઇન્ડસિન્ડ બેન્ક (૧૭૧૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૬૯૬ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૬૯૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૭૨૪ થી રૂ.૧૭૩૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) લાર્સેન (૧૧૪૮) :- રૂ.૧૧૨૬ પ્રથમ તેમજ રૂ.૧૧૧૭ ના બીજા સપોટ-'થી કન્સ્ટ્રકશન સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૧૬૭ થી રૂ.૧૧૭૫ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) HCL ટેક્નોલોજી (૯૦૫) :- ટેક્નોલોજી સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૯૧૯ થી રૂ.૯૩૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૮૮૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) રિલાયન્સ કેપિટલ (૫૭૪) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૬૧ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાઇનાન્સ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૮૬ થી રૂ.૫૯૫ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) લ્યપિન લિમિટેડ (૧૦૪૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૦૫૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૦૨૭ થી રૂ.૧૦૧૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૦૫૭ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) ડિવિઝ લેબ (૮૮૪) :- રૂ.૮૯૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૯૦૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૮૭૦ થી રૂ.૮૫૩ નો ભાવ દર્શાવિ તેવી સંભાવના છે....!! રૂ.૯૦૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) રિલાયન્સ ઇન્ડ (૮૩૨) :- રિફાઇનરી સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૮૪૮ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૮૧૮ થી રૂ.૮૦૮ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) ટેક મહિન્દ્રા (૪૬૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્નોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૪૭૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૪૪૬ થી રૂ.૪૩૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૪૮૬ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) યસ બેન્ક (૩૭૨) :- રૂ.૩૮૦ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૮૪ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૩૬૪ થી રૂ.૩૫૭ નો ભાવ દર્શાવિ તેવી સંભાવના છે....!! રૂ.૩૮૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

## જિલ્લા કક્ષાના સ્પેશ્યલ ખેલમહાકુંભમાં ડીસા આદર્શ હાઈસ્કુલનો શાનદાર દેખાવ

ડીસા

રાજ્ય સરકાર દ્વારા આયોજીત દિવ્યાંગ બાળકો માટેના સ્પેશ્યલ ઓએચ ખેલમહાકુંભનું આયોજન તા. ૧૦/૦૯/૧૭ ને રવિવારના રોજ પાલનપુર ખાતે થયેલ. જેમાં આદર્શ હાઈસ્કુલ ડીસાના ધોરણ-૧૨ (કોમર્સ) માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ચૌહાણ નરસિંહજી પહાડજી- જુ.વિભાગ- ગોળાફેંકમાં પ્રથમ ક્રમ મેળવી રાજ્ય કક્ષાએ રમતમાં ભાગ લેશે. આ ઉપરાંત ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી 'રજયા અતુલ પાંચાભાઈ - જુ.વિભાગ ગોળાફેંકમાં ત્રીજો નંબર પ્રાપ્ત કરી શાળા પરિવારનું ગૌરવ વધારેલ છે.

વીઆઈ કેટેગરીના સ્પેશ્યલ ખેલમહાકુંભમાં તા. ૨૩/૦૯/ ૨૦૧૭ ને શનિવારના દિવસે પાલનપુર વિદ્યામંદિરમાં યોજાઈ ગયો. જેમાં આદર્શ હાઈસ્કુલ ડીસાના ધો-૧૨ કોમર્સમાં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થી સાંખલા રમેશકુમાર ત્રીકમાજી જિલ્લા કક્ષાની જુ.વિભાગ લાંબીકૂદ સ્પર્ધામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. જિલ્લા કક્ષાના ઈનામમાં પ્રથમ નંબરને ૫૦૦૦/- તૃતીય નંબરને ૨૦૦૦/- નું ઈનામ તથા પ્રમાણપત્ર પ્રાપ્ત થશે. આ સ્પેશ્યલ ખેલ મહાકુંભમાં ભણસાલી ટ્રસ્ટ સંચાલિત આઈઈ ડીએસએસ યોજનાના પ્ર.શિક્ષક તથા કોચ ગજેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શનમાં આ વિદ્યાર્થીઓએ સિદ્ધી પ્રાપ્ત કરેલ છે.

# પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેનના ચૂંટણી ન લડવા પાછળ અંદર ખાને નારાજગી હોવાની ચર્ચા

### ભાજપને પાટીદાર મતદારોને લઈ શું અસર થશે ?

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ચૂંટણી સમયેજ પૂર્વ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ભાજપના રાષ્ટ્રિય અધ્યક્ષ અમિત શાહને પત્ર લખી વિધાન સભાની ચૂંટણી નહી લડવાની જાહેરાત અચાનક કરતાં ગુજરાતના રાજકારણમાં નવો વળાંક આવ્યો છે. જેને લઈને રાજનૈતિક વિશ્લેષકોએ વિધાનસભાની ચૂંટણી ને લઈને અનેક તર્ક લગાડયાના અહેવાલ છે.

**ગાંધીનગરના દ્વારેથી**

જોકે ભાજપનાજ કેટલાક નક્કી વર્તુળે બેનના આ પત્રને ચૂંટણી નહી લડવાની સંમતી નહી પરંતુ અંદરની નારાજગી હોવાનું મનાઈ રહ્યુ છે. ગત ૪ તારીખે આનંદીબેને અમિતશાહને સંબોધીને લખેલા પત્રમાં યુવાઓને તક આપવાની માંગ અને તેઓ આ ચૂંટણી નહી લડવાની અનિચ્છ વ્યક્ત કરતો ઉલ્લેખ પત્રમાં છે પરંતુ ભાજપના જ અંગત વર્તુળો આનંદીબેન આ પત્રને રાજકીય વળાંક વાળો માની રહ્યા છે. રાજનૈતિક વિશ્લેષક અને ભાજપના નક્કી સુત્રો દ્વારા મતની માહિતી અનુસાર છે. તાજેતરમાં અમિતશાહ ત્રણ દિવસની ગુજરાત મુલાકાતે આવ્યા હતા. ત્યારે કમલમ ખાતે આયોજીત તમામ બેઠકો / ચર્ચામાં બેન અમિતશાહની સાથે જ રહ્યા હતા અને ઈદના દિવસે અમિત શાહબેન ના નિવાસ સ્થાને (મોડીરાત્રે) ગયા હતા. જ્યાં કલાકો સુધી બંને નેતાઓએ ચૂંટણી લક્ષી ચર્ચા કરી હોવાના અહેવાલો પ્રસિધ્ધ થયા હતા. પરંતુ સમગ્ર ઘટનાક્રમમાં ઉંડાણ પૂર્વક નજર કરીએ અને ભાજપનાજ સુત્રો આ વખતની ચૂંટણીમાં આનંદીબેન ભાદરવા મહીનાથી જ સક્રિય થઈ ગયા હતા. મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ આનંદીબેન અચાનકજ ભાદરવી પૂનમના દર્શકને જતા પદયાત્રીકોની સેવા અને માં અંબાના દર્શન કરી ધીમા પગલે લોક સંપર્ક શરૂ કર્યો હતો. ત્યારબાદ નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાત વેળાએ પણ આનંદીબેન સતત સાથે રહ્યા હતા.

ઉપરાંત બનાસકાંઠામાં આવેલા પુર પ્રકોપ સમયે આનંદીબેન ૫ દિવસ રોકાઈને અસરગ્રસ્તો માટે રાહત - બચાવ ના કામમાં જોડાઈ ગયા હતા. માટે આ બધી બાબતો જોતા આનંદીબેને લોકસંપર્ક તૂટે નહી તેવા પ્રયાસો શરૂ કર્યા હતા. તો બીજી તરફ ૨૦૧૭ ની વિધાન સભાની ચૂંટણીની મહત્વની જવાબદારી પણ બેનના શીરે આવશે. અને આ માટે ભાજપ હાઈકમાન્ડ કટીબધ્ધ બનશે. તેવી અટકળો વહેતી થઈ હતી. ત્યારે અમીત શાહ અને બેન વચ્ચે મિત્રતા બંધાઈ જતાં બંનેની ગૃપ વચ્ચે અનેક તર્ક - વિતર્ક સર્જાયા હતા. સાથે સાથે આનંદીબેનના પુત્રી અનાર પટેલ ઘાટલોડીયાથી ટીકીટ માંગશે તેવી વાતો પણ વહેતી થઈ હતી. જેના કારણે અમીત શાહ પણ અંદરથી નારાજ બન્યા હશે. કારણ કે ઘાટલોડીયા માંથી આનંદીબેન કે તેમના પુત્રી અનાર પટેલ વિધાન સભા ચૂંટણી ના લડે તેવું અમિત શાહ ઈચ્છે છે. માટે નારાજ આનંદીબેને આ પત્ર લખી ચૂંટણી નહી લડવા માટેની અનિચ્છા વ્યક્ત કરી હોવાના અહેવાલ વહેતા થયા છે.

ગત ૪ તારીખે આનંદીબેન અમિત શાહને લખેલો પત્ર આજે બપોરે વાઈરલ થઈ જતાં અનેક અટકળો વહેતી થઈ છે. અને મનાઈ રહ્યુ છે કે આનંદીબેને પત્રમાં જે મુદ્દાઓ અને ઈચ્છાઓ વ્યક્ત કરી છે. ત્યારે સત્ય હકીકતો કંઈક જુદી હોવાનું મનાઈ રહ્યું છે. તો બીજી તરફ હાલમાં પાટીદાર અનામત આંદોલન પણ વેગવંતુ બની રહ્યુ છે. જેમાં યુવા વર્ગ બેનની વિરોધમાં છે. જ્યારે વડીલો અને અન્ય જેમકે ધાર્મિક, શૈક્ષણિક સંસ્થાના વડા; હોદ્દેદારો, સામાજીક અગ્રણીઓ (પાટીદાર સમાજના) બેનની સાથે જ છે. તેમના મતે કે જો આનંદીબેન કે તેમના પુત્રી વિધાનસભા નહી લડે તો ભાજપને પાટીદારોની નારાજગીનો કડવો અનુભવ ચોક્કસથી થશે જ આ મુદ્દાને લઈને ઉંઝાના ધારાસભ્ય અને ઉંઝા - ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ નારણભાઈ પટેલે પોતાનો મત પ્રકટ કરતા જણાવ્યું હતું કે આનંદીબેન ઉભા રહેશે તોજ પાટીદારો ભાજપ સાથે રહેશે જેના કારણે પાર્ટીનું હિત જળવાઈ રહે તે અને જો આનંદીબેન ચૂંટણી નહી લડે તો પાટીદારોમાં આક્રોશ ઉભો થવાની શક્તતાઓ સેવાઈ રહી છે. માટે આનંદીબેને ચૂંટણીમાં જંપલાવવું જોઈએ અને રહી વાત વય મર્યાદાની તો આમેય ભાજપે ૭૫ વર્ષનો નિયમ રદ કર્યો છે. માટે તેમને ચૂંટણી લડવી જોઈએ તેમ જણાઈ રહ્યું હતું. જોકે આ કોકડું ઉકલેવા હાલ દિલ્હી હાઈકમાન્ડ બેનના પત્રપર સમીક્ષા કરી રહ્યુ છે. ત્યારે આગામી ૧૮ ઓક્ટોમ્બરે કોબા ખાતે ભાજપ દ્વારા આયોજીત પેજ પ્રમુખ સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ફરીવાર ગુજરાત મુલાકાત સંભવીત બની શકે છે. ત્યારે તે પહેલા બેનની નારાજગી દુર થશે કેમ તે પણ પ્રશ્ન છે.

તો બીજી તરફ એવું પણ મનાઈ રહ્યું છે કે વર્તમાન સમયમાં પાટીદાર અનામત આંદોલન પણ વેગવંતુ થઈ રહ્યુ છે. ત્યારે પાટીદારોનો એક વર્ગ બેન સાથે જોડાયેલો છે. જ્યારે યુવા વર્ગ બેનથી નારાજ છે. (અનામત મામલે) ત્યારે આવી વિકટ સમસ્યામાં આનંદીબેન ખરેખર ચૂંટણી લડવાનું પસંદ નથી. કરતા ? કે પછી તેમને ચૂંટણી હારવાનો ડર સતાવે છે ? આવા અનેક તર્ક - વિતર્ક પાટનગરમાં વહેતા થયા છે. પરંતુ નરેન્દ્ર મોદીની પુનઃ ગુજરાત મુલાકાત પહેલા આ કોયડો ખુદ નરેન્દ્ર મોદી જ ઉકલશે તેમ મનાઈ રહ્યુ છે.

પૂર્વ મુખ્યમંત્રી મંત્રી આનંદીબેન પટેલ ૨૦૧૭ ની વિધાનસભા ચૂંટણીમાં મુખ્યમંત્રી પદે જાહેર કરવા જોઈએ તેમ ટવીટર ઉપર સુબ્રહ્મ સ્વામીએ ટવીટ કરી પોતાનો વિચાર વ્યકત કર્યો હતો. જ્યારે અંદર ખાને પણ આનંદીબેન ફરી મુખ્યમંત્રી બને તેવો સુર પણ ભાજપના કેટલાક સીનીયર હોદ્દેદારો, કાર્યકરોએ વ્યકત કર્યો હતો. તો બીજી તરફ આનંદીબેનની કમલમ ખાતે સતત હાજરી અને બેનની લોક સંપર્કની ઝડપી પ્રક્રિયાથી જ તેમનું વિરોધી જુથ પણ પ્રશ્નોમાં અટવાઈ પડ્યું હતું. ત્યારે આ બધી અટકળો વચ્ચે આનંદીબેન અમિત શાહને લખેલા પત્રથી રાજકીય ભૂકંપ સર્જાયો છે.

## સામઢીમાં દિવાળી પૂર્વે સફાઇ ઝુંબેશ



ચંદુભાઈ મકવાણા

પ્રતિનિધિ સામઢી

દિવાળીના તહેવારો નજીક આવતા મહિલાઓ ઘરોની સાફ - સફાઈ કરવા લાગી છે. ત્યારે પાલનપુર તાલુકાના સામઢી રાણાજીવાસ ગામના પ્રથમ મહિલા સરપંચ જામાબેન વેરસીભાઈ પ્રજાપતિએ દિવાળી પૂર્વે ગામમાં સફાઈ ઝુંબેશ હાથ ધરી સરકારને સ્વચ્છતા અભિયાનને સાર્થક કર્યું છે. જે.સી.બી. મશીન વડે રસ્તાઓની બંને સાઈડની ઝાડી- ઝાંખર હટાવી લઈ સફાઈ પણ કરવામાં આવી હતી. મેઘનાથ મંદિર તરફનો રસ્તો અને સામઢી મોટાવાસ તરફ જતા રસ્તાની સફાઈ કરાઈ હતી. સ્વચ્છતા મુદ્દે મહિલા સરપંચની સતત જાગૃતિથી ગામલોકોમાં આનંદની લાગણી છવાઈ છે. એ સિવાય તેમના કાર્યકાળ દરમ્યાન ગામમાં અનેક વિકાસ કામો થવા સાથે ઘરે ઘરે શૌચાલય પણ બનાવવામાં આવી રહ્યા છે.

## બનાસકાંઠા જિલ્લાના ૭ ટીડીઓની બદલી

ડીસા

રાજ્ય વિધાનસભાની સામાન્ય ચૂંટણી હવે ગમે તે સમયે આવી શકે છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા આચાર સંહિતાનો અમલ શરૂ થાય એ અગાઉ વિવિધ અધિકારીઓની બદલી અને બઢતીનો શરૂ કરવામાં આવેલો ક્રમ યથાવત જોવા મળ્યો છે. રાજ્યમાં અલગ અલગ સ્થળોએ ફરજ બજાવતા ૩૫ જેટલા તાલુકા વિકાસ અધિકારીઓની આંતરિક બદલી કરવામાં આવી છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા સાત ટીડીઓની બદલી કરાઈ છે.જેની વિગતો આ મુજબ છે.

| | | |
|---|---|---|
| એમ.કે.પરમાર | દાંતીવાડા | દસાડા-પાટડી |
| એન.સી.ઠાકોર | દિયોદર | વિજયનગર |
| એમ.પી.જોષી | ધાનેરા | બરવાળા |
| બી.ડી.સોલંકી | પાલનપુર | સમી |
| કે.એચ.ઉપલાણા | સુઈગામ | ખેરાલુ |
| પી.એમ.પરમાર | વડગામ | થરાદ |
| ડી.બી.ચાવડા | વાવ | વડાલી |

## ખોડા પે.શાળાના આચાર્યનો વિદાય સમારોહ યોજાયો



મહાદેવ પરમાર

પ્રતિ. ખીમાણા, રવિયાણા

કાંકરેજ તાલુકાની ખોડા પે. સેન્ટર શાળામાં ફરજ બજાવતા આચાર્ય પટેલ દાંનાભાઈ ડી.વયનિવૃત થતા હોઈ પે.શાળાના પરિવાર તથા ખોડા ગ્રામજનો દ્વારા જિ. પ્રા. શિક્ષણાધિકારી ડો.દિપકભાઈ દરજીની અધ્યક્ષતામાં શાળાના પ્રાંગણમાં સવારે ૯ કલાકે વિદાય સમારોહ યોજાયેલ જેમાં શાળાના પરિવાર દ્વારા શ્રીફળ અને શાલ ઓઢાડી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું ખોડાના ગ્રામજનો, નાણોટા આચાર્યનો પરિવાર તથા ડે.સરપંચ પ્રહલાદભાઈ, ખોડા પે. સેન્ટર શાળાના આચાર્ય તથા શીક્ષકગણ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જી.શિ. અધીકારી ડો. દિપકભાઈ દરજી, જી.પ્રા.શિક્ષક સંઘના પ્રમુખ ચમનભાઈ વાઘેલા, માજી ધારાસભ્ય દિયોદર કાળુભાઈ વી.તરક, ખોડા સરપંચ મઘાભાઈ પટેલ, જી.પં.સદસ્ય રમેશભાઈ વાઘડા, તા.ભાજપ (કાંકરેજ) ડાયાભાઈ પીલીયાતર, માજી ભાજપ પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ, ભાભર તા.ઘટક સંઘ પ્રમુખ વાઘજીભાઈ દેસાઈ, ડીસા તા.ઘટક સંઘ પ્રમુખ પાંચાભાઈ દેસાઈ, કબડ્ડી એશોસીએશન મહામંત્રી જીવણભાઈ જોષી, દિયોદર તા.ઘટક સંઘ પ્રમુખ પોપટજી ઠાકોર, ડીસા ધ.મંત્રી મનહરભાઈ પરમાર, કાંકરેજ તા.શિક્ષક ઘટક સંઘ પ્રમુખ જગમાલભાઈ જોષી, તા. ઘટક મંત્રી તેજમલસિંહ કાંકરેજ તાલુકા પ્રા.શિક્ષણાધિકારી જીતુભાઈ સોલંકી, તા.બિટ.કે.ની.ઓ. કાંકરેજ બી.આર.સી.લોઢા, સી.આર.સી.ઓ તથા સેન્ટર શાળાની શાળાઓના આચાર્યઓ તથા શિક્ષકગણ, ખોડા શાળાનો શાળા પરિવાર નાણોટા ગામના નાગરિકો તથા તેમનો પરિવાર ખોડાના સમસ્ત ગ્રામજનો તથા વાલીઓ અને વિધાર્થીઓ તાલુકામાંથી પધારેલ શિક્ષકગણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી વિદાય આપેલ સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન જોરાભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમને સફળ બનાવવા ગ્રામજનો તેમજ સેન્ટર શાળાના પરિવાર દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

## રોટરી ક્લબ ડીસા ખાતે ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ શિબિરનો પ્રારંભ



ડીસા

ગુજરાત પ્રવાસન નિગમ ગાંધીનગર અને રોટ-રી ક્લબ ડીસાના સંયુક્ત ઉપક્રમે રોટરી ક્લબ ડીસા ખાતે ૫૦ તાલીમાર્થીઓ માટે ''ઉદ્યોગ સાહસિકતા તાલીમ શિબિર'' નું ઉદઘાટન રોટરી ક્લબ ડીસાના પ્રમુખ રોટે. નટુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે તેમનાં પ્રવચનમાં શિબિરાર્થીઓને ૧૫ દિવસના તાલીમ વર્ગમાં નિયમિત રીતે હાજર રહીને ટ્રેનરો દ્વારા શીખવવામાં આવતા વિષયોને સમજીને ભવિષ્યમાં સારો ઉદ્યોગ સ્થાપવા માટેની શીખ આપી હતી. આ તાલીમ શિબિરમાં ૫૦ જેટલા તાલીમાર્થીઓ તાલીમ લેશે અને તેમને તજજ્ઞો દ્વારા દરેક વિષયનું માર્ગદર્શન આપવામાં આવશે. તથા ૧૫૦૦ રૂપિયાનું સ્ટાઈપેન્ડ તથા સર્ટીફિકેટ પણ દરેક તાલીમાર્થીને આપવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ગાંધીનગરથી પધારેલા તજજ્ઞોની સાથે સેક્રેટરી રોટે.યશવંતભાઈ ખત્રી તથા રોટે. રાજુભાઈ શાહ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ઈચ્છા મોક્ષ એ નવકારની પ્રચંડ તાકાત છે : આચાર્ય રશ્મિરત્નસૂરિ

### વિશ્વશાંતિ માટે ૪ કરોડ નવકાર જાપની પૂર્ણાહુતિ



વસંત બારોટ

સુરત

ગુરુરામ પાવનભૂમિ, પાલના સુરિપ્રેમભુવનભાનુ જિતેન્દ્ર ઉપધાન નગરીમાં પૂજ્ય ૩૭૦ દીક્ષા દાનેશ્વરી આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્ય આચાર્યશ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સુરેન્દ્રનગરના જિતેન્દ્રભાઈ રમણીકલાલના ચાર કરોડ નવકાર જાપ પૂર્ણાહુતિ નિમિત્તે વિશ્વશાંતિ, રાષ્ટ્ર શાંતિ અને આત્મશાંતિ નિમિત્તે રવિવારે સવારે ૯:૦૦ કલાકે શ્રી નવકાર જાપ અને ધ્યાનનો સંગીત અને વિવિધ મુદ્દાઓ સાથે કાર્યક્રમ રાખેલ છે. આ કાર્યક્રમમાં ઉપધાનના આરાધકો ઉપરાંત વડોદરા, અમદાવાદ આદિ શહેરોથી નવકાર ઉપાસકો જોડાશે.

આચાર્ય રશ્મિરત્ન સૂરીશ્વરજી મ.સા.એ કહ્યું કે નવકાર ભવપાર કરવાની નૌકા છે. નવકાર મહામંત્રનો જાપ કરવાથી પંચ પરમેશ્વરીની આરાધના થાય છે અને શાશ્વત પદોની સાધના આત્માના શુદ્ધસ્વરૂપને પ્રગટ કરે છે. નવકારની તાકાત અમાપ છે. સર્વ પાપનો નાશ થાય, સર્વસિદ્ધિયોની પ્રાપ્તિ થાય અને સહુથી મોટી વાત બીજી સાધના ઈચ્છાપૂર્તિ માટે હોય છે. નવકાર સાધના ઈચ્છા મોક્ષ માટે હોય છે. દુઃખી મોક્ષ કરતા દોષ મોક્ષ ચઢિયાતો છે. અને એના કરતા ચઢિયાતા દોષોનું મૂળ ઈચ્છા એનો મોક્ષ એ સહુથી શ્રેષ્ઠ છે. ઈચ્છા મોક્ષ એ નવકારની અદ્ભુત તાકાત છે.

### પેટ્રોલ ડીઝલના ભાવને લઇને પણ પ્રશ્નો

# જીએસટીના ઉંચા સ્લેબને લઇને હજુય ઘણી તકલીફ

નવી દિલ્હી

જીએસટી કેટેગરીમાં સૌથી ઉંચી કેટેગરી ૨૮ ટકાને લઈને કેટલાક લોકો દ્વારા વાંધો ઉઠાવવામાં આવી રહ્યો છે જેના પરિણામ સ્વરુપે આ કેટેગરીમાં રહેલી સામાન્ય ઉપયોગ આવતી પ્રોડક્ટને પણ આ કેટેગરીમાંથી બહાર લાવવા માટે પ્રયાસો શરૂ થઈ ચુક્યા છે. આગામી બેઠકમાં આ અંગે નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. હાલમાં રેસ્ટોરન્ટમાં લાગૂ પડતા ધારાધોરણને લઈને પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. જેના પરિણામ સ્વરુપે આગામી બેઠકમાં આ અંગે નિર્ણય લેવામાં આવશે. કમ્પોઝિશન સ્કીમને આગળ વધારી શકાય છે કે કેમ તેને લઈને પણ નિર્ણય લેવામાં આવશે. આ સ્કીમમાં ૨૦ લાખથી એક કરોડની ટર્ન ઓવર સુધીના લોકોને પણ જીએસટીમાં જુદા જુદા રેટ આપવામાં આવ્યા છે. જીએસટી રેટ નક્કી કરતી વેળા સરકારે ચોક્કસ બાબતોને ધ્યાનમાં લીધી હતી પરંતુ આમા રહેલી તકલીફો અને મેન્યુફેક્ચર્સ દ્વારા કરવામાં આવી રહેલી માંગનો મુદ્દો હવે ઉઠી રહ્યો છે. ટ્રક ઓપરેટરો દ્વારા પણ જીએસટીમાં રાહત આપવાની માંગણી કરવામાં આવી છે. જુની ટ્રક વેચવા ઉપર લાગૂ થતાં ૨૮ ટકા ટેક્સની જોગવાઈને ખતમ કરવા માટેની માંગણી કરવામાં આવી ચુકી છે. જીએસટી કાઉન્સિલની આગામી બેઠકમાં કયા મુદ્દા ઉપર રાહત આપવામાં આવશે તેને લઇને પ્રાથમિક હાલચાલ શરૂ થઈ ચુકી છે.

# ગેળા શ્રીફળીયા હનુમાન મંદિરે ભાવિકોનો ઘસારો


નરસિંહ પ્રજાપતિ

## શ્રીફળનો પહાડ નિહાળી ભાવિકો ભાવવિભોર

પ્રતિનિધિ ગેળા

લાખણી તાલુકાના ગેળા શ્રીફળીયા હનુમાન મંદિરે પરંપરા મુજબ ગઈકાલે શનિવારે વહેલી સવારથી જ ભાવિકોનો ભારે ઘસારો રહેવા પામ્યો છે. જે ઘસારો મોડી સાંજ સુધી જળવાઈ રહ્યો હતો. જેથી દાદાનું ધામ માનવ મહેરામણથી છલકાઈ ઉઠ્યું હતું. દૂરદૂરથી ઉમટી પડેલા ભાવિકોએ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. એટલું જ નહીં, કળીયુગમાં પણ સતયુગની યાદ અપાવતા શ્રીફળના ડુંગરની પ્રદક્ષિણા કરી દાદાના ચમત્કારને પ્રત્યક્ષ નિહાળી ભાવવિભોર બની ગયા હતા. લોકવાયકા મુજબ આ મંદિરની પૂજા કરતા સંતના મીઠા ઠપકાને ઝીલી લઈ દાદાએ શ્રીફળનો પહાડ ખડકી દીધો છે.

અનુસંધાન પાના નં.૬

## જમીન ધોવાણ તથા પાક નિષ્ફળની સહાય ચુકવણીમાં થયેલ ગેરરીતીઓ મુદ્દે પગલા લેવા ધારાસભ્યની રજુઆત

ડીસા

દર સોમવારે નિયમિત લોક સંપર્ક તથા અઠવાડીયામાં સતત ગમે ત્યારે લોકોના પ્રશ્નો માટે સદા તત્પર રહેતા ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ સમક્ષ બનાસકાંઠામાં ભારે વરસાદથી થયેલ જમીનોનું ધોવાણ અંગેની તથા પાક નિષ્ફળની સહાય ચુકવણીમાં ગંભીર ગેરરીતિઓ થઈ હોવાની લોકોએ રજુઆત કરી હતી આથી આ અંગે જમીન ધોવાણ તથા પાક નિષ્ફળની સહાય ચુકવણીમાં થયેલ ગેરરીતીઓ તથા ગેરરીતીની તાત્કાલીક તપાસ કરી જવાબદારો સામે તાત્કાલીક પગલાં લેવા ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ તંત્રમાં રજુઆત કરેલ છે. જમન ધોવાણ તથા પાક નિષ્ફળના ઘણા



સાચા લાભાર્થીઓ સહાયથી વંચિત રહી ગયેલ છે તેમને તાત્કાલીક સહાય ચુકવવા પણ રજુઆત કરેલ છે.

વધુમાં ગોવાભાઈ દેસાઈએ આ અંગે કલેક્ટર જિલ્લા વિકાસ અધિકારી સહિત અન્ય અધિકારીઓ તથા કર્મચારીઓને પત્ર લખીને રાહતની કામગીરીમાં પારદર્શિતા સાચી અને ઝડપી બનાવવા તાત્કાલીક તપાસ કરાવી અસરગ્રસ્ત ખેડૂતોને સહાય અપાવવા માનવતાના ધોરણે મદદરૂપ થવા અનુરોધ કર્યો છે.

# થરાદ ખાતે આંજણા સમાજની સાધારણસભામાં આંજણા સમાજનું પરબતભાઈને ખુલ્લુ સમર્થન

(પ્રતિ.) થરાદ

થરાદની આંજણા પટેલ કેળવણી મંડળ ખાતે સમાજની સાધારણ સભા યોજાઇ હતી. જેમાં સમાજ દ્વારા ધારાસભ્યને આગામી ચુંટણીમાં ખુલ્લા સમર્થનનો સુર ઉઠવા પામ્યો હતો.સાથે સાથે આગામી ૧૨ મીએ યોજાનાર ગૌરવયાત્રાની પણ ચર્ચાઓ કરાઈ હતી.


(વિષ્ણુ દવે)

થરાદની ગાયત્રી વિધાલય ખાતે શનિવારે પંથકના આંજણા પટેલ સમાજની બેઠક યોજાઇ હતી.જેમાં કેળવણી મંડળના પ્રમુખ જીવરાજકાકા અને ધારાસભ્ય પરબતભાઇ પટેલ સહિત બહોળી સંખ્યામાં સમાજના અગ્રણીઓ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. આજની સામાજીક બેઠકમાં આવનારી ચુંટણીઓને લઈને પણ ચર્ચાઓ થવા પામી હતી. જેમાં આંજણા સમાજ દ્વારા વર્તમાન ધારાસભ્ય પરબતભાઇ પટેલને સમાજ દ્વારા ખુલ્લુ સમર્થન હોવાનો સુર વ્યક્ત કરવામાં આવ્યો હતો.સમાજની બેઠકમાં મોડેથી કેન્દ્રીયમંત્રી હરીભાઇ ચૌધરીએ પણ હાજરી આપી હતી. જ્યારે આગામી ૧૨ ઓક્ટોબરના રોજ યોજનાર ગૌરવયાત્રામાં નાયબ મુખ્યમંત્રી,રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે સહીત મંત્રીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેનાર હોઇ તેની તડામાર તૈયારીઓને વેગ આપવાની પણ ચર્ચાઓ કરવામાં આવી હતી.

# બાપલાની બનાસ બેકમાં સીસીટીવી કેમેરા નાખવાની લોક માગ

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાના બાપલામા આવેલી બનાસબેકની શાખા મા કેમેરા નાખવાની ખાતેદારોએ માગ કરી છે. બાપલાની બનાસ બેકની શાખામા બાપલા, વાછોલ, વકતાપુરા, રામપુરા, કુંડી, રવિ, ગોળિયા, નેગાળા, આલવાડા, ભાટરામ અને રાજસ્થાનના કેટલાક ગામો જેવા કે માટાસન, જુજાપુરા, પાવટી, બામનવાડા, નેબતલાઈ, ધામસિન, વડગામ વગેરે ગામોની જનતાના બાપલા શાખામાં ખાતાઓ ધરાવે છે. તેમજ ઉપરોકત ગામોની દુધમંડળીના પગાર પણ આ શાખામાં મળે છે. તેમજ રાજસ્થાન નજીક હોવાથી અને બાપલા સેન્ટરનું ગામ હોવાથી રોજની ભિડ જોવા મળે છે. જેથી આવિ ભીડનો લાભ લઈ લુખ્ખા તત્વો અવાર નવાર બાપલાની બનાસ બેંકને ટારગેટ બનાવે છે. બેંકની શાખામાં શિકયુરેટરી પણ નથી. તેથી અગાઉ પણ બે વખત બેંકના તાળા તુંટવાના બનાવો બનેલા અને એક વખત બેંકના કર્મચારીઓને રિવોલવરની અણીએ રૂા.૮૦ લાખની લુટ ચલાવેલી હોવા છતાં બેંકના ઉપરી અધિકારીઓનું આંખ મિચામણું મોટી નુકશાની વેઠવી પડે તો નવાઈ નહિ. તેવું ઉપરોકત ગામોના ખાતેદાર જનતામાં ચર્ચાય છે. તાજેતરમાં પણ બાપલાની બનાસ બેંકમાં ચોરીનો બનાવ બનેલ હોવા છતાં આજદિન સુધી સીસીટીવી કેમેરા ન લગાવતાં બેંક સામે ખાતેદારોએ નારાજગી વ્યકત કરી છે.

બનાસ બેંકના ચેરમેનના કાર્યથી બેંક પ્રગતિ તરફ વધી રહિ છે. ત્યારે શું બનાસ બેંકના ડિરેકટરોને બાપલા શાખા નજરમાં નથી. તેવુ બેંક ખાતેદારોમાં ચર્ચાસ્પદ બન્યું છે. બાપલાની બનાસ બેંકમાં વહેલી તકે સીસીટીવી કેમેરા અને સિકયુરેટી મુકાય તેમ બેંકના ગ્રાહકો ઈચ્છી રહ્યા છે.

# કાંકરેજ તાલુકા કેળવણી મંડળના પ્રમુખપદે ધીરજભાઈ શાહની સર્વાનુમતે વરણી

## વૃદ્ધાવસ્થાના કારણે વર્તમાન પ્રમુખ કીર્તિલાલ શાહે રાજીનામું આપ્યું...

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકામાં ૧૯૫૬ થી શિક્ષણની જયોત જલાવવામાં કાંકરેજ તાલુકા કેળવણી - થરાનું યોગદાન મહત્વનું રહ્યું છે.જેમાં શ્રી ઓગડ વિદ્યામંદિર થરા શ્રીમતી એસ.એચ.કેમા.ઉ. મા.વિદ્યાલય, શેઠ સી.એમ.શાહ કન્યા વિદ્યાલય, ધી પ્રગતી કો.ઓ.બેંક પ્રાથમિક શાળા અને કાંકરેજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ થરામાં ધો.૫ થી એમ.એ.,એમ.કોમ.સુધીનું શિક્ષણ ઘરઆંગણે પુરૂં પાડે છે. વર્તમન પ્રમુખ કીર્તિલાલ રતીલાલ શાહ વૃધ્ધાવસ્થાને


યશપાલસિંહ ટી.વાઘેલા

શારીરીક તકલીફ ના કારણે પ્રમુખપદેથી રાજીનામું આપતાં કાંકરેજ તાલુકા કેળવણી મંડળના તમામ હોદ્દેદારો સભાસદોની થયેલી મીટીંગમાં વર્તમાન પ્રમુખ કીર્તીલાલ શાહના પુત્ર મંડળના ટ્રસ્ટી અને થરા પાલિકાના ઉપપ્રમુખ ઉત્સાહી ધગશશીલ શિક્ષણપ્રેમી ધીરજકુમાર કીર્તિલાલ શાહની પ્રમુખ તરીકે દરખાસ્ત ટ્રસ્ટી ત્રિલોકચંદ ધાણધારાએ મુકતાં મંડળના તમામ હોદ્દેદારો સભ્યોએ હર્ષભેર આવકારી ટેકો આપતાં પ્રમુખ પદે સર્વાનુમતે ધીરજકુમાર કીર્તિલાલ શાહના નામની જાહેરાત થઈ હતી. આ મીટીંગમાં વર્તમાન કીર્તીલાલ શાહે સૌને આવકાર્યા હતા.

અનુસંધાન પાના નં.૬

# ઢીમા માર્કેટયાર્ડ પાસે પરોઢીયે બાઈક સ્લીપ ખાતા ચાલક ઘવાયો


વિષ્ણુ પરમાર

તા. પ્રતિનિધિ વાવ

તા.૯/૧૦/૧૭ ને સોમવારના રોજ વહેલી પરોઢીયે સવારે ૪/૦૦ વાગે ઢીમા માર્કેટયાર્ડ અને પેટ્રોલપમ્પ વચ્ચે બાઈકનો અકસ્માત સર્જાતા બાઈક ચાલક ગંભીર રીતે ઘવાતા થરાદની પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડાયો છે.

જાણવા મળતી માહિતી અનુસાર ઢેરીયાણા ગામના ઈશ્વરભાઈ માનાભાઈ પટેલ પોતાનું બાઈક લઈને ઢેરીયાણાથી વ્હેલી સવારે ઢીમા તરફ આવી રહ્યા હતા ત્યારે બાઈક અચાનક સ્લીપ ખાઈ જતાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તાત્કલીક સારવાર અર્થે થરાદ ખાતેની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે.

# ખેડૂતો મગફળીના પાક લેવામાં જોતરાયા...


ભરત સુંદેશા

બનાસકાંઠા જિલ્લામાં ચોમાસુ સિઝનમાં સૌથી વધુ વાવેતર મગફળીનું થાય છે. જેનો પાક તૈયાર થઈ જતાં હાલમાં ખેડૂતો પાક લેવામાં જોતરાયા છે. સમગ્ર ડીસા પંથકમાં ખેડૂતો દ્વારા મગફળી લેવાનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે.

# લાખણી ખાતે મંત્રીના અધ્યક્ષસ્થાને ગૌરવ યાત્રા સંકલનની મીટીંગ યોજાઈ


દિલીપ પુરોહિત

પ્રતિનિધિ લાખણી

લાખણી મુકામે એ.પી.એમ.સી. ખાતે આજરોજ ભારતીય જનતા પાર્ટીની ગુજરાત ગૌરવ યાત્રા જે દિયોદર ખાતે ગુરૂવારના રોજ તા. ૧૨/૧૦/૨૦૧૭ ની સવારે ૧૦:૩૦ કલાકે આવવાની છે. તેમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહે તે માટે સંકલન અંગેની મીટીંગ ગુજરાત સરકારના મંત્રી કેશાજી ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. આ ગૌરવ યાત્રામાં રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેજી તથા ગુજરાતના ભાજપના અગ્રણીઓ પણ યાત્રા સાથે સામેલ હશે. તે પ્રસંગે મોટી સંખ્યામાં દિયોદર વિધાનસભાના મતદારો તથા કાર્યકર્તાઓ હાજર રહે તેનું સંકલન કરવા આ મીટીંગનું આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે (શિક્ષણ) સમિતિના ચેરમેન બાબરાભાઈ પટેલ, એ.પી.એમ.સી. ચેરમેન તેજાભાઈ ભુરીયા, લાખણી તાલુકા ભાજપ પ્રમુખ હેમરાજભાઈ પટેલ, સરપંચ નાનજીભાઈ પટેલ, દિલીપભાઈ પુરોહિત, નવીનભાઈ શાહ, લેરાજી ઠાકોર, ગણેશભાઈ રબારી, તનેરાજસિંહ, કરશનજી રાજપુત, માનાજી પુરોહિત, મુળાજી પટેલ, હકમાજી પટેલ, જેઠાજી ધુણસોલ, અશોકભાઈ દેસાઈ, નાનજીભાઈ પટેલ ભીમગઢ, ભુપતસિંહ વાઘેલા સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ આ મીટીંગમાં હાજર રહેલ.

<u>રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત પ્રેરીત</u>

# રાષ્ટ્રિય શૈક્ષિકમહાસંઘ બ.કાં.ની જિલ્લા કારોબારી બેઠક ડીસા ખાતે યોજાઈ



ડીસા

તા.૮/૧૦/૨૦૧૭ ના રોજ ડીસાની આદર્શ સ્કૂલ ખાતે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ બનાસકાંઠા જિલ્લાની કારોબારી બેઠક યોજાઈ હતી. તેમાં સંઘઠનના તાલુકા અને જિલ્લા રાજયના હોદ્દેદારોની ઉપસ્થિતિ રહી હતી.

આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દિપકભાઈ દરજી ખાસ ઉપસ્થિત રહી શિક્ષણ વિષયક માર્ગદર્શન આપ્યું હતું. તાલુકા કક્ષાના અધ્યક્ષ અને મહામંત્રીની જુદા જુદા પ્રકારના શિક્ષકોના પ્રશ્નોની ઉગ્ર રજુઆત ડીપીઓને કરી હતી. આથી તેમણે તમામ પ્રશ્નો ઝડપથી ઉકેલવામાં આવશે તેવી તેમણે ખાત્રી આપી હતી. આ બેઠકમાં ડીસા તાલુક શૈ. મહાસંઘના નવિન હોદ્દેદારોની જાહેરાત કરવામાં આવી હતી. અધ્યક્ષ મનુભાઈ ડુંડ, મહામંત્રી - જયેન્દ્રભાઈ સોલંકી, ઉપપ્રમુખ દેવેન્દ્રભાઈ અને ખજાનચી જશુભાઈની જાહેરાત કરવામાં આવી હતી. અને જિલ્લા કારોબારી ટીમમાં પ્રચાર - પ્રસાર મંત્રીની જવાબદારી મહેશભાઈ પ્રજાપતિની જાહેરાત થઈ હતી.

અનુસંધાન પાના નં.૬

# પાલનપુર- હેડ પોસ્ટ ઓફિસમાં આંતરરાષ્ટ્રીય ટ્રેક પેકેટ સેવાનો પ્રારંભ


સંજય જોષી

## નાગરિકો વિદેશોમાં પાર્સલ મોકલી શકશે

પાલનપુર

ગઈકાલે સોમવારે પાલનપુર હેડ પોસ્ટ ઓફિસમા આંતર રાષ્ટ્રીય ટ્રેક પેકેટ સેવાની શરૂઆત કરવામાં આવી છે. આ સેવાના પ્રથમ ગ્રાહક રઘનાથભાઈ હરિભાઈ પટેલનું સુરેન્દ્ર ગુપ્તા દ્વારા સ્વાગત કરી, તેમનું પાર્સલ હોંગકોંગ દેશ માટે બુક કરવામાં આવ્યું. આ સેવાનો નાગરિકોએ લાભ લેવા એચ.સી.જોષી (અધિક્ષક ડાકઘર બનાસકાંઠા વિભાગ, પાલનપુર) એ અનુરોધ કર્યો છે.

અત્રે ઉલ્લેખનિય છે કે બનાસકાંઠા જિલ્લાના મુખ્યાલય પાલનપુર ખાતે અગાઉ પાસપોર્ટ કચેરી કાર્યરત કરાઈ છે અને હવે ગઈકાલે ટપાલ દિવસથી હેડ પોસ્ટ ઓફિસમાં આંતરરાષ્ટ્રીય ટ્રેક પેકેટ સેવાનો પ્રારંભ કરાયો છે. જેથી નાગરિકો એશિયા- પેસેફિક દેશોમાં પાર્સલો મોકલી શકશે. જેથી આ સેવા નાના -મોટા તમામ ઉદ્યોગકારો અને વિદેશ વસતા નાગરિકોના પરિવારજનો માટે બહુઉપયોગી સાબિત થશે.

# કડવા ચોથ...



પતિના દિર્ઘાયુ અને સુખી લગ્ન જીવન માટે મહિલાઓ કડવા ચોથનું વ્રત રાખે છે ત્યારે ડીસાના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં રહેતી મહિલાઓ પણ કડવા ચોથનું વ્રત રાખી પૂજા- અર્ચના કરી હતી.

# બેલ્જીયમના નિવૃત્ત આર્કીટેક મીચેલીન ડુમેલાઈન સાથે મુલાકાત



ડીસા

ડીસાની ગોગાઢાણી પ્રા.શાળા ખાતે પધારેલા બેલ્જીયમના નિવૃત્ત આર્કીટિક મીચેલીન ડુમેલાઈન ૮૫ (પંચ્ચાયાસી દિવસ) ભારતમાં વિતાવવાના છે. સાથે સાથે વિવિધ શાળાઓ - ગામડાઓના બાળકો સાથે મુલાકાત લેશે. અને પોતાના શિક્ષણના પાઠો જેવા કે સ્વરક્ષણ- સમાજીક - નૃત્ય જેવા સંસ્કારોનું સિંચન કરશે. ગતરોજ તેઓએ ડીસાના સામાજિક કાર્યકર અને ચિત્રશિક્ષક ચંદુભાઈ એ.ટી.ડી.ની રૂબરૂ મુલાકાત લઈ પ્રભાવિત થયા હતા. જેઓને આજના સમાજના - વ્યસનો - ભૃણહત્યા - પ્યાવરણ - વસ્તીવધારો - પ્રદૂષણ - ટ્રાફિક જેવા પર્યાવરણ લક્ષી પ્રશ્નો જેની ચિત્રો દ્વારા રૂબરૂ દર્શાવી સાથે પ્રશ્નોત્તરી કરીને વાકેફ કર્યા હતા. તેમજ શાળાકક્ષાએ બનાવેલી સ્વચ્છતા મિશન લઘુ ફિલ્મ દર્શાવી હતી.

# ખીમાણા દૂધ ઉ.સહ.મંડળી દ્વારા પશુ વંધ્યત્વ નિવારણ કેમ્પ યોજાયો

પ્રતિનિધિ ખીમાણા

કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન અને બનાસડેરી સંચાલિત પશુ વંધ્યત્વ (એફ.આઈ.પી.) કેમ્પનું આયોજન કરવામાં આવેલ. મંડળીના ચેરમેન ખટાણા સુરેશકુમાર, મંત્રી ઈશ્વરભાઈ દેસાઈ, સહમંત્રી, સોલંકી વિષ્ણુભાઈ, એ.આઈ. બાબુજી પરમાર તથા સાથી કર્મચારીઓ દ્વારા કેમ્પનું આયોજન કરેલ. બનાસ ડેરીના વેટનરી ઓફિસર ડૉ.આર.સી. પટેલ, ડૉ.ડી.એન. પટેલ, પ્રકાશ જોષી હાજર રહી આ કેમ્પને સફળ બનાવ્યો હતો. આ કેમ્પમાં ગાય તથા ભેંસ આશરે ૧૧૭ નું નિદાન કરવામાં આવેલ. આ કેમ્પનો મુખ્ય હેતુ એ છે કે દૂધ


વિષ્ણુ સોલંકી

ઉત્પાદકોના પશુ ગરમીમાં ન આવતા હોય તેમજ વારંવાર ઉથલા મારતાં ગર્ભાશયની બિમારીવાળા પશુઓની નોંધણી કરી ટેગ મારી સારવાર કરવામાં આવી હતી. આવી નિદાન અને સારવાર માટે વર્ષમાં ચાર વખત કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ કેમ્પમાં આવેલ પશુ નિયત ધારાધોરણ અને સમય મર્યાદામાં ગાભણ થશે. તો બનાસ ડેરી દ્વારા બનાસદાણ બોરી નંગ બે (૭૦ કિ.ગ્રા) વિનામુલ્યે આપવામાં આવશે.

# ગણતા પ્રાથમિક શાળામાં ૬૦૦ જેટલા બાળકોને તિથી ભોજન અપાયું

પ્રતિનિધિ ગણતા

બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના ગણતા ગામની ગણતા પ્રાથમિક શાળા, સરસ્વતી પ્રાથમિક શાળા, અને ગોગાપુરા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અંદાજે ૬૦૦ જેટલા બાળકોને ભારતીય કિસાન સંઘ લાખણી તાલુકા પ્રમુખ રાજપૂત અણદાભાઈ ખેમાભાઈ પરિવાર તરફથી તીથી ભોજન આપવામાં આવ્યું



હતું.બાળકોને ભોજનમાં મીઠાઇ, પુરી, શાક, દાળ, ભાત પિરસવામાં આવ્યા હતા. આ પ્રસંગે નાનજીભાઈ રાજપૂત, નરસંગભાઈ રાજપૂત,

અનુસંધાન પાના નં.૬


## જાહેર હરાજી

શ્રી ગોઢા પ્રાથમિક શાળા તા.લાખણી, જિ.બ.કાં. દ્વારા જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, અત્રેની ગોઢા પ્રા.શાળા, તા.લાખણીના ઉભા ડેમેઝરૂમ સિમેન્ટના પતરાંવાળા-૩ અને સિન્ટેક્ષ રૂમ-૧ એમ કુલ-૪ (ચાર) રૂમોની સંયુકત જાહેર હરાજી નિયત સમયમાં તળિયું સમતળ કરી આપવાની શરતે ગોઢા પ્રાથમિક શાળા, તા.લાખણી ખાતે તા.૧૪/૧૦/૨૦૧૭ ને શનિવારના રોજ ૧૨:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છુક પાર્ટીએ નિયત ડીપોઝીટ જમા કરાવવાની રહેશે. હરાજીની બોલીઓ અને શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે. હરાજી અંગેનો સર્વે હકક એસ.એમ.સી. ગોઢાનો રહેશે.

અધ્યક્ષશ્રી, એસ.એમ.સી. ગોઢા પ્રા.શાળા, તા.લાખણી

આચાર્યશ્રી, ગોઢા પ્રા.શાળા, તા.લાખણી


# દિયોદર તાલુકાના કોતરવાડા ગામે હવન યોજાયો


નટુજી ઠાકોર

પ્રતિનિધિ કોતરવાડા

દિયોદર તાલુકાના કોતરવાડા ગામે આસો વદ ૪ ને તા.૯/૧૦/૨૦૧૭ ના રોજ હવન યોજવામાં આવ્યો હતો. આ હવનમાં તેજાભાઈ ઠાકોર, તેમજ તેમના ધર્મ પત્ની જોષનાબેન ઠાકોરે બેસવાનો લાભ લીધો હતો. આ હવનમાં દિપકભાઈ શાસ્ત્રી દ્વારા વૈદિક મંત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે દશરથજી ઠાકોર, ભરતજી ઠાકોર સરપંચ, મગનજી ઠાકોર તેમજ માતાઓ બહેનોએ હાજર રહીને હવનનો અને પ્રસાદનો લાભ લીધો હતો.


## જોઈએ છે

શ્રી નવજાગૃતિ કેળવણી કલ્યાણ સંઘ પાલનપુર સંચાલિત નવજાગૃતિ કેળવણી કુમાર છાત્રાલય (અ.જા.) પાલનપુર માટે નીચેની જગ્યાઓ માટે જરૂરી લાયકાત ધરાવતા અનુસૂચિત જાતિના ઉમેદવારોએ પોતાના શૈક્ષણિક લાયકાતના તેમજ અનુભવના પ્રમાણપત્રો સાથે તા.૧૫/૧૦/૨૦૧૭ ના રોજ બપોરે ૧-૦૦ કલાકે સમાજની વાડી શ્રીમાળી સોસાયટી, સોનબાગ, મીરાગેટ બહાર પાલનપુર (જિ.બનાસકાંઠા) ખાતે સ્વખર્ચે રૂબરૂ હાજર રહેવું.

| | |
|---|---|
| ગૃહપતિ | - ૧ ધોરણ ૧૨ પાસ અથવા સ્નાતક ઉ.વ.૧૮ થી ૩૫ |
| રસોયા | - ૧ ધોરણ - ૭ પાસ ઉ.વ.૧૮ થી ૩૫ |
| ચોકીદાર | - ૧ ધોરણ - ૭ પાસ ઉ.વ.૧૮ થી ૩૫ |

પગાર સરકારશ્રીના પ્રવર્તમાન નીતિનિયમો મુજબ મળવાપત્ર

પ્રમુખ

શ્રી નવજાગૃતિ કેળવણી કલ્યાણ સંઘ, પાલનપુર

# તંત્રી સ્થાનેથી ...

## પ્રાણીમાત્રની સેવા કરવી એજ સાચી ઈશ્વરીય પૂજા છે.

## વિધાનસભાની ચૂંટણીમાં અગરિયાઓને મતદાન કરવું મુશ્કેલ બનશે

ગુજરાત વિધાનસભાની ચૂંટણી હવે નજીક આવી રહી છે અને ચૂંટણીપંચ દ્વારા ચૂંટણીની જાહેરાત ટુંક સમયમાં થનાર છે. જેથી ચૂંટણીપંચ અને રાજકીય પક્ષોએ ચૂંટણીની તૈયારીઓના શ્રીગણેશ કરી દીધા છે. રાજયમાં ખાસ કરીને ભાજપ અને કોંગ્રેસ દ્વારા ચૂંટણી જાહેર થાય તે અગાઉ જ ખાનગી બેઠકો અને પ્રચારનો દોર શરૂ કરી દીધો છે. અને અનેક જાતના દાવા કરવામાં આવી રહ્યા છે.

ત્યારે કચ્છના નાના રણમાં મીઠું પકવતા કામદારો એટલે અગરિયાઓ માટે મતદાન કરવું સહેલું નથી. જો કે હાલમાં અગરિયાઓના પ્રશ્નોને યોગ્ય રીતે વાચા આપવામાં આવતી નથી. તેમના મોટાભાગના પ્રશ્નો જૈસે થે જેવી સ્થિતિમાં જ જણાય છે. આ વખતે ચૂંટણીનું મતદાન ડિસેમ્બરના પહેલા વીકમાં હશે તેવું જણાય છે. અને તે વખતે કચ્છના નાના રણમાં મીઠુ પકવવાની સિઝન હોય છે. જો અગરિયાઓને વોટ આપવો હશે તો ૪૦ કિલોમીટરનું અંતર કાપવું પડે તેમ છે.

એવું કહેવાય છે કચ્છના નાના રણની અંદર આશરે ૨૫૦૦૦ થી વધુ અગરિયાઓ કાર્યરત છે. આ તમામ તેમના પરિવારો મુકીને કઈ રીતે મતદાન કરવા જશે તે બાબતે કચ્છના લાગતા વળગતા તંત્ર દ્વારા અગરિયાઓને મતદાન માટે લાવવા લઈ જવાની યોગ્ય વ્યવસ્થા થશે કે નહિં. તે સવાલ મહત્વનો માની શકાય. જો કે ભાજપ કે કોંગ્રેસના ઉમેદવારોને અગરિયાઓના મત લેવા હશે તો તેઓએ જ આ વ્યવસ્થા કરવાની રહેશે. ગરીબ અને સામાન્ય વર્ગના અગરિયાઓ ભાડું ખર્ચીને ૪૦ કિ.મી. દૂર જઈ શકશે નહિં. જો કે ચૂંટણી પંચ દ્વાર આ બાબતની વ્યવસ્થા થવી જોઈએ, જો યોગ્ય વ્યવસ્થા નહિં થાય તો અગરિયાઓ મતદાનથી વંચિત રહી જશે. આ બાબતે તંત્રની ઘોર ઉદાસીનતા ચાલી શકે નહિં.

કચ્છના નાના રણમાં બાર મહિનામાં સાતેક મહિના મીઠું પકવવાની સિઝન હોય છે, દર વર્ષે કચ્છમાં ઓક્ટોબરથી માંડી એપ્રિલ સુધી મીઠું પકવવાની પ્રક્રિયા ચાલતી હોય છે. છેલ્લી કેટલીય ચૂંટણીની માફક અગરિયાઓએ કામના સ્થળેથી વોટ આપવા માટે ગયા પછી પોતાના ગામ પરત ફરવું પડે છે.

૨૫૦૦૦ થી વધુ અગરિયાઓ મતદાનથી વંચિત રહી ન જાય તે માટે રાજકીય પક્ષોએ આ બાબતની વ્યવસ્થા કરવી પડશે. તેઓએ ચૂંટણી પંચના વડા સામે આ અંગે બેઠક યોજવી જોઈએ. જો રાજકીય પક્ષો આ અંગે યોગ્ય કરશે તો તેઓને જ લાભ થવાની શક્યતાને નકારી શકાય તેમ નથી.

અગરિયાઓ માટે કામ કરતી સંસ્થા અગરિયા હિત રક્ષક મંચના એક સભ્યના જણાવ્યા અનુસાર અન્ય સુવિધાઓની જેમ ચૂંટણીમાં સગવડ કે વ્યવસ્થા થતી નથી. સંસ્થાઓ ચૂંટણીમાં મત આપવા માટે તેમનામાં જાગૃતિ આવે તેના માટે પણ પ્રયાસ કરતી હોય છે. કચ્છના ૧૦ થી ૧૫ ગાડાઓની સાથે મોરબી- પાટણ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૮ હજાર જેટલા પરિવારો આવેલા છે. જેમાં એક પરિવારમાં ત્રણેક જેટલા વયસ્ક લોકો મત આપી શકે તેમ છે.

## પાયરેટસને પરાજય આપી જાયન્ટસનો ચોથો વિજય



ગુજરાત ફોરચ્યુન જાયન્ટસે ઈન્ટરઝોન વાઈલ્ડ કાર્ડ ચેલેન્જમાં અગાઉના ચેમ્પિયન પટના પારેટસને રવિવારે જયપુરમાં ૩૩-૨૯થી પરાજય આપીને તે વીવો પ્રો કબ્બડી લીગની સીઝન -૫ના પ્લે-ઓફફ સ્ટેજમાં પહોંચી ગઈ છે. ગુજરાત ફોરચ્યુનજાયન્ટસનો પ્રદીપ નરવાલની ટીમ સામે આ બીજો વિજય હતો. રવિવારની મેચ પછી જાયન્ટસના ૨૦ મેચમાં૭૭ પોઈન્ટ થયાછે અને તે ઝોન-એમાંથી પ્લે ઓફફમાં પ્રવેશનારી પ્રથમ ટીમ બની છે. આ મેચ ખૂબ જ રોમાંચકારી બની રહી હતી કારણ કેપટના પાયરેટસના કેપ્ટન અને સીઝનના ટોચના રેઈડર પ્રદીપ નરવાલે લીગની સૌથી સબળ ડિફેન્સ ધરાવતી ટીમ ગુજરાત ફોરચ્યુન જાયન્ટસનો સામનો કરવાનો થયો હતો.

જાયન્ટસના ડિફેન્ડર્સે સુકેશની જગાએ કેપ્ટન તરીકે ફરજ બજાવી રહેલા ફેઝલ અત્રાચલીએ સમયની માંગ અનુસાર રમત રમીનેપ્રદીપ નરવાલને શાંત કરી દીધા હતા. નરવાલને આ રેઈડીંગ સીઝનમાં૨૪૦ થી વધુ રેઈડીંગ પોઈન્ટ મળેલા છે, તે એ મેચમાંમાત્ર ૪ પોઈન્ટ મેળવી શક્યા હતા. રવિવારે તેમની ૮ રેઈડ અસફળ અને અને ૫ રેઈડ ખાલી રહી હતી.સેકન્ડ હાફમાં બેન્ચઉપરથી રમવા આવેલા મહેન્દ્ર રાજપૂત બેસ્ટ રેઈડરનો એવોર્ડ મેળવી ગયા હતા. જો કે સચિન (તનવર) અથવા તો રોહિત(ગુલીયા) સ્કોર કરી શક્યા ન હતા પણ મહેન્દ્રએ સારી રમત રમી હતી.આમ છતાં આ મેચ અત્રાચલીના નામે રહી, તેમણે આ મેચમાં ચોથી વાર હાઈ-ફાઈવ મેળવ્યા હતા. અત્રાચલીએ ૫૦૦ પીકેએલપોઈન્ટ પૂરા કરનાર નરવાલને શાંત કરી દીધા હતા અને પટના પાયરેટસની પાર્ટી બગાડી દીધી હતી. અત્રાચલીએ અદભૂતએન્કલ હોલ્ડ ટેકલ દ્વારા નરવાલનેપછાડ્યા હતા. અત્રાચલીને મેચના સૌથી ભરોસાપાત્ર ખેલાડી જાહેર કરવામાં આવ્યા હતા.

### આત્મચિંતન

## આત્મસુધારણાનો સરળ માર્ગ સેવા

પાપનું પરિણામ પાપ જ હોય છે. બુરાઈનું ફળ બુરું અને ભલાઈનું ભલું.. બધાએ આનો સ્વીકાર કર્યો છે. મનુષ્ય જેવો અભ્યાસ કરે છે તેવો જ તે બનશે. આથી શુભની પ્રાપ્તિ માટે, સદ્ગુણોની વૃધ્ધિ માટે આચારશાસત્રમાં પરમાર્થ, સેવા, દાન, પુણ્ય, ઉપાસના, વ્રત વગેરેને ધર્મ માનીને જીવનમાં મુખ્ય સ્થાન આપ્યું છે. જો મનુષ્ય પોતાના જીવનમાં સુધારો કરવા ઈચ્છે, શુભની આકાંક્ષા રાખે તો બીજાઓને માટે તે જ વિચારે, જે તે પોતાને માટે વિચારે છે, બીજાઓના દુઃખ દુર કરવા, મુશ્કેલીઓમાં મદદ કરવા, તેમને સુધારવા, તેમના હિતને માટે તે જ પ્રયત્ન કરવામાં આવે, જે મનુષ્ય પોતાને માટે કરે છે આથી મનુષ્યના દુઃખ, પરેશાનીઓ તથા સમસ્યાઓ જાતે જ દુર થઈ જશે. માનસિક ગુંચવણોનો ઉકેલ આવી જશે.

પોતાની બુરાઈઓ સાથે લડતા તે વધારે પ્રબળ બની જાય છે. આવી હાલતમાં તેમની સાથે લડીને વિજય મેળવવો મુશ્કેલ હોય છે. પોતાની બુરાઈઓમાં સુધારો લાવવા માટે તેમની સાથે સીધા ન લડતાં બીજાઓના હીત, સેવા તથા કલ્યાણમાં પોતાની શક્તિ ખર્ચવી જોઈએ. આથી જે લાભ બીજાઓને મળવો જોઈએ તે આપણને પણ સહજ રીતે પ્રાપ્ત થઈ જાય છે. પરમાર્થ તથા પરહીત સાધનાની પુણ્યપ્રક્રિયામાં મનુષ્યના પોતાના દોષો, બુરાઈઓ વગેરે પણ દુર થઈ જાય છે અને બમણો લાભ મળે છે.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## સિદ્ધાંત ઝિંઝુવાડીયા અને મૈત્રી ચૌહાણનો ઓપ્પો ટાઈમ્સ ફ્રેશ ફેસની ૧૦મી એડીશનના અમદાવાદ સિટી ફિનાલેમાં ભવ્ય વિજય




અમદાવાદ
ઓપ્પો સાથેના સહયોગથી ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા ઓપ્પો ટાઈમ્સ ફ્રેશ ફેસ ૨૦૧૭ની ભારતની કોલેજોમાંથી સૌથી યોગ્ય વ્યક્તિત્વ અને પ્રતિભાને શોધવાની સ્પર્ધાની ૧૦મી એડીશનનું આયોજન કરાયું હતું. ભારતની આ સૌથી વિશાળ ઈન્ટર કોલેજ ટેલેન્ટ હન્ટ કોન્ટેસ્ટનું આયોજન ૧૧ શહેરોમાં અને અનેક કોલેજોમાં કરવામાં આવ્યું હતું, જેના અમદાવાદ ખાતે સમાપ્ત થયેલા રાઉન્ડમાં સિદ્ધાંત ઝિંઝુવાડિયા અને મૈત્રી ચૌહાણે સિટી ફિનાલેમાં વિજય મેળવ્યો હતો.સિદ્ધાંતનું બોડી બિલ્ડીંગ અને ડાન્સિંગના અનોખા કોમ્બિનેશને જજીસના દિલ જીતી લીધા અને મૈત્રીના ડાન્સિંગ મૂળ્ઝથી ઓડિયન્સ અને જજીસ ભારે રોમાંચિત થઈ ગયા હતા. સ્પર્ધકોનું મૂલ્યાંકન તેમની પ્રતિભાના આધારે કરાયું હતું. તેઓ પોતે જે માર્ગ પર ચાલે છે, તેમના કરન્ટ અફેર્સ અંગેના જ્ઞાન વગેરેની ચકાસણી જજીસની પેનલ દ્વારા કરાઈ હતી જેમાં ટીવી એક્ટ્રેસ ઈશા કંસારા, જાણીતા ડિઝાઈનર આશિષ પરીખ પણ સામેલ હતા.

સિટીના વિજેતાઓ રાષ્ટ્રીય સ્તરે ગ્રાન્ડ ફિનાલેમાં સામેલ થશે જે મુંબઈમાં યોજાશે. બે રાષ્ટ્રીય વિજેતાઓને ઓપ્પો એફથી સેલ્ફી એક્સપર્ટ ડ્યુઅલ સેલ્ફી કેમેરા ફોન અને ઈન્ટરનેશનલ ટ્રીપ પુરસ્કાર તરીકે એનાયત કરવામાં આવશે.ઓપ્પો ટાઈમ્સ ફ્રેશ ફેસ વિસ્તરિત ટેલેન્ટ પૂલ બન્યું છે કે જ્યાં દર વર્ષે વિદ્યાર્થીઓ તેમની કેટલીક અપેક્ષિત સ્કીલ્સને આ એડિશનના થીમ - વ્હોટ ઈઝ યોર ફ્રેશ ફેક્ટર? દર્શાવી શકે છે.

## બહુપ્રતિભાશાળી અભિનેતા અનંત મહાદેવન આદત સે મજબૂર સાથે કમબેક વિશે વાત કરે છે



પીઢ અભિનેતા અને દિગ્દર્શક અનંત મહાદેવન સોની સબ પર આગામી શો આદત સે મજબૂર સાથે ટેલિવિઝન પર અભિનય જગતમાં પાછો આવી રહ્યો છે. તે સિટી ચક્કર નામે મેગેઝીન ચલાવતા પ્રકાશન ગૃહનો માલિક બતાવવામાં આવ્યો છે. તેનું પાત્ર બહુ જ ધારદાર છે, જે એકસાથે ઘણાં બધાં કામો કરવાનો પ્રયાસ કરે છે, પરંતુ તેને લીધે એકેય કામ પૂરું કરી શકતો નથી. તેને કર્મચારીઓને ખડેપગે રાખવાનું ગમે છે. અનંત રિયાનો અંકલ તરીકે જોવા મળશે. રિયા કંપનીમાં ફીચર રાઈટર તરીકે જોડાય છે. રિયા ભત્રીજી હોવાથી અને કંપનીની માલિક પણ હોવાથી હંમેશાં તેની તરફેણ કરે છે. અનંત શોમાં તેની આ ભૂમિકા વિશે વધુ ઊંડાણથી ડોકિયું કરાવે છેઃ

**૧. તમે આદત સે મજબૂર જેવો કોમેડી શો શા માટે પસંદ કર્યો?**

ઉત્તરઃ હું ટેલિવિઝનથી કોઈ ઈરાદાથી દૂર રહ્યો નહોતો. જોકે ભારતીય ટેલિવિઝન પરના મારા સંજોગો ઉત્સુકતા જગાવનારા નથી. મેં ૧૯૮૩માં ભારતીય ટેલિવિઝન પર કારકિર્દી શરૂ કરી હતી. મેં સઈ પરાંજપે, હૃષિકેશ મુખરજી અને ગુલઝાર જેવા ફિલ્મ નિર્માતાઓ જોડે કામ કર્યું છે. તેમણે સિરિયલો બનાવીને નવો પ્રવાહ શરૂ કર્યો હતો. તેમણે ઉચ્ચ ધોરણો સ્થાપિત કર્યાં હતાં, જેનું અનુકરણ કરવાનું મુશ્કેલ છે. આ પછી મેં ૧૯૯૦માં ટેલિવિઝન પર દિગ્દર્શન શરૂ કર્યું ત્યારે અભિનેતા તરીકે મને કશું રોમાંચિત કરનારું જણાયું નથી. જોતા રહો અનંત મહાદેવન, આદત સે મજબૂર, ૩ ઓક્ટોબરથી શુભારંભ, સોમવારથી શુક્રવાર, સાંજે ૭.૩૦, ફક્ત સોની સબ પર!

## આજની યુવાપેઢીમાં ચાલતી ગુનાહિત પ્રવૃતિ પર ફોકસ કરતી ફિલ્મ 'ધી એન્ડ'



અમદાવાદ
'ધી એન્ડ' ફિલ્મ યુવા પેઢી પર આધારિત એક થ્રિલર ફિલ્મ છે. આજના યુવા વર્ગમાં થતી ગુનાહિત પ્રવૃતિ પર ફોકસ કરતી આ ફિલ્મ રહસ્ય, રોમાંચ અને ભેદથી ભરપુર છે આ ફિલ્મમાં કોલેજ કેમ્પસની વાત કરવામાં આવી છે જ્યાં અમુક અમીર બાપના નબીરાઓ કેમ્પસમાં રેગિંગનું દુશણ કરીને નવા અને જુના સ્ટુડન્ટને હેરાન અને પરેશાન કરતા હોય છે.એવામાં એક હોશિયાર સ્ટુડન્ટ આ ગુના સામે અવાજ ઉઠાવે છે. અને એ ગેરકાયદેસર હરકત બંધ કરવાનો પ્રયત્ન શરુ કરે છે. પણ ત્યાંજ એક રાત્રે તે સ્ટુડન્ટનું કોઈ અજાણ્યા માસ્ક મેન દ્વારા હત્યા કરવામાં આવે છે. ફિલ્મમાં મુખ્ય પાત્રમાં પ્રાંજલ ભટ્ટ જેમણે ૨૦ થી પણ વધારે ફિલ્મમાં કામ કર્યું છે અને પ્રોડ્યુસર તરીકે તેમની આ પ્રથમ ફિલ્મ છે. ફિલ્મના ડિરેક્ટર અને રાઈટર યોગેશ જોષી છે અને અન્ય પાત્રોમાં રોનક પંડ્યા, વિકાસ ચૌધરી, સુષ્મા જાદવ અને તૃષ્ણા જોવા મળશે. વાત કરીએ ફિલ્મના મ્યુઝિકની તો ફિલ્મનું મધુર સંગીત મૌલિક મહેતાએ આપ્યું છે. ફિલ્મ આ દિવાળીના શુભ પર્વે રાજ્યભરમાં રિલીઝ થવા જઈ રહી છે, યુટ્યુબ પર ફક્ત ૨૪ કલાકમાં સૌથી વધારે લોકોએ આ ફિલ્મનો પ્રોમો નિહાળ્યો છે, ઉલ્લેખનીય છે કે આ ફિલ્મમાં હાઈટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ફિલ્મ સારી પ્રોડક્શન સાથે રજુ કરવામાં આવશે. ત્યારે આવો આ તહેવારે ગુનાહિત અંધકારને સાહસના દીપ પ્રગટાવીને દૂર કરીએ.

## વોડાફોને ગુજરાતમાં ગ્રાહકનાં મોબાઈલ નંબર સાથે આધારને લિન્ક કરવાની સુવિધા આંગળીનાં ટેરવે આપી

વોડાફોન ઈન્ડિયાએ ગુજરાત સર્કલમાં વોડાફોન સ્ટોર્સ અને ૭૦૦૦૦ મલ્ટિ બ્રાન્ડ આઉટલેટ્સ સહિત તમામ રિટેલ ટચ પોઈન્ટ પર આધાર સાથે વર્તમાન મોબાઈલ નંબર લિન્ક કરવાની સુવિધા શરૂ કરી છે. વર્તમાન નંબર સાથે આધાર જોડવાની સુવિધા ગુજરાતમાં વોડાફોનનાં તમામ ગ્રાહકો માટે ઉપલબ્ધ છે. ગુજરાત સર્કલમાં ૮૦ લાખથી વધારે ગ્રાહકોએ તેમનાં સિમ સાથે તેમનાં આધાર એકાઉન્ટને જોડીને આ સેવાનો ઉપયોગ કર્યો છે. વોડાફોન નવા ગ્રાહકો માટે આ સરળ ફ્રી ઈ-કેવાયસી એક્ટિવેશન અને વર્તમાન ગ્રાહકો માટે નિઃશુલ્ક રિ-વેરિફિકેશન સેવા ઓફર કરનાર ગુજરાતમાંપ્રથમ ટેલીકોમ સર્વિસ પ્રોવાઈડર્સમાં સામેલ છે, જેમાં ગ્રાહકો ગણતરીની મિનિટોમાં તેમનાં એકાઉન્ટને રિ-વેરિફાઈ કરી શકે છે. જવાબદાર કોર્પોરેટ તરીકે વોડાફોન ઈન્ડિયાએ તમામ વર્તમાન ગ્રાહકોને શક્ય તેટલી વહેલી તકે તેમનાં મોબાઈલ નંબરને આધાર સાથે લિન્ક કરવાની જાણકારી પણઆપી છે. ભારત સરકારે વર્તમાન પ્રીપેઈડ અને પોસ્ટ-પેઈડ ગ્રાહકો માટે આધાર ઓળખ નંબર અને બાયોમેટ્રિક વિગતોનો ઉપયોગ કરીને રિ-વેરિફિકેશનકરવાનું ફરજિયાત બનાવતાં વોડાફોને આ પહેલ શરૂ કરી છે. તેનાથી વોડાફોનનાં ગ્રાહકોને સતત મોબાઈલ કનેક્ટિવિટીનો લાભ મળતો રહેશે. ઈ-કેવાયસી સોલ્યુશન તાત્કાલિક, સુરક્ષિત અને પર્યાવરણને અનુકૂળ સબસ્ક્રાઈબર વેરિફિકેશન પ્રક્રિયા છે, જેમાં પ્રીપેઈડ અને પોસ્ટ-પેઈડ કનેક્શનનાં વેલિડેશન અને એક્ટિવેશન માટે ગ્રાહકનું આધાર કાર્ડ અને ફિંગરપ્રિન્ટ પર્યાપ્ત છે.

## બિઝનેસની સાથે સાથે આનંદ પ્રમોદ- એમવે ઈન્ડીયા અને અરેબિયન એડવેન્ચર્સ (MIE) ના સહયોગથી ડિસેમ્બર, ૨૦૧૭માં એમવે લીડરશિપ બિઝનેસ સેમિનાર યોજાશે



અમદાવાદ
અરેબિયન એડવેન્ચર્સ, મીટીંગ, ઈન્સેન્ટીવ્ઝ એન્ડ ઈવેન્ટસ કે જે આ પ્રદેશની અગ્રણી ડેસ્ટીનેશન મેનેજમેન્ટ કંપની ગણાય છે, તે કંપનીની પસંદગી એમવે ઈન્ડીયા દ્વારા દેશના સૌથી મોટા ઈન્સેન્ટીવ ગ્રુપ એટલે કે ૪,૦૦૦થી વધુ વિતરકોની યુએઈની મુલાકાત માટે કરવામાં આવી છે. પેરિસ, ઈન્ડોનેશિયા અને દ.આફ્રિકાની સફળ ઈન્સેન્ટીવ ટુર પછી, એમવે ઈન્ડીયા તેમના વર્ષ ૨૦૧૭ના સમારંભ માટે, યાદગાર સ્થળ બની રહેવાનાં તમામ પાસાં ધરાવતુ હોય તેવા સ્થળની પસંદગીની શોધમાં હતું. આખરે દુબઈ પર પસંદગી ઉતારવામાં આવી અને અરેબિયન એડવેન્ચર્સ, મીટીંગ, ઈન્સેન્ટીવ્ઝ એન્ડ ઈવેન્ટસની પસંદગી આ પ્રોજેક્ટ પાર પાડવા માટે સ્થાનિક જ્ઞાન, નિપુણતા તેમજ મોટાપાયે ઈવેન્ટસનું આયોજન કરી શકવાની બાબતને ધ્યાનમાં રાખીને કરવામાં આવી. આ પ્રકારનાં મોટાં પ્રોત્સાહનો પૂરાં પાડવાં તે વિશેષ કૌશલ્ય માગી લેતું કામ છે. દુનિયાના આ વિશેષ ભાગ,ત્યાનાં લોકો પૌરાણિક વિશિષ્ટ સંસ્કૃતિ, આધુનિક અજાયબીઓ અંગે તમારે મહેમાનો અને તેમના પરિવારોને ઉંડી સમજ પૂરી પાડવાની રહે છે અને તેમને રોમાંચ તથા નીકટતાનો અનુભવ થાય તેવુ રોમાંચક વાતાવરણ પૂરૂ પાડવાનું રહે છે.

## અશોક લેલેન્ડે એસસીવી સેગમેન્ટનાં અપર એન્ડ ગ્રાહકોની જરૂરિયાતો પૂર્ણ કરવા ૨.૭૫ ટન જીવીડબલ્યુ સાથે 'દોસ્ત+' લોંચ કર્યું




અમદાવાદ
હિંદુજા ગ્રૂપની ફ્લેગશિપ કંપની અને ભારતમાં સૌથી મોટી કમર્શિયલ વ્હિકલ ઉત્પાદક કંપનીઓમાં સામેલ અશોક લેલેન્ડે આજે અમદાવાદમાં નવું લાઈટ કમર્શિયલ વ્હિકલ (એલસીવી) 'દોસ્ત+' લોંચ કર્યું હતું. અશોક લેલેન્ડે કમર્શિયલરીતે સફળ 'દોસ્ત'ન લોંચ કરીને લાઈટ કમર્શિયલ વ્હિકલ સ્પેસમાં પ્રવેશ કર્યો હતો. 'દોસ્ત+' લોંચ કરવાની સાથે અશોક લેલેન્ડે દોસ્ત બ્રાન્ડને વધુ મજબૂત કરી છે. 'દોસ્ત+' ૨ ટનથી ૩.૫ ટન ગ્રોસ વ્હિકલ વેઈટ (જીવીડબલ્યુ) સેગમેન્ટમાં સ્મોલ કમર્શિયલ વ્હિકલ (એસસીવી) સેગમેન્ટમાં અપર એન્ડની જરૂરિયાતો પૂર્ણ કરશે તથા તે ૧.૪૭૫ ટનની પેલોડ ક્ષમતા ધરાવે છે. વાર સ્ટિઅરિંગ વર્ઝન ધરાવતાં 'દોસ્ત+'ની કિંમત અમદાવાદમાં એક્સ-શોરૂમ રૂ. ૫,૫૯,૮૮૬થી શરૂ થશે. 'દોસ્ત+'ની સાથે દોસ્તનું વેચાણ ચાલુ રહેશે, જે અશોક લેલેન્ડને એલસીવી સેગમેન્ટમાં વધુ બજાર હિસ્સો મેળવવામાં મદદ કરશે. અર્થતંત્રમાં તેજી આવી રહી છે, હબ એન્ડ સ્પોક ટ્રાન્સપોર્ટેશન મોડલ પર ધ્યાન કેન્દ્રિત થઈ રહ્યું છે, જીએસટીનો અમલ થયો છે તથા સંગઠિત રિટેલ, ઈકોમર્સ અને સંબંધિત ઉદ્યોગોમાં વૃદ્ધિ થવાની સાથે એલસીવી સેગમેન્ટ વૃદ્ધિ થવા માટે સજ્જ છે. "અત્યારે બજારમાં ૧.૭ લાખથી વધારેદોસ્ત કામગીરી કરી રહ્યાં છે, ત્યારે આ બ્રાન્ડ અશોક લેલેન્ડ માટે અતિ સફળ પુરવાર થઈ છે. 'દોસ્ત+' અમારાં વિવિધ પ્રોડક્ટમાંઉમેરાવાથી અમે એલસીવીનાં અપર સેગમેન્ટમાં આ બ્રાન્ડનો ભરોસો અને વિશ્વસનિયતા વધારી છે. પોતાની શ્રેષ્ઠ માઈલેજ, ઉત્કૃષ્ટપિકઅપ, ૧૮ ટકા વધારે પેલોડ, ૭ ટકા વધારે લોડિંગ સ્પેસ અને મોટા ૧૫ ઈંચનાં ટાયર સાથે 'દોસ્ત+' દરેક ટ્રિપમાં વધારે મૂલ્ય ઉમેરશે, જેથી વધારે આવક પેદા થશે.`.

## મિલ્ટન માઈક્રોવાવ વન ટચ કેસરોલ લોન્ચ કર્યુ

અમદાવાદ
જો તમે દરેક નવા ઈનોવેટિવ કિચનવેરથી આકર્ષિત થઈ જતા હોય તો મિલ્ટનના નવામાઈક્રોવાવ વન ટચ કેસરોલના પ્રેમમાં તમે નિશ્ચિત જ પડી જશો. કેસરોલમાંથી મલ્ટીપલ સર્વિંગ્સ જમતી વખતે વચ્ચે જબંને હાથે પીરસવાનું પડકારજનક બનાવે છે. આને કારણે પીરસવાનો અનુભવ સારો રહેતો અને તે સાથે કેસરોલ પણ ડાઘવાળાઅને ગંદા થાય છે. પ્રતીકાત્મક ભારતીય હાઉસવેર બ્રાન્ડ મિલ્ટન દુનિયાના પ્રથમ વન ટચ માઈક્રોવેવેબલ ઈન્સ્યુલેટેડ સ્ટીલકેસરોલ સાથે આ વર્ષે કેસરોલ્સને સ્ટાઈલિશ મેકઓવર આપશે. હા તમે બરોબર જ સાંભળ્યું છે! વન ટચ પુશ બટન ફીચર અનેક વાર પીરસવાનું ઝંઝટમુક્ત બનાવે છે અને પીરસવાની, ખાવાની અને સફાઈની પણ સુવિધામાં ઉમેરો કરો છે, જે દરેક ભારતીય ગૃહિણીની સમસ્યાનો ઉકેલ છે.

નવું અને ઈનોવેટિવ પુશ બટન ફીચરને લીધે ઢાંકણું આપોઆપ ખૂલે છે અને તમે આસાનીથી અનેક વાર પીરસ શકો છો, જેને લીધે ભોજનનો સમય સુવિધાજનક અને આનંદિત બને છે. રસોઈ બનાવવા અને પીરસવામાં અનુકૂળ આ સુવિધાજનક અને આકર્ષક નવીનતા માઈક્રોવેવ સેફ ફીચર સાથે અજોડ રીતે ડિઝાઈન કરવામાં આવી છે, જે તમને અનેક વાર ખાવાનું ફરીથી ગરમ કરવાની આસાની આપે છે. તે ડિટેચેબલ ઢાંકણ સાથે આવે છે, જેને લીધે સફાઈ પણ આસાનીથી થાય છે.

## સિટીની વૈદેહી જીતી ફેનેસ્ટા નેશનલ ટેનિસ ચેમ્પિયનશિપ



અમદાવાદ
સ્પોર્ટ્ ફિલ્ડમાં પણ હવે ગુજરાતનું યૂથ અવ્વલ જોવા મળી રહ્યું છે. દિલ્હી ખાતે યોજાયેલ ફેનેસ્ટા નેશનલ ટેનિસ ચેમ્પિયનશિપ માં સિટીની ગર્લ વૈદેહી ચૌધરી ચેમ્પેઈન થઈ છે. તેણે ફાઈનલમાં સિટિની જ આકાંક્ષાને ૬ - ૩ અને ૬ - ૦ થી હરાવીને વિનરનો તાજ મેળવ્યો હતો.

## કેમ્પસ શુઝ નવા અવતાર સાથે

બજારમાં પોતાની ઉભરતી સ્થિતીને વધારે મજબૂત કરતા અને યુવા ભારતની માંગ પૂરી કરવા માટે દેશની સૌથી મોટી અને સૌથી ઝડપથી વિકાસ પામતી સ્પોર્ટ શૂ બ્રાન્ડ – કેમ્પસ એ(૧૯૯૭ માં રજુ કરવામાં આવેલ) વિશાળ રિબ્રાન્ડીંગ કેમ્પેન રજુ કર્યુ છે. આ પહેલ દ્વારા કંપનીને શ્રેષ્ઠતાના નવા માપદંડો પર ધ્યાન કેન્દ્રીત કરવામાં મદદ મળશે, કારણ કે કંપનીનું ધ્યાન ઝડપી વિકાસ અને વિસ્તાર માટે પોતાના બ્રાન્ડ પોર્ટફોલિયોનું સવોત્તમ સ્થાન સિદ્ધ કરવા પર છે. અનોખા કલર પેલેટ (રંગોનું મિશ્રણ) અને ડિઝાઈનમાં નવીન લોગો, નવી વિચારધારા અને ઈબીઓના માધ્યમ દ્વારા નવીન યુઝર્સ (ગ્રાહકો) કનેકટ અનુભવ સાથે કેમ્પસ શૂઝ ભારતીય અને આંતરરાષ્ટ્રીય બજારમાં વ્યાપક હિસ્સો મેળવાનું લક્ષ્ય રાખે છે. કેમ્પસનો નવો લોગો પ્રગતિશિલતા અને યંગર (યુવા) ડિઝાઈન પર ભાર મૂકે છે. તે સિવાય, સૌથી યુવા, આકાંક્ષી અને શ્રેષ્ઠ પરફોર્મેન્સવાળી બ્રાન્ડ તરીકેનું સ્થાન મેળવવાનું લક્ષ્ય રાખતું કેમ્પસ બજારમાં નવા 'કેમ્પટેક' ટેકનોલોજી આધારિત પ્રોડકટસને રજુ કરશે.યુવાઓ સાથે જોડાવા માટે કંપનીએ વરૂણ ધવન અને ઉભરતી અભિનેત્રી આઈશા શર્માની પસંદગી પોતાના બ્રાન્ડ એમ્બેસેટર તરીકે કરી છે.

## ધીરજ ધૂપર &TV પર દિવાળી ઈવેન્ટમાં ઈજાગ્રસ્ત ઘૂંટણ સાથે પરફોર્મ કરે છે

&TV સ્ટાઈલમાં દિવાશી ઊજવવા માટે સંપૂર્ણ સુસજ્જ છે અને લોકપ્રિય ટેલિવિઝન કલાકારો દ્વારા અમુક ઊર્જાત્મક અને અદભુત પરફોર્મન્સ સાથે સાથે દર્શકોને મંત્રમુગ્ધ કરવા માટે સુસજ્જ છે. એક એક્ટમાં ટેલિવિઝન હંક્સ ધીરજ ધૂપર, વિવેક દાહિયા અને ડાન્સિંગ સુપરસ્ટાર શાંતનુ મહેશ્વરી એકત્ર પરફોર્મ કરીને આ સંધ્યાને યાદગાર બનાવતાં જોવા મળશે.



ધીરજ ધૂપર લોકપ્રિય ગીત ચલતી હૈ ક્યા ૯ સે ૧૨ ગીત પર જોશભેર નૃત્ય કરતો જોવા મળશે ત્યારે બહુ ઓછા લોકો જાણે છે કે આ એક્ટ દરમિયાન તેના ઘૂંટણમાં તીવ્ર દર્દ થતું હતું. એક્ટમાં તે સહેજ લથડિયા ખાતો હતો, પરંતુ તેણે કોઈ મુવ છોડ્યું નહીં અને પરફેક્ટ શોટ આવે નહીં ત્યાં સુધી રિહર્સલ કરવાનું ચાલુ રાખ્યું હતું. અન્ય કલાકારો તેની સ્થિતિ સમજતા હતા અને તેને આધાર આપતા હતા ત્યારે ધીરજે જોશભેર પોતાનો પરફોર્મન્સ પૂરો કર્યો અને દર્શકો પણ તે જોઈને મોહિત થઈ ગયા હતા. આ કલાકારે એક વિખ્યાત કહેવાતની યાદ અપાવીઃ ધ શો મસ્ટ ગો ઓન અને ઈજા અને દર્દ છતાં તેણે એક્ટ પૂર્ણ કર્યો. આ સંપૂર્ણ મોજમસ્તી, ગ્લેમર અને ગરમાગરમ મનોરંજન જોવા માટે જોતા રહો,શ્ન્ની દિવાળી, ૧૪ ઓક્ટોબરે રાત્રે ૮ વાગ્યાથી, ફક્ત &TV પર!

## શહેરમાં આજથી બે મહિના માટે સુપર પ્રમિયમ લીગ -૨૦/૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાશે



અમદાવાદ
શહેરમાં આજથી સુપર પ્રિમિયમ લીગ - ૨૦/૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાશે. કુસ્તીના ક્ષેત્રમાંઆંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધ ધ ગ્રેટ ખલી દ્વારા ટુર્નામેન્ટની શરૂઆત કરાવવામાં આવી હતી. સાંજે ૫ કલાકેએસ.જી.હાઈવે સ્થિત એસજીવીપીના કેમ્પસમાં પ્રી-ઓપનિંગ સેરેમની યોજાઈ હતી. સુપર પ્રિમિયમ લીગ – ૨૦/૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૮ ટીમો રહેશે. દર રવિવારે ૧ મેચ રમાશે., ગુજરાતમાં ક્રિકેટને પ્રોત્સાહન આપવાનાતથા ક્રિકેટ રસિકોના આનંદ માટે દર વર્ષે ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. અમારી સમગ્ર ટીમ સુપર પ્રિમિયમ લીગની શરૂઆત કરવાથી ખુશ છીએ. અમે દર વર્ષે ઓક્ટોબર થી ડિસેમ્બર એમ સતત બે મહિના સુધી સુપર પ્રિમિયમલીગનું આયોજન કરીએ છીએ. ક્રિકેટ ટીમોમાં રણજીત ટ્રોફીના ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. છેલ્લા ૭ વર્ષથી સતત ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. આ લીગની શરૂઆત અગાઉ સિંધી પ્રિમિયર લીગના નામે કરવામાં આવી હતી.સિંધી પ્રિમિયર લીગના બ્રાન્ડ એમ્બેસેડર અને ઉદ્ઘાટન સમારોહના મુખ્ય અતિથિ તરીકે નામાંકિત અભિનેતાશ્રીસુનિલ શેટ્ટી વિશેષ રીતે ઉપસ્થિત રહ્યા હતા. ગત વર્ષે બોલિવુડના અભિનેતા અક્ષય કુમાર પણ ઉપસ્થિત રહીને દર્શકોનો ઉત્સાહ વધાર્યો હતો.

## સોનગઢ ભવ્ય ટ્રાઈબલ ફેસ્ટીવલમાં એક ભારત શ્રેષ્ઠ ભારતના દર્શન



સમગ્ર દેશમાં એક ભારત-શ્રેષ્ઠ ભારતનો વિચાર વાયુવેગે ફેલાઈ રહયો છે ત્યારે સોનગઢમાં આજ થીમને આદીવાસી સંસ્કૃતિના કેન્દ્રમાં રાખીને ટ્રાઈબલ ફેસ્ટીવલ શરુ થવા જઈ રહયો છે જે આનંદ અને ગૌરવની વાત છે. વનબંધુ કલ્યાણ સહીત અનેક યોજનાઓના અસરકારક અમલીકરણ થકી ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં નવુ જોમ પ્રગટયુ છે ત્યારે સોનગઢમાં આજે આ સાંસ્કૃતિક અને સામાજિક વિકાસનો ઉત્સવ દેશને નવી દિશા ચિંધે છે. આ કાર્યક્રમમાં આદિવાસી વિસ્તારના વિકાસની વાત સાથે તેમના સામાજિક અને સાંસ્કૃતિક વિકાસની વાત પણ વણી લેવામાં આવી છે. આ ફેસ્ટીવલમાં મહારાષ્ટ્રથી લઈને સોનગઢ સુધી અને ડાંગના ગામડાથી લઈને ૨૦૦ થી વધુ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કલાકારો ભાગ લઈ રહયા છે.

## સુવાકયો

એક ચિત્રશબ્દો વગરનીફ લખાયેલી કવીતા જેવું છે.
બાળપણમાં કશુંક કરવાનો અને કશુંક બનવાનો સોનેરી સમય હોય છે.
માનવીની સહુથી મોટો મિત્ર એની દસ આંગળીઓ છે.
સાદગી એ સફળતાનું સહુથી મોટું રહસ્ય છે.
ઘણા લોકો મોતથી એટલા બધા ડરી જાય છે કે એ લોકો જીંદગીની શરૂઆત જ નથી કરી શકતા.
દુઃખને શરાબમાં ડુબાડી દેવા માટે જે લોકો શરાબ પીએ છે એમને એ જણાવી દેવુંજરૂરી છે કે દુઃખને તરતાં પણ આવડે છે.
સફળતા અને નિષ્ફળતાને આપણે એકબીજાના દુશ્મન માનીએ છીએ પરંતુ
હકીકતમાં એવું નથી.એ બંને તો મિત્રો છે હીરો અને સાઈડ હીરો છે.

**આરાધના** — નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

## રામાયણ જેવા ગ્રંથોમાં 'જીવનની સફળતાનું રહસ્ય'

તરસ્યો માણસ પરબ પાસે જાય તો ત્યાં રહેલા શીતળ જળને પીને પોતાની તરસ મટાડી શકે છે. તેમ આપણા વૈદિક સાહીત્યની ઉપાસના કરનારાઓ પોતાના જીવનમાં મુંઝવતા પ્રશ્નોનું સમાધાન તેમાંથી શોધી શકે છે. તેથી વૈદિક સાહિત્યને જ્ઞાનની પરબની ઉપમા આપી છે.

રામાયણ ગ્રંથ રઘુવંશના ગૌરવવંતા શુરવીરોની શાસન વ્યવસ્થાની અમરકથા છે. રાજનીતિની કથા છે, ઋજુ હૃદયના શ્રીરામની કથા છે. કુસુમથી કોમળ અને પથ્થરથી પણકઠોર હૃદયવાળા શ્રીરામના જીવન-કવન, શૌર્ય અને પરાક્રમની કથા છે. તેથી હજારો વરસોથી સચવાઈ રહેલી, આપણા જીવનને માર્ગદર્શન આપતી, સતત વહેતી રહેતી ગંગા જેવી પવિત્ર અને અમર કથા છે.

પોતે બળે અને બીજાઓને સુગંધ આપે તેવી અગરબત્તી સમાન વીર પુરૂષો અને વીરાંગનાઓની જતી, સતી અને સંતોની કથા છે. સત્યવ્રત ધારી રાજાઓની અને વચનપાલન માટે ફના થઈ જનારા યોદ્ધાઓની આ કથા છે. તેથી આપણને અનેક પ્રસંગોમાં જીવન જીવવાની પ્રેરણા આપતી બળુકી કથા તરીકે અજર અમર બની ગયેલી કથા છે.

વીર હનુમાનજી જેવા સમર્પિત સેવકો કેટલા સરળ, સહજ અને સજ્જન છે તે રીતે રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુધ્ન જેવા આદર્શ ભાઈઓ, આદર્શ પિતાના આજ્ઞાકારી આદર્શપુત્રોની આ કથા છે. દ્રશ્ય, શ્રાવ્ય કે લેખિત સ્વરૂપે આ કથા આપણને હંમેશા રોમાંચિત કરે છે.

બાપ દશરથ જેવા ગુણ કેળવે, માતા કૌશલ્યા જેવા ગુણ કેળવે અને ધર્મ આરાધના કરતાં આવાં યુગલો સંસાર માંડે ત્યારે જ શ્રીરામ જેવા પુત્રની અપેક્ષા રાખી શકાય.

ધર્મ એ આચરણ કરવા માટે છે. ધર્મનું બીજું કોઈ બાહ્ય કલેવર નથી. ટીલાં, ટપ-કાં કરવાં, અમુક પ્રકારનાં વસ્ત્રો પરિધાન કરવાં કે અમુક દેવ દેવીઓને જ પૂજવાં આ બધાં ધર્મનાં બાહ્ય ઉપકરણો છે. તે ધર્મ સુધી લઈ જવાના માર્ગદર્શક હોઈ શકે પણ ધર્મ નથી. ધર્મ તો ધારણ કરવાની પ્રક્રીયા છે. તે વાત સહજતાથી સમજીને આજ સુધી આપણે જે કાંઈ સાંભળ્યું છે, વાંચ્યું છે કે જોયું છે તેમાંથી શ્રેષ્ઠ તત્વને શોધીને તેને આપણા જીવનમાં જીવતાં રાખવાનું

અનુસંધાન પાના નં.૬ ઉપર

## જ્ઞાનં કર્મ ચ કર્તા ચ ત્રિધૈવ ગુણભેદતઃ । પ્રોચ્યતે ગુણસંખ્યાને યથાવચ્છૃણુ તાન્યપિ ।।

ચૌદમા અધ્યાયમાં પ્રકૃતિના ત્રણ ગુણો : સત્વ, રજસ અને તમસનું વર્ણન કર્યું છે. સત્વગુણ જ્ઞાન પ્રગટાવનાર છે, રજોગુણ ભૌતિક ઉન્નતિમાં આસકત બનાવનાર છે અને તમોગુણ આળસ અને જડતા પેદા કરનાર છે. આ ત્રણે ગુણો મનુષ્યને જીવાત્માને બંધનમાં નાખનારા છે. ગુણાતીત થવાના ઉદ્દેશ્યથી હવે ભગવાન ત્રણ ગુણોના ભેદ પ્રમાણે જ્ઞાન, કર્મ અને કર્તાના પ્રકાર કહે છે:

**જ્ઞાનં કર્મ ચ કર્તા ચ ત્રિધૈવ ગુણભેદતઃ ।**
**પ્રોચ્યતે ગુણસંખ્યાને યથાવચ્છૃણુ તાન્યપિ ।। ૧૮-૧૯ ।।**

ગુણોની ગણતરી કરનાર-ગુણ પ્રતિપાદક-સાંખ્યશાસ્ત્રમાં (ગુણસંખ્યાને) ગુણભેદ પ્રમાણે, ગુણોના ભેદથી (ગુણભેદત) જ્ઞાન (જ્ઞાનમ્) તથા (ચ) કર્મ (કર્મ) અને (ચ) કર્તા (કર્તા) ત્રણ પ્રકારના (ત્રિધા) જ (એવ) કહેવાયા છે (પ્રોચ્યતે) તેમને-એમને-તે (તાનિ) પણ (અપિ) (તું)બરાબર-સારી પેઠે જે રૂપે તેઓ છે તે જ રૂપે (યથાવત્) મારી પાસેથી સાંભળ. (શૃણુ)'

આગળના શ્લોકમાં ભગવાને કર્મપ્રેરણા અને કર્મસંગ્રહની વાત કરી. હવે આ શ્લોકમાં જ્ઞાન, કર્મ તથા કર્તા આ ત્રણેનું વિવેચન કરવાની જ વાત કરે છે. કર્મ પ્રેરક વિભાગમાંથી વિવેચન કરવા માટે એટલે કે જ્ઞાન, જ્ઞેય અને પરિજ્ઞાતા. આ ત્રણમાંથી અહીં કેવળ 'જ્ઞાન' જ લીધું છે. કારણ કે કોઈપણ કર્મની પ્રેરણામાં પહેલાં જ્ઞાન જ હોય છે. જ્ઞાન થયા પછી જ કાર્યનો આરંભ થાય છે. કર્મસંગ્રહ વિભાગમાંથી અહીં કેવળ કર્મ અને કર્તા લીધું છે. જો કે કર્મ થવામાં કર્તા મુખ્ય છે તો પણ સાથે કર્મને લેવાનું કારણ એ છે કે કર્તા જ્યારે કર્મ કરે છે ત્યારે જ કર્મસંગ્રહ થાય છે. તાત્પર્ય એ છે કે કર્મપ્રેરણામાં 'જ્ઞાન' અને કર્મસંગ્રહમાં 'કર્મ' અને કર્તા મુખ્ય છે. આ ત્રણેય : જ્ઞાન, કર્મ અને કર્તાના સાત્વિક થવાથી જ મનુષ્ય નિર્લેપ થઈ શકે છે.સત્વ, રજસ અને તમસ વગેરે ગુણભેદે કરીને જ્ઞાન, કર્મ અને કર્તાના ત્રણ ત્રણ પ્રકારની વાત ગુણસંખ્યાન શાસ્ત્ર એટલે કે સાંખ્યશાસ્ત્રમાં કહી છે. સાંખ્યદર્શન કુલ ૨૫ તત્વોની ગણતરી કરે છે. તેથી 'સંખ્યા સાથે જોડાયેલું છે. કપિલ મુનિ પ્રણીત સાંખ્યશાસ્ત્રમાં જ્ઞાન, કર્મ અને કર્તા એ ત્રણ સત્વાદિક ત્રણ ગુણોના ભેદથી ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે. તેથી આ શ્લોકમાં ભગવાન અર્જુનને કહે છે કે તે જ્ઞાન વગેરેના સાત્વિકાદિક ભેદને શાસ્ત્રમાં જે પ્રમાણે ન્યાયાનુસાર કહેવામાં આવ્યા છે. તે પ્રકારે શ્રવણ કરવા માટે સાવધાન થઈને સારી પેઠે મારી પાસેથી તું સાંભળ.. આ શ્લોકમાં ભગવાન ત્રણે ગુણો અનુસાર વિભિન્ન પ્રકારના જ્ઞાન, કર્મ અને કર્તા વિશે કહેવા ઈચ્છે છે.શ્લોકમાં પ્રયોજાયેલ 'ત્રિધૈવ' પદનો અર્થ થાય છે : ત્રણ પ્રકારના જ. આ પદનું તાત્પર્ય એ છે કે આ ભેદ ત્રણ એટલે કે સાત્વીક, રાજસ અને તામસ જ હોય છે. ઓછા હોતા નથી કે વધારે પણ હોતા નથી. એટલે કે નથી બે હોતા નથી કે ચાર હોતા. અધ્યાય ૧૪ ના શ્લોક ૫ માં પણ કહ્યું છે કે, 'સત્વં રજસ્તમ્ ઈતિ ગુણાઃ પ્રકૃતિ સંભવાઃ' । અર્થાત હે મહાબાહુ અર્જુન ! સત્વ, રજસ અને તમસ આ ત્રણ ગુણો પ્રકૃતિથી જ ઉત્પન્ન થયેલા છે જે જીવાત્માને દેહથી બાંધે છે.

શ્લોકમાં પ્રયોજાયેલ 'યથાવત્' પદને સમજાવતાં ભગવાન અર્જુનને કહે છે કે ગુણસંખ્યાન શાસ્ત્રમાં આ વિષયનું જેવું વર્ણન થયું છે તેવું ને તેવું જ તને સંભળાવી રહ્યો છું. શૃણુ એટલે સાંભળ. સાત્વિક, રાજસ અને તામસ એ ત્રણેમાંથી સાત્વીક તોકર્મોથી સંબંધ વિચ્છેદ કરીને પરમાત્મ તત્વનો બોધ કરાવનાર છે. રાજસ જન્મ મરણ આપનાર છે અને તામસ પતન કરનાર અર્થાત નરક અને નીચ યોનિમાં લઈ જનાર છે. એટલા માટે આ વર્ણન સાંભળીને સાત્વીકનું ગ્રહણ તેમજ રાજસ અને તામસ ચીજોનો ત્યાગ કરવો જોઈએ. 'તાનિ અપિ' એટલે 'તેમને પણ' અર્થાત આ પ્રકારના ભેદોને જાણવાની પણ ખુબ જ આવશ્યકતા છે. કારણ કે એને સારી રીતે જાણી લેવાથી 'અહંકાર ભાવ' રહેતો નથી અર્થાત પોતાના સ્વરૂપનો બોધ થઈ જાય છે.

**અધ્યાત્મ** ૫૮૬ પ્રિ.ડો.હેમરાજભાઈ આર.પટેલ

**જીવન દર્શન** — ભગવાનદાસ બંધુ

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ માત્ર હિંદુ ધર્મ નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્રની રક્ષા કરતી અતિ મજબુત રાષ્ટ્રીય વૈશ્વિક સંસ્થા છે

આઝાદી પહેલાં અને પછી જે રીતે રાજકારણ ચાલ્યું, ખેલાયું કે આગળ વધ્યું એ જોતાં એમ લાગે કે જો ભારત દેશમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ નામની સંસ્થા ના હોત તો આજે હિંદુઓનું નામોનિશાન ના હોત અને એથીયે વધુ કહું તો સમગ્ર ભારત દેશ જોખમમાં મુકાઈ ગયો હોત. આપણા દેશમાં ચાલતા ભાષાવાદ, પ્રાંતવાદ, જ્ઞાતિવાદ, પરિવારવાદ, સમાજવાદ કે વ્યક્તિવાદમાં જેના ઉપર મુશ્કેલી આવે તેને જ ખબર પડે અને તે વ્યક્તિ કે પરિવાર જ સહન કરે તેવી પરિસ્થિતિ છે ત્યારે આર.એસ. એસ. સમગ્ર રાષ્ટ્રની રક્ષા કાજે કાર્યરત છે. આર.એસ.એસ. ની વિશાળતા, સાહિત્ય જેમણે વાંચ્યું છે એમને જ આર.એસ.એસ.શાખામાં જે મિત્રો જાય છે અથવા તો આર.એસ.એસ.વિશેનું સંપુર્ણ સાહિત્ય જેમણે વાંચ્યું છે એમને જ આર.એસ.એસ.ની ની વિશાળતા, ઉદારતા, મહાનતા અને વિરાટતાનો ખ્યાલ આવી શકે. માત્ર રાજકારણ, અણસમજણ, વ્યક્તિગત સ્વાર્થ કે ખોટી પ્રસિદ્ધિ માટે કેટલાક બદમાશ લોકો જયારે આર.એસ.એસ. વિશે અજુગતું લખે છે ત્યારે ખરેખર દુઃખ થાય છે.

આજથી ૯૧ વર્ષ પહેલાં ૨૭ ડીસેમ્બર ૧૯૨૫ માં વિજયાદશમીના પવિત્ર દિવસે ડોકટર કેશવરામજી બલિરામજી હેડગોવર દ્વારા નાગપુર ખાતે જેની સ્થાપના કરવામાં આવી તેવી રાષ્ટ્રવાદી સંસ્થા આર.એસ. એસ.માં ત્યારે પ્રથમ શાળામાં માત્ર ૫ (પાંચ) જ સ્વયંસેવકોની હાજરી હતી. પ્રથમ રાષ્ટ્ર ભાવના, સેવા ભાવના, કર્તૃત્વ ભાવના, ત્યાગ ભાવના અને ભારત ભાવનાને લીધે આજે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ૫૦ હજાર જેટલી શાળાઓ દેશમાં ચાલી રહી છે. એક નાનકડું બીજ આજે વટવૃક્ષ બનીને પુર્ણ કક્ષાએ ફુલ્યું ફાલ્યું છે. ભારત દેશને ખલાસ કરવા માટે બીનસાંપ્રદાયીકતાના બહાના હેઠળ અનેક વાર પ્રયત્નો થયા છે પરંતુ ખુબ જ મક્કમતા પુર્વક આર.એસ. એસ.દ્વારા તેનો વિરોધ પણ થયો અને રાષ્ટ્રની અતિ મજબુતી માટે પ્રયત્નો પણ થયા. આ દેશના હિંદુઓ અને મુસ્લિમો રાષ્ટ્રની ડાબી અને જમણી આંખ સમાન છે પરંતુ માત્ર રાજકીય રીતે મુસ્લિમોના મત લેવા કે તેમના રાજી રાખવા જ્યારે હિંદુઓને અમાપ અન્યાય થતો હોય ત્યારે કોઈકે તો જાગૃત રહેવું જ પડે અને એ મહત્વની ભૂમિકા આજ દિન સુધી આર.એસ.એસે. નિભાવી છે.આપણે સૌ સમજીએ છીએ કે મુસ્લિમો આપણા જ ભાઈઓ છે અને તેમને અવગણી શકાય નહીં પરંતુ હિંદુઓને અન્યાય કરીને જ્યારે કોઈપણ વ્યક્તિ કે કોઈપણ પક્ષ માત્ર અને માત્ર મુસ્લિમોને વહાલા થવાનો પ્રયત્ન કરે ત્યારે કોઈકે તો જાગવું જ પડે અને એ કાર્ય આર.એસ. એસ.થકી સમયસર, શિસ્તબદ્ધ રીતે પુરતા પ્રમાણમાં થયું છે. આર.એસ.એસ.માં સ્વયંસેવક તરીકે મુસ્લિમ ભાઈઓ પણ જોડાયેલા છે અને તેમને મળીએ ત્યારે જ ખ્યાલ આવે કે આર.એસ.એસ. માત્ર હિંદુઓની જ નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્રની એકતાની ચિંતા અને ચિંતન કરતું સંગઠન છે. આર.એસ.એસ. દ્વારા અંગ્રેજીમાં ઓર્ગેનાઈઝર અને હિંદીમાં પાંચજન્ય નામનાં મુખપત્ર અને બાલપત્રિકા દેવપુત્રનું પણ સંપાદન કરી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આર.એસ.એસ. દ્વારા બીજાં અન્ય સેવાકીય ૫૫ (પંચાવન) જેટલાં સંગઠનો પણ ચાલે છે. સેવાભારતી, વિદ્યાભારતી, સંસ્કાર ભારતી, મજદુર સંઘ, વિશ્વ હિંદુ પરિષદ, બજરંગ દળ, રાષ્ટ્રીય શિખ સંગત જેવાં અનેક ઘટકો આર.એસ.એસ.ના માર્ગદર્શનથી ચાલે છે. ભ્રષ્ટાચારમુકત, અનૈતિકતા મુકત, સંપુર્ણ શિસ્ત, નિયમિત અને ત્યાગની સંપૂર્ણ ભાવનાથી ચાલતું આર.એસ.એસ.નું સંગઠન એક માત્ર એવું સંગઠન છે કે જેનું પથસંચલન પણ જોવાનો એક અનેરો લ્હાવો છે. વનવાસી કલ્યાણ આશ્રમ, ભારત વિકાસ પરિષદ, દિનદયાલ શોધ સંસ્થાન, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, રાષ્ટ્રીય સેવિકા સમિતિ, ભારતીય મજદુર સંઘ જેવી સંસ્થાઓના માધ્યમથી આર.એસ.એસ. આજે સમગ્ર દેશમાં ખુબ જ ઉંડાણવાળા વિસ્તારો, પરિવારો અને વનવાસી સુધી પહોંચેલ છે.

સ્વયંસેવક,પ્રચારક, વિસ્તારક, સરસંઘચાલક, સહ કાર્યવાહ જેવી વિવિધ પ્રકારની જવાબદારીઓથી અનેકજનોને રાષ્ટ્રની અતિ મજબુતાઈ માટે ફરજ સોંપવામાં આવે છે. નાની મોટી કુદરતી આપત્તિઓ હોય કે રાષ્ટ્ર ઉપર કોઈ સંકટ આવ્યું હોય ત્યારે આર.એસ.એસ.ના સ્વયંસેવકો કોઈપણ પ્રકારની અપેક્ષા સિવાય ખડેપગે ફરજ બજાવે છે. દુર બેઠા બેઠા આર.એસ.એસ.વિશે ગેરસમજ કરીને પોતાની જાતને હોંશિયારમાં ખપાવવા માટે લખતા લેખકોના ઘરમાં જ્યારે લવજેહાદને નામે કોઈક મુશ્કેલી ઉભી થશે ત્યારે ચોક્કસ પણે આર.એસ.એસ.નું જ શરણું લેવું પડશે એમાં કોઈ જ અતિશયોક્તિ નથી. રાષ્ટ્રની એકતા, અખંડિતતા મજબુતાઈ, વિકાસ અને ઉન્નતિ માટે સૌનો સાથ સૌનો વિકાસ જરૂરી છે પરંતુ હિંદુઓના ભોગે જ્યારે રાજકારણ ખેલાતું હોય ત્યારે આર.એસ.એસ. જેવા મજબુત રાષ્ટ્રીય સંગઠન ઉપર જ વિશ્વાસ અને ભરોસો રાખી શકાય તેમ છે. જે ઘર, પરિવાર, ગામ કે નગરમાં આર.એસ.એસ.ના સ્વયંસેવકો કે શાખાઓ છે એ ઘર, પરિવાર, ગામ કે નગર ખુબ જ પુણ્યશાળી, નસીબદાર અને ભાગ્યશાળી છે.


ભગવાનદાસ બંધુ
મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩


## અનાથિતઃ કર્મફલં કાર્ય કર્મ કરોતિ ય :! સ સંન્યાસી ચ ન નિરગ્નિર્ન ચાક્રીય : !!

**ચિંતન** — યશપાલસીહ ટી.વાઘેલા

નોટબંધી અને જીએસટીના વાવાઝોડામાં કોને કેટલો ફાયદો ને નુકશાન થયુ અને બધું તો રાજકારણીયો, ઉદ્યોગપતિઓ, બિલ્ડરો, ખેડૂતો, પશુપાલકો, વેપારીઓ ને લોકશાહીમાં રાચતી પ્રજા જ જાણે..! પરંતુ નવલાં નોરતાં પૂર્ણ થયા બાદ ગુ-જરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ નું વાવાઝોડું પ્રજાને ઉલ્લુ બનાવવા માટે જોરદાર ગતિ પકડી રહ્યું છે. ચૂંટણીઓ આવે એટલે જ પ્રજા અને વિસ્તારલક્ષી વાતો થાય. રાહતો, છુટછાટનો દોર શરૂ થાય ને પછી બાપો.. બાપો. લુંટો મારા ભાઈ લુંટો.. આ અજ્ઞાન, ગુલામ પ્રજાને જે પ્રકારે લુંટાય તે રીતે લુંટોને લાભ લો. આઠમી નવે.૨૦૧૬ ની રાત્રી દેશના વડાપ્રધાને નોટબંધીની જાહેરાત કે તે લોકતંત્રના ઈતિહાસમાં લગભગ પહેલી ઘટના હશે. રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ ની નોટ લીગલ ટેન્ડર નહીં રહેંગી.. સામાન્ય મધ્યમ વર્ગ, નોકરીયાત, મજુર, પશુપાલકો, ખેડૂતો કે બીજા કોઈપણ વ્યવસાય સાથે સંકળાયેલો હોય તેની પાસે કાળા નાણાં છે તો તેની તપાસ કરો. નોટોનું ડુપ્લીકેશન થાય છે તો તેનો વિકલ્પ શોધ્યા પહેલાં જ આવો વાહીયાત નિર્ણય કરવાની સલાહ આપનાર સલાહકાર કોણ ?પ્રજા બેંકોની હાલત ખરેખર કફોડી થઈ છે. દિવાળીનું કાઉન્ટ ડાઉન શરૂ થયું છે ત્યારે બજારમાં નિરસતાનો માહોલ જ જોવા મળે છે. અરે લોકો વચ્ચે જઈને સાચો સર્વે કરો તો ખબર પડે કે હવે હૃદય મનથી લોકો ભારતીય ચલણથી ગભરાય છે. કયારે શું થશે તેવી દહેશત સતત મનમાં ઘુમરાઈ રહી છે. જીવ્યા કરતાં જોયું ભલું તેવી પરિકલ્પના કરતો માણસ હવે કંઈક અજુગતો નિર્ણય આગળના સપ્તાહમાં આવવાનો છે તેવી માનસિકતા લઈને ફરી રહ્યો છે. હિંદુ ધર્મમાં દિવાળી એ ઉત્સવ, આનંદનો તહેવાર છે. નવા વર્ષની શરૂઆત થાય છે. ચોપડા,ધનપુજન સાથે વાઘબારસ તમે ભારતીય સંસ્કૃતિને બહુ સારી રીતે સમજવાનો પ્રયત્ન કરશો તો ખબર પડશે કે માનવીય જીવનને તો શ્રેષ્ઠ માર્ગ બતાવ્યો છે ને સાથોસાથ અન્ય જીવ અને પર્યાવરણની બહુ કાળજી લીધી છે. ધર્મ એ જીવન જીવવાની કળા વિકસાવવા અતિ મહત્વનું સુચન ભારતીય સંસ્કૃતિ સિવાય બીજું કોઈ બતાવી શકે નહીં, ગુજરાતમાં વિધાનસભા ૨૦૧૭ ની ચૂંટણીના પડઘમ વાગવાની તૈયારીઓમાં છે ત્યારે રાજકીય ચહલ પહલ છેલ્લા બે મહીનાથી તેજ બની છે. દિવાળી ટાંકણે પ્રજાને કઈ રીતે રીઝવી શકાય ને આગામી ચૂંટણીઓમાં નોટબંધી, ભાવવધારો, જીએસટી જેવી બાબતો ભુલી જાય તેવા શાસક પક્ષના પ્રયત્નો સક્રીય બન્યા છે તો તેની સામે વિરોધ પક્ષ વળી એ ઘાને વધુ તેજ બનાવી પ્રજાના વિરોધી વંટોળ પ્રજામાં બની રહે ને શાસક પક્ષને કંઈક ફટકો પડે ને પોતાને ફાયદો થાય તેવા તમામ પ્રકારના પ્રયાસો ચાલુ કર્યા છે. બનાસકાંઠા જિલ્લામાં પ્રજા યેનકેન પ્રકારે વ્યથીત છે. તેની પાછળ એવાં કારણો રજુ કરી રહ્યા છે કે શાસક પક્ષ વિરોધના ધારાસભ્યો ચૂંટાયેલા છે તો ચૂંટાયેલા ધારાસભ્યો કયાંક એવું કહેતા જોવા મળે કે અમે વિરોધ પક્ષના છીએ એટલે શાસક પક્ષની સરકાર અમારા વિસ્તારમાં જે કામો વિકાસલક્ષી મંજુર થાય છે તે તેમના મળતીયાઓથી લાભ થાય. જેમાં વાસ્તવિકતામાં કોઈ કામો થતા જ નથી. ફકત કાગળ પર જ બધું ચાલે છે. ઘર ઘર શૌચાલય કે ઘરનાં ઘર બધે જ લોલમલોલ ચાલે છે. સાચી તપાસ કરતાં અધિકારીઓના હાથમાં કોઈને કોઈ પ્રકારની બેડીઓ લાગેલી છે. બિચારા તેઓ કરે પણ શું ? આજે વહીવટ ડામાડોળ થયો છે. ગ્રામ પંચાયતોથી માંડીને પાલિકા મહા નગરપાલિકામાં લોલમલોલ ચાલે પણ કોઈ બોલવાની હિંમત કરતું નથી ને બોલવા જાય તો જે તે વિસ્તારના અસામાજીક તત્વો તેને પોતાના બાહુપાશમાં જકડીને કેદ કરી ધાર્યું બોલાવવા પ્રયત્ન કરે છે. આ સત્ય હકીકત છે. જેમાં આપ સૌને આ કડવાશની અસર કયાંકને કયાંક કોઈ સ્વરૂપે થઈ હશે. જીસ કે હાથ મેં લાઠી ઉસકી ભેંસ જેવી યોજનાઓની ગ્રાન્ટની ફાળવણી થાય છે. રોડ, વીજ, પાણી બધું જ પ્રજાના નામે તાકડધિન્ના જ થાય છે. પ્રજાને તો એકાદ મહીનો સાચવવાની ને એમાંય હવે તો ધનાઢયના ઢગલામાં આળોટતા વ્યક્તિને પકડવાનો ને બે પાંચ સીટની જવાબદારી તેના સીરે આપીને પ્રજાને શીશાના કે પાથરણાના પૈસા આપવાના બસ આવી ઘટનાઓ દર ચૂંટણી સમયે થાય છે. શિક્ષિત-બૌદ્ધિક વર્ગ તો યેનકેન પ્રકારની ધાકધમકીથી દબાઈ જ જાય છે. એટલે ત્યાં બહુ પ્રયત્ન કરવો પડતો નથી. ખાનારા, પીનારા અભણ વર્ગને બે મહીનો સાચવવાના છે તેમાં હવે બધા પક્ષો માહેર થઈ ગયા છે. ગુજરાતની ચૂંટણીઓનો પડઘો આખા દેશમાં પડશે ને તેમાંય હવે પછી બીજા રાજયો કે વિસ્તારમાં વિધાનસભાને તે સિવાયની ચૂંટણીમાં કેવી અસર થાય તે રાજકીય પક્ષો માટે ચિંતન મનનનો વિષય બની જાય છે. ચૂંટણી પ્રક્રીયા પુરતી જ લોકોની ખબર પુછતા આ લોકસેવકો લોકશાહી માટે કલંક રૂપ જ છે પણ આવું બોલાય કે લખાય નહીં કારણ કે આ લોકશાહી છે ને હમણાં મેં પત્રકાર તરીકે એક અખતરો કર્યો કે પ્રજા કેટલી જાગૃત છે ? એક વિસ્તારના નેતા મને ફોન કે રૂબરૂ મળે ત્યારે એક જ વાત કરે અમારા શાસનના વખાણ કરોને કાંઈક લખો. હું મારી નજરે કે વિસ્તારની દ્રષ્ટી કંઈ વિકાસ જોતો નહોતો છતાં તેઓ સતત એવી જ કંઈક વાત કરે કે કંઈક લખો..મને આ વિચાર તેમની સતત ટકોરના કારણે આવ્યો કે પ્રજાને આપણે કંઈક કહી શકીએ ને તેઓ કેવા પ્રકારનો પ્રત્યુત્તર રૂબરૂ કે ફોન દ્વારા ઘણા વ્યક્તિઓ નહીં પણ બે પાંચ ફોન તો ચોક્કસ આવશે તેવી આશા રાખતો હતો પણ આજ દિવસ સુધી કોઈએ રૂબરૂ કે ફોન દ્વારા મારા એ વિકાસલક્ષી સમાચારની ટીકા ટિપ્પણી કરી નથી.

અનુસંધાન પાના નં.૬ ઉપર

## 'જીવી જાવ મરી જાવ'

**શ્રદ્ધા અને સંસ્કાર**

રાજાનું મન બંદર જેવું વિચિત્ર હોય છે. કયારે કયાં વૃક્ષ ઉપર બેસવું તે વાંદરા માટે નિશ્ચિત નથી હોતું તેમ રાજાઓ પણ કયારે કયો નિર્ણય લે તેની ખબર નથી પડતી.

મહારાજા સમરસેનનું પણ આવું જ વિચિત્ર મન હતું. સારા નરસાના વિચાર કર્યા વિના કોઈને કોઈ નિર્ણયને વળગી જાય. એક વખત તેમના મનમાં વિચિત્ર ભુત ભરાયું. લાંબો વિચાર કર્યા વિના તેમણે એવો નિર્ણય જાહેર કર્યો કે નગરની કોઈપણ વ્યક્તિ અપરાધી જાહેર થાય તો તેને ભરસભા વચ્ચે મહારાજાની સામે બે ચિઠ્ઠીવાળી એક પેટી હોય. એક ચિઠ્ઠીમાં 'જીવી જાય' લખેલું હોય અને બીજી ચીઠ્ઠીમાં મરી જાવ એમ લખેલું હોય. જાહેર થયેલો અપરાધી ખરેખર અપરાધી જ હોય અને તેણે ઉપાડેલી ચિઠ્ઠીમાં જો 'જીવી જાય' લખેલું હોય તો તે અપરાધીને જલસા કરવાના અને સજ્જને ઉપાડેલી ચિઠ્ઠીમાં જો 'મરી જાવ' લખેલું હોય તો સજ્જનને પણ ફાંસી આપવાની.

આવો સુંદર ન્યાય સમરસેન રાજાનો. લાંબુ જોવાનું નહીં અને જે ચિઠ્ઠી નીકળે તે પ્રમાણે કરી લેવાનું. નગરના લોકોને આ નિર્ણય પસંદ ન આવ્યો પણ શું થાય ? રાજાને કહેવા જાય કોણ ? રાજાની વાતનો વિરોધ કરે કોણ ? દુર્જનોને તો મજા પડી.

અધુરામાં પુરૂં થયું કે પ્રધાનો, મંત્રીશ્વરો પણ ફુટેલા જ હતા. રાજા સમરસેનના આ નિર્ણયનો તેઓ બરાબરનો દુરૂપયોગ કરતા હતા.અતિ લાલચના કારણે તેમણે આમાં વધારે લાભ થવા લાગ્યો. જો કોઈ વધારે ધન આપે તો તેઓનો કેસ મંત્રીશ્વરો અંદરોઅંદર જ પતાવી લેતા. પણ જો કોઈ સામે પડે અથવા વિરોધ કરે તો તેઓને સીધા રાજાના હવાલે કરી તેમની ઉપર ગમે તેવા આરોપ આપવામાં આવતા.

એક વખત સભાના વિસર્જન પછી મંત્રીશ્વર નગરના એક મોટા શેઠને લઈને રાજા પાસે આવ્યા : રાજાજી ! આ નગરશેઠ વ્યાપારમાં બહુ બનાવટ કરે છે. ઘણી મીલાવટ કરે છે અને બીજું એ પણ ખરૂં કે રાજના કર તેઓ ભરતા નથી. ચાલાક મંત્રી કટોકટીના સમયે જ નગરશેઠને પકડી લાવ્યા હતા. એ વખતે મહારાજા કોઈક વિશેષ ચિંતામાં હતા. હજી નગરશેઠ કંઈ કહેવા જાય એ પહેલાં જ રાજા સમરસેને ક્રોધમાં આજ્ઞા ફરમાવી દીધ : સમજો છો શું તમે ? રાજયમાં રહીને રાજયનો કર ભરતા નથી અને બનાવટ કરી રાજાની પ્રજાને જ ઠગો છો. સૈનિકો ! આમને કારાવાસમાં પુરો, કાલે સભા વચ્ચે જ એમની ખબર પડશે.

અત્યારે તો મહારાજા ગુસ્સામાં છે હું કંઈ કહેવા જઈશ તો વધારે ક્રોધીત થશે. તેથી અત્યારે કોઈ વાત કરવી સારી નથી. એમ વિચારીને નગરશેઠ એક શબ્દ ન બોલ્યા..

અનુસંધાન પાના નં.૬ ઉપર

## સુખ દુઃખ

**સૌરભ** — બી.કે.નીતાબેન

રાત પછી દિવસ ને દિવસ પછી રાતનું ચક્ર અનાદિકાળથી ચાલ્યા જ કરે છે એમ સુખ અને દુઃખનું પણ ચક્ર ચાલ્યાં જ કરે છે. કોઈને કાયમી સુખ નથી રહેતું ને કોઈની પાસે કાયમ દુઃખ નથી રહેવાનું. સુખને સમજી શકીએ ત્યારે જ હસતાં હસતાં જીવનની ડગર પર આગળ વધી શકીશું. એક કવિએ ખુબ સુંદર કવિતામાં કહ્યું છે કે,

**"સુખ દુઃખ મનમાં ન આણીએ રે ઘટ આવે રે ઘડીયાં"**

આપણે જીવનમાં આવતી વિભિન્ન પરિસ્થિતિઓમાં સદા અડગ પત્થરની જેમ અચલ રહેવાનું છે. થોડી હવાના ઝોકામાં પડી જવામાંને પહાડ ન કહેવાય. પત્થરતો હવાની જીવાતો પણ ખાય છે. તો દરિયાનાં મોજાઓને પણ ઝીલે છે. તેની ઉપરની હવાની અસર થાય છે. ન તોફાનની અચળ, સ્થિર, સ્ટેડી, મજબુત ઉભો એતો પહાડ આપણને પણ ઘણા ઈશારા આપે છે સુખ અને દુઃખના વિરોધાભાસી સમયમાં આપણે પણ અવાજ સ્ટેડી રહેવા માટે હિમાલય જેવી અડગતા ધારણ કરવી પડશે. સુખની હવા આપણને છકાવે નહી દુઃખ આપણને ઓગાળી નહી. બન્ને પરિસ્થિતિમાં આપણે સદા હસતા રહીએ એજ મહાનતા છે. સ્પષ્ટ આકાશમાં આવતાં વાદળાં આવે છે ને ચાલ્યાં જાય છે. તેમ જીવનના આકાશમાં પણ સરસ મજાનાં સોનેરી સ્વપ્નો લઈને સુખનાં વાદળો આવે છે જે ખુશીની વર્ષા વરસાવે છે. અને આપણને ખુશીથી સુખના કાળાં ડીબાંગ વાદળો, ન વરસનારાં વાદળો પણ આવે છે. જે વરસતા તો નથી પણ ગર્જીને આપણને પણ ડરાવી. દુઃખી કરે છે પરંતુ આપણે આવી દુઃખનાં વાદળોની ગર્જનાથી ડરવાની કોઈ જરૂર નથી. ગમે તેવાં કાળાં ડીબાંગ વાદળો પણ દુર થઈ જશે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

**ડીસામાં રસ્તા ...**

**પાના નં.૧ ચાલુ**

આવી સૂત્રોચ્ચાર સાથે લાવો હલ્લા બોલ કર્યો હતો. રહીશોએ કેટલાક જમીન માફિયાઓ સામે આ આ રોડ દબાવી દેવાનો આક્ષેપ કરી જો રોડ ખુલ્લો નહી થાય તો મતદાનની બહિષ્કારની ચીમકી આપી હતી. સોસાયટીઓના અગ્રણી શૈલેષભાઈ જોષી અને ગોવિંદભાઈ ઠક્કરએ જણાવ્યું હતુ કે સો ફૂટનો ડી.પી. રોડ મંજુર થયેલ છે. પરંતુ કોઈ બિલ્ડરના દબાણમાં આવી અગાઉના શાસકોએ આ રોડ રદ કરવાની પેરવી કરી છે. જયારે પાલિકાના રિવાઈઝ વિકાસ પ્લાનમાં પણ આ રોડ દર્શાવાયો છે પરંતુ રોડ પરના દબાણો ખુલ્લા કરાવાતા નથી. રહીશોએ આ બાબતે છેક ગાંધીનગર સુધી રજૂઆતો કરેલી છે ત્યારે હવે જો સો ફુટનો રોડ ખુલ્લો નહી થાય તો આગામી સમયમાં જલદ આંદોલન કરીશું તેમ જ આગામી ચૂંટણીઓમાં તમામ સોસાયટીના રહીશો મતદાનનો પણ બહિષ્કાર કરશે.

રહીશોની રજૂઆત સાંભળતાં ડીસા પાલિકાના ચીફ ઓફિસર જીગરભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુલબાની નગરના સો ફુટના ડી.પી.રોડ બાબતે હાલમાં સ્થાનિક અને હાઈકોર્ટમાં મેટર પેન્ડિંગ છે. હાઈકોર્ટે હાલની સ્થિતિ જાળવી રાખવા હુકમ કરેલો છે. જ્યારે નગરપાલિકાએ પણ વિકાસ પ્લાનમાં સો ફુટ રોડ હોવાનો ઠરાવ કરી તે અંગે કલેકટર કચેરી, નગર નિયોજક અને શહેરી વિકાસ વિભાગ તેમજ કોર્ટોમાં પણ દરખાસ્ત કરેલી છે. જેથી આ બાબતે કોર્ટનો નિર્ણય આવ્યા બાદ આગળની કાર્યવાહી થઈ શકશે. પાલિકા નગરજનોની સાથે છે અને સો ફૂટ રોડ હોવાની દરખાસ્ત પાલિકા દ્વારા જ કરવામાં આવી છે.

**પ્રજાને સમર્પિત સરકાર ...**

**પાના નં.૧ ચાલુ**

બનાસકાંઠા જિલ્લાએ શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. નર્મદાના નીરથી આ સરહદી વિસ્તારમાં હરીયાળી અને સુખાકારી પથરાઈ રહી છે. સરકાર ધ્વારા બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા દોઢ બે દાયકામાં ઠેર ઠેર હાઈસ્કુલોની સુવિધા, કોલેજો, તમામ તાલુકા મથકોએ આઈ.ટી.આઈ.ના અધતન મકાનો, પાલનપુર ખાતે એન્જીનિયરીંગ કોલેજ વગેરેના અભ્યાસની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે ત્યારે બનાસકાંઠા જિલ્લાને સો ટકા શિક્ષિત બનાવી આવતીકાલને ઉજ્જવળ બનાવીએ.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજયમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે આ સરહદી વિસ્તાવરના વિકાસ માટે સરકારે વિરાટ અભિયાન આદર્યુ છે. સીમા દર્શન કાર્યક્રમથી લોકોમાં રાષ્ટ્રળપ્રેમના ગુણો સારી રીતે કેળવાય છે. તેથી બોર્ડર ટુરીઝમના વિકાસ માટે વિધાનસભા બજેટમાં રાજય સરકારે રૂ. ૪૫ કરોડની જોગવાઈ કરી છે.આ વિસ્તારમાં બોર્ડર ટુરીઝમના સંગીન વિકાસ માટે નિષ્ણાંણતોને સાથે રાખી સુદ્રઢ આયોજન કર્યુ છે જે અનુસાર સરહદી રણ વિસ્તારમાં આશરે ૧ કિ.મી.ના વિસ્તારમાં ભવ્ય બિલ્ડીગોનું નિર્માણ થશે. જેનાથી આ વિસ્તાર દેશભરમાં લોકોના આકર્ષણનું કેન્દ્ર બનશે.

મંત્રી શંકરભાઈ ચૌધરીએ ઉમેર્યું કે સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગત વર્ષે દિવાળીની ઉજવણી નડાબેટ બોર્ડર પર બી.એસ.એફ. જવાનો સાથે મનાવી હતી. તેમણે સૂઈગામ અને સરહદી પંથકમાં થયેલ વિકાસકામોની વિસ્તૃત માહિતી આપી ઉમેર્યું કે વર્ષોથી નર્મદાના પાણીની રાહ જોતા બનાસવાસીઓનું સપનું આ સરકારે સાકાર કર્યું છે. નર્મદાના નીર આવવાથી દુ:ખના દિવસો પુરા થયા છે અને સુખની શરૂઆત થઈ છે. મંત્રીશ્રી ચૌધરીએ કહ્યું કે નર્મદાના નીર આવવાથી આ વિસ્તારમાં ખેડૂતો અને પશુપાલકોની આવક તેમજ સુખાકારીમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે.પ્રજાને સમર્પિત આ સરકાર સર્વાંગી વિકાસ અને લોકોની સુખાકારી માટે મક્કમ રીતે કટીબધ્ધ છે.

મંત્રીશ્રી ચૌધરીએ ટકોર કરતાં કહ્યું કે જેને વિકાસ દેખાતો ન હોય તેમાં વાંક જોનારની આંખમાં હોય છે. ૫૦-૬૦ વર્ષ સુધી ભાગલા પાડો અને રાજ કરોની નીતિથી શાસન કરનારાઓએ પ્રજાને વિકાસથી વંચિત કેમ રાખી ? તેમણે કહ્યું કે વિકાસને વરેલી આ સરકાર જે કામોનું ખાતમૂર્હત કરે છે તેનું ઉદ્દઘાટન પણ આ જ સરકાર કરે છે. મંત્રીએ જણાવ્યું કે આપણા લોકપ્રિય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન અનુસાર રાજય સરકારના સંગીન પ્રયાસોને લીધે સમગ્ર રાજયમાં તમામ ક્ષેત્રોમાં વિકાસકૂચ વેગવંતી બની છે.

કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું કે સીમા દર્શન કાર્યક્રમથી આ વિસ્તારમાં રોજગારીની વ્યાપક તકો ઉપલબધ્ધ બનશે. રણોત્સવનો ઉલ્લેખ કરતાં કહ્યું કે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટી ના લીધે કચ્છનો રણોત્સવ જેમ વૈશ્વિક કક્ષાએ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે તેમ બનાસકાંઠા જિલ્લામાં પણ રોજગારીની તકો ઉપલબ્ધ બનશે. તેમણે કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરી અને રાજયમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના યોગદાનની સરાહના કરી હતી.

આ પ્રસંગે બી.એસ.એફ. ના આઈ.જી. અજયકુમાર તોમરે જણાવ્યું કે સીમા દર્શન કાર્યક્રમથી ગુજરાત સહિત દેશભરના લોકોને આંતરરાષ્ટ્રી ય બોર્ડર નિહાળવાનો લાભ મળશે અને બી.એસ.એફ. કેવી કઠીન પરિસ્થિતિઓમાં દેશની સીમાઓની સુરક્ષા કરે છે તેની પણ જાણકારી મળશે અને લોકોમાં રાષ્ટ્રસપ્રેમના ગુણો સારી રીતે કેળવાશે. તેમણે કહ્યું કે ગત વર્ષે તા. ૨૪ ડિસેમ્બર-૨૦૧૬ થી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે સીમા દર્શન કાર્યક્રમનો પ્રારંભ થયો હતો ત્યારથી અત્યાર સુધીમાં ૩.૫૦ થી ૪ લાખ લોકોએ આંતરરાષ્ટ્રી ય બોર્ડર નિહાળી છે. બી.એસ.એફ.ને ગુજરાતની પ્રજા ધ્વારા મળતાં પ્રેમ, આદર અને સહયોગની તેમણે સરાહના કરી હતી.

"મંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે રૂ. ૩૦ કરોડનું બનાસદાણ ૩.૫૦ લાખ પશુપાલકોને વિનામૂલ્યે વિતરણનો પ્રારંભ ગુજરાત સરકાર અને બનાસ ડેરીના સંયુકત સહયોગથી રૂ. ૩૦ કરોડનું બનાસદાણ ૩.૫૦ લાખ પશુપાલકોને વિનામૂલ્યે આપવાનો પ્રારંભ સુઈગામ તાલુકાના નડાબેટ ખાતે બનાસ ડેરીના ચેરમેનશ્રી અને આરોગ્યકમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે કરવામાં આવ્યો હતો. જે અન્વયે બનાસકાંઠા જિલ્લાના ૩.૫૦ લાખ પશુપાલકોને પ્રત્યેશકને ૫૦ કિ.લો. બનાસદાણ વિનામૂલ્યે આપવામાં આવશે.

આ પ્રસંગે જિલ્લાન પંચાયતના પ્રમુખ દિનેશભાઈ દવે, નડેશ્વરી ટેમ્પલ ટ્રસ્ટના પ્રમુખ હરજીભાઈ રાજપુત, દિયોદર સરપંચ ગિરીરાજસિંહ વાઘેલા, અગ્રણીઓ સર્વશ્રી ઉમેદદાન ગઢવી, વિજયભાઈ ચક્રવર્તી, સરતાનભાઈ દેસાઈ, બનાસ ડેરીના ડિરેકટર ફલજીભાઈ સહિત અગ્રણીઓ અધિકારીઓ અને વિશાળ સંખ્યા માં લોકો ઉપસ્થિરત રહ્યા હતા.

**ગણતા પ્રાથમિક...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ભલાભાઈ રાજપૂત, દેવરાજભાઈ રાજપૂત તથા મોટી સંખ્યામાં ગામલોકો પણ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય તથા શાળા પરિવારે કર્યું હતું. તેમજ તિથી ભોજન દાતા અણદાભાઈ રાજપૂત તથા તેમના પરિવારની આ સેવાકીય કામગીરી બદલ શાળા પરિવારે બિરદાવ્યા હતા.

**વડગામના મુક્તેશ્વર...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

જિલ્લા કૌશધ્યક્ષ અરવિંદભાઈ પરમાર, મગનજી ઠાકોર, માવજીભાઈ પરમાર, નરેશભાઈ પરમાર, વગેરે કાર્યકર્તાઓ મોટી સંખ્યામોં ઉપસ્થિત રહયા હતા. મંચસ્થ મહાનુભાવોનુ ફુલ્હાર થી સન્માન કરવામોં આવ્યુ હતુ. સ્વાગત પ્રવચન ઉમેસભાઈ ચૌધરીએ કર્યુ હતું. પ્રાસંગિક ઉદબોધન મુકેશ ભાઈ દરજી અને વિકેશભાઈ ચૌધરીએ કર્યુ હતું. જયારે કાર્યક્મ નુ સફળ સંચાલન રતુજી ઠાકોરે અને આભારવિધિ એસ.કે.રાઠોડે એ કરી હતી.

**લાખણી મુકામે...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

જિલ્લાના શિક્ષકો માટે સદસ્યતામાં વધારો થાય તે માટે નક્કર આયોજન કરેલ. બ.કાં. જિલ્લાના મહામંત્રી ગણેશભાઈ ચૌધરીએ જણાવેલ કે સીપીએફ કપાતના ૨૦૦૭ ના નાણાં જેમને મળેલ નથી તેમને પરત જલદીથી મળી જશે. તેવું ડીસા તાલુકા શિક્ષણ શાખામાંથી જાણવા મળેલ છે. તેમજ અધ્યક્ષ ભુરાજી રાઠોડ રાષ્ટ્રવાદી સંઘઠનની વિચારધારા ધરાવતા શિક્ષકો વધારે જોડાય તેવી હિમાયત કરી હતી. અને રચનાત્મક કાર્યક્રમોની ઓળખ ધરાવતા સંઘઠન વિષે માહિતી આપી હતી.

સીપીએફ/એટીડી / બીપીએડ/ ડીપીએડની તાલીમી લાયકાત ધરાવતા શિક્ષકોના પ્રશ્નો બાબતે કિશોરકુમાર પરમાર (રા.શૈ. મહાસંઘ ગુજરાતના મીડીયા પ્રમુખ) દ્વારા જણાવેલ કે પ્રાથમિક શિક્ષણ નિયામકને સંઘઠનના મહામંત્રી રતુભાઈ ગોળ દ્વારા રજુઆત કરી છે. હવે પછી શિક્ષણમંત્રી અને મુખ્ય મંત્રીને પ્રશ્નો બાબતે રજુઆત કરવામાં આવશે. આ બેઠકમાં પ્રાન્ત વિભાગ સહમંત્રી મહેશભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

**કાંકરેજ તાલુકા...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આ પ્રસંગે સેવંતીલાલ સુરાણી, ચીનુલાલ ગુંજારીયા, ચંદ્રસિંહ વાઘેલા, ગુણવંતલાલ ગુંજારીયા, નિરંજનભાઈ ઠક્કર, હરગોવનભાઈ ત્રિવેદી, રજનીભાઈ શેઠ, દિનેશભાઈ શેઠ ધાણધારા (પૂર્વ પ્રમુખ વકીલ), રતીલાલ ઠક્કર, નિતિનભાઈ ગાંધી, રાજુંભાઈ વી.શાહ, ભરતભાઈ પાંચાણી, છનાભાઈ શાહ, અક્ષયભાઈ મહેતા, શૈલેષભાઈ શાહ, ધીરજભાઈ ઝવેરી, કે.સી.શાહ (આરટીઓ), રોહીતભાઈ શાહ, ગણેશભાઈ દેસાઈ, છનાભાઈ મહેતા, સારાલાલ શાહ, પાલિકા કોર્પો. ગીરાબેન શાહ, વસંતભાઈ શાહ, શૈક્ષણિક સંસ્થાઓના આચાર્યો, શુભેચ્છકો ઉપસ્થીત રહી નવનિયુકત પ્રમુખ ધીરજભાઈ શાહને અભિનંદન પાઠવ્યા હતા.

**ગેળા શ્રીફળીયા...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

જ્યાં રમતુ મુકેલ શ્રીફળ ક્યારેય બગડતુ નથી અને આ શ્રીફળ કોઈ લઈ જઈ શકતુ નથી. તેથી શ્રીફળનો ડુંગર ખડો થયો છે. જેના દર્શન કરવા જીવનનો લ્હાવો છે. ત્યારે ગઈકાલે શનિવારે મંદિર પરિસર આખો દિવસ દાદાના જયજયકારથી ગુંજી ઉઠ્યું હતું.

**મહેસાણાની સાત...**

**પાના નં.૮ ચાલુ**

રાજયના ગૃહમંત્રી બન્યા હતા. તેમના સમયકાળ દરમ્યાન પાટીદારોના અનામત આંદોલન વખતે પોલીસ દમનના કારણે પાટીદારોના યુવાનો શહીદ થતાં હાલમાં પાટીદાર સમાજ તેમના વિરોધમાં હોઈ આ વખતે આ બેઠક ઉપર તેમની જીતની કોઈ સફળતા જણાતી નથી. પરિણામે ભાજપે આ બેઠક ઉપર માજી સાંસદ નટુજી ઠાકોર તેમજ જુગલજી ઠાકોરના નામો મુખ્ય ચર્ચામાં છે. પરંતુ આ બેઠક ઉપર જરૂર જણાય તો ભાજપ પક્ષે હાલના મહેસાણા સાંસદ જયશ્રીબેન પટેલને મેદાનમાં ઉતારે તો નવાઈ નહી. જ્યારે આ બેઠક ઉપર કોંગ્રેસ પક્ષ તરફથી કિરીટ પટેલ, જીવાભાઈ પટેલ, ભોપાજી ઠાકોર અને રાજેન્દ્રસિંહ દરબારના નામો ઉપર ચર્ચા વિચારણા હાથ ધરી છે. જ્યારે કડીની અનામત બેઠકમાં મતદારોનો ઝાઝો રસ જણાતો નથી. કોંગ્રેસ પક્ષ ફરી એકવાર તેમના વર્તમાન ધારાસભ્ય રમેશ ચાવડાને મેદાનમાં ઉતારશે તે નક્કી છે. જ્યારે ભાજપ પક્ષ દ્વારા ઈશ્વર મકવાણા સહિત અન્ય નામો ચર્ચામાં છે.

ઉંઝા, વિજાપુર, મહેસાણા અને વિસનગર બેઠકોમાં પાટીદારોના મતનુ પ્રભુત્વ હોવાને કારણે આ ચારેય બેઠકો ઉપર પાટીદારની સામે પાટીદારની પસંદગી કરવામાં આવે તેવી પુરી શકયતા જોવાઈ રહી છે. વિજાપુરની બેઠકમાં કોંગ્રેસમાંથી ભાજપમાં ગયેલા પી.આઈ.પટેલની પસંદગી કરવામાં આવે તો ભાજપના જુના વફાદાર ટેકેદારોની નારાજગીનો ભોગ બનવાનો ભય પણ પક્ષને સતાવી રહ્યો છે. અહી કોંગ્રેસ પક્ષ દ્વારા બ્રાહ્મણ ઉમેદવારની પસંદગી કરવામાં આવે તો નરેશ રાવલ ઉપર કળશ ઢોળાય તેવી શકયતાઓ જોવાઈ રહી છે. મહેસાણાની બેઠક ઉપર હાલના નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલના નામ ઉપર મંજુરીની મહોર મારવામાં આવી છે. જો આમ થાય તો કોંગ્રેસ તેમની સામે માજી સાંસદ જીવાભાઈ પટેલને ચૂંટણી લડવા તૈયાર રહેવાનું કહેવામાં આવ્યું છે. ઉંઝાની બેઠકોના વર્તમાન ધારાસભ્ય નારણભાઈ પટેલને રીપીટ કરાય તેવી કોઈ શકયતા જણાતી નથી. પરંતુ અહી તેમની પસંદગીના ઉમેદવારને ટિકીટ આપી તેમને મનાવી લેવામાં આવશે. જ્યારે કોંગ્રેસ પક્ષ અહી એક યુવા પાટીદાર ઉમેદવારની પસંદગી સાથે આ બેઠક ઉપર સ્ત્રી ઉમેદવારની પસંદગી કરે તેવી પણ શકયતાને નકારી શકાતી નથી. જ્યારે વિસનગરની બેઠકના ભાજપના હાલના વર્તમાન ધારાસભ્ય ઋષિકેશ પટેલને સ્થાને કોઈ નવા ચહેરાને સ્થાન આપશે તેમ જણાય છે. જ્યારે કોંગ્રેસ પક્ષે માજી ધારાસભ્ય કિરીટ પટેલની પસંદગી કરે તો નવાઈ નહી. જ્યારે ખેરાલુની બેઠકના ભાજપના હાલના ધારાસભ્ય ભરતસિંહ ડાભીને પડતા મુકી તેમની જગ્યાએ નવા ચહેરાને સ્થાન અપનાર છે ત્યારે કોંગ્રેસ પણ આ બેઠક ઉપર બક્ષીપંચના ઉમેદવારોની પસંદગી કરવા વિચારણા ચાલી રહી છે.

**શિહોરી-દિયોદર...**

**પાના નં.૮ ચાલુ**

બી.એમ. કરમટાએ ઘટના સ્થળ ઉપર આવી ટ્રાફિક હટાવવાની કામગીરી શરૂ કરી હતી. જો કે મોડી રાત સુધી બસને બહાર કાઢવામાં મુશ્કેલી પડી હતી. ત્યારે મહામુસીબતે બસ ચોકડીઓમાંથી બહાર કઢાઈ હતી. જ્યારે સ્વીફ્ટ ગાડીને રાતોરાત ત્યાંથી હટાવી લેતાં અનેક તર્ક- વિતર્ક સર્જાયા હતા.

**બનાસકાંઠા સહિત...**

**પાના નં.૮ ચાલુ**

ડેરી કાયમી માટે અડીખમ ઉભી રહી છે. થોડા સમય પહેલા બનાસકાંઠામાં અતિ ભારે વરસાદ પડવાથી પૂરની આફત આવી હતી. જેના કારણે માનવ જીવન અને આંતર માળખાકીય સુવિધાઓને ખૂબ મોટા પ્રમાણે નુકસાન થયું હતું. જેમાં જળ સંકટના લીધે ખેતી લાયક જમીનનું મોટા પ્રમાણમાં ધોવાણ થઈ ગયું હતું. જિલ્લાના ઘણા બધા ખેડૂતોના ખેતરોમાં સૂકું ઘાસ વરસાદથી પલળી જવાના કારણે નષ્ટ થઈ ગયું હતુ તેમજ ખેતરોમાં પાણી ભરાવવાના કારણે લીલું ઘાસ સડી ગયું હતું. ખેડૂતોને પારાવાર જાનમાલનું પણ નુકસાન થયું હતું. આ બધી બાબતને ધ્યાનમાં રાખીને પશુપાલકોને મદદરૂપ થવા માટે બનાસ ડેરીના ચેરમન અને ગુજરાત સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરી દૂધ ઉત્પાદકોના હીત માટે સતત ચિંતાશીલ રહેતા હોય છે. તેઓના શુભ પ્રયાસથી મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી રાજ્ય સરકારશ્રીના સહયોગથી પચાસ ટકા રકમ અને પચાસ ટકા રકમ બનાસ ડેરીના સહયોગથી બનાસકાંઠાના તમામ તાલુકા અને પાટણ જિલ્લાના રાધનપુર, સાંતલપુર તાલુકાના જે પશુપાલકો બનાસકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિ. ની દૂધ મંડળીઓના સભાસદો અને સભાસદ ના હોય તેવા પશુપાલકો સભાસદ દૂધ સંઘ સંલગ્ન મંડળીઓના સભાસદ થાય તે શરતે તમામ પશુપાલકોને ૫૦ કિલો બનાસદાણની બોરી વિનામૂલ્યે આપવામાં આવશે.

બનાસ ડેરીનું નિયામક મંડળ હમેંશા દૂધ ઉત્પાદકોના હિત માટે સતત નિર્ણય લેતું હોય છે. બનાસ ડેરીના ચેરમન શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શનથી બનાસ ડેરી વિકાસના અવનવા સોપાન સર કરીને દેશ વિદેશમાં પણ તેની નામના પ્રસ્થાપિત કરી છે. આવા કપરા સંજોગોમાં વિનામૂલ્યે બનાસદાણ આપવાના નિયામક મંડળના નિર્ણયને ખેડૂતો માટે આશીર્વાદ સમાન બનશે અને દિવાળીના તહેવારને ઉજવવામાં ખેડૂતોના આનંદમાં વધારો થશે. બનાસ ડેરી અને રાજ્ય સરકાર ખેડૂતોના સંગાથે રહીને મદદ કરી છે. ખરેખર આવા નિર્ણયોથી ખેડૂતોની આર્થિક સુખાકારી વધતી હોય છે.

**કાંકરેજ તાલુકાના...**

**પાના નં.૮ ચાલુ**

કાંકરેજ, તેમજ તાલુકા વિકાસ અધિકારી કાંકેરજને લેખિતમાં રજુઆત કરેલ. જેમાં જણાવેલ કે ખેડુત ખાતેદારોના પાક નિષ્ફળ તેમજ જમીન ધોવાણ બાબતે મોટો અન્યાય થયેલ છે અને થયેલ નુકશાન બાબતે પુરતુ વળતર આપવામાં આવેલ નથી. જેમાં અધિકારીઓએ પોતાની મનમાની પૂર્વક તેમજ મનસુફીથી જેની સાથે લેવડ દેવડ કરેલ છે. તે ખેડુતના ખાતામાં ઉંચી રકમ પાક નિષ્ફળની ફાળવેલ છે. અને જે લોકોએ કઈ આપ્યુ નથી. તેવા નુકશાનનું પુરેપુરૂ વળતર આપેલ નથી અને શિહોરીમાં ૨૦ ટકા ઉંબરીમાં ૧૦ ટકા વળતર તેમજ ઝાલમોરમાં ૧૦ ટકા વળતર આપેલ છે. જેમાં ખુબ જ ઓછા પ્રમાણમાં વળતર ચુકવેલ છે. આ ગામોમાં ૧૦૦ ટકા નિષ્ફળમાં અતિવૃષ્ટિમાં સમાવેશ કરેલ છે. છતાં ભ્રષ્ટ અધિકારીઓની ભ્રષ્ટનીતિ અને લેવડદેવડવાળાને બાદ કરીને બાકીના ખેડુતોને અન્યાય કરવામાં આવેલ છે અને લેખિતમાં જણાવેલ કે જે અધિકારીઓએ અમુક માણસોની ભલામણની આ ગામોને પુરેપુરો અન્યાય કરેલ છે જો આ બાબતે સમયસર વળતર બાબતે યોગ્ય પગલા લેવામાં નહીં આવે તો આગામી ચૂંટણીઓમાં આ અન્યાયનો રોષ જોવા મળશે અને ઠેકઠેકાણે દેખાવો થશે તેમ લેખિત રજુઆતમાં જણાવેલ અત્રે ઉલ્લેખનીય છે કે તાલુકામાં ઠેરઠેર પાક નિષ્ફળ બાબતે ખેડુતોને પુરતી સહાય ન મળતા અને કેટલાય ખેડુતોને કોઈ સહાય ન મળતા અત્યારે ખેડુતોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ બાબતે ઉચ્ચ અધિકારીઓએ ખેતીવાડી પાક નિષ્ફળ જે તે સેમના ગ્રામ સેવકો ખેતીવાડી અધિકારીઓ આમા કસુરવારો સામે કાયદેસર કાર્યવાહી કરે તેમ જગતનો તાત ઈચ્છી રહ્યો છે.

**ઝેરડાના મુસ્લિમ...**

**પાના નં.૮ ચાલુ**

કલાકારને કોઈ ધર્મ હોતો નથી. તે વાતને સાર્થક કરતાં આ મુસ્લિમ પરિવારે બનાવેલ આકર્ષક કોડીયા ભારતમાં જ નહિ, પરંતુ વિદેશમાં પણ અજવાળું પાથરી રહ્યા છે. દિવાળીના તહેવારોમાં દિપ પ્રગટાવવા માટીના કોડીયા બનાવવા સલ્લુભાઈ સુમરા અને તેમનો પરિવાર છેલ્લા ૧૨ વર્ષથી માટીના આકર્ષક વિવિધ ડિઝાઈનના કોડીયા બનાવે છે. તેમની 'મીની ફેક્ટરી' માં આશરે ૩૫ થી વધુ કારીગરો વિવિધ મશીનરીથી માટીનું આકર્ષક કોડીયાનું નવું રૂપ આપે છે. જેથી દિવાળીના તહેવારને લઈને લાખો કોડીયાની માંગ રહી છે.

**શ્રધા અને સંસ્કાર...**

**અનુસંધાન ૫ નું ચાલુ**

તો વળી પાછળ ઉભા ઉભા મંત્રીશ્વર મુછમાં મરક મરક મલકતા હતા. સૈનિકોએ નગરશેઠને જેલમાં પુર્યા..

ખરેખર તો નગરશેઠ વેપારમાં બનાવટ કરતા જ ન હતા અને ન તો તેઓને રાજયનો કર ભરવાનો બાકી હતો. હકીકત તો એ હતી કે પ્રધાનમંત્રી નગરશેઠના વિરોધી હતા. તેમને જ નગરશેઠ સાથે દ્વેષ હતો. તેઓ નગરશેઠના કાંટાને દુર કરવા ઈચ્છતા હતા.

સવારે જેલમાંથી નગરશેઠને સભા વચ્ચે ઉભા રાખવામાં આવશે. રાજા સમરસેન નગરશેઠના હાથે પેટીમાંથી ચિઠ્ઠી ખોલાવશે અને કદાચ નગરશેઠના ભાગ્યવશાત જો ચિઠ્ઠી 'જીવી જાવ' નીનીકળી તો.. તો તો નગરશેઠ જીવી જશે અને નગરશેઠ વાણિયા તો છે જ ! તેથી બુધ્ધિ વાપરીને કયારેક મને હેરાન કરે તો ? **(ક્રમશ:) મુનિ રાજસુંદર વિજય**

**સૌરભ...**

**અનુસંધાન ૫ નું ચાલું**

એવી આશાને સદા જીવંત રાખી નિરાશ ન થાઓ. આપણે આપણી સામે આવી પડેલા દુ:ખનાં દરિયાને ઉબેચવાનો નથી પરંતુ સરસ મજાની આશાવાદી વિચારોની હોડી બનાવી આ દરિયામાંથી પાર થવાનું છે.

આપણે આપણી સામે લાગેલા દુ:ખોના દરવાજાનાં બધાં તાળાં ખોલી દેવાનાં છે. એક પછી એક તાળાં ખોલતાં જાઓ, અંદર સુખ છુપાઈને બેઠેલુ છે. પરંતુ તે માટે દુ:ખનાં દરવાજે મોટું લટકી રહેલું ગોદરેજનું તાળુ ખોલવું પડશે. કોઈ ચાવી લાગુ પડે છે. તો કોઈ ચાવી માત્ર ઘુમતી જ રહે છે. લાગુ થવાની હતાશા પણ નઠારી નિવડે છે. અને ક્યારેક તો આપણા જુડામાં રહેલી એક પછી એક ચાવી લગાવતાં લગાવતાં જ્યારે છેલ્લી ચાવી હાથમાં લઈએ ત્યારે નિરાશાનાં વાદળો ઘેરી વળે છે. છતાં પણ નિરાશા ન થાઓ. કદાચ જુડાની છેલ્લી ચાવીથી પણ તાળુ ખુલી જશે. માટે જીવન સદા દુ:ખોમાંથી મુક્ત થવા પ્રયત્નશીલ રહો. આપણી જીવનરૂપી નાવને કિનારો મળશે. મારી જીવન નૈયા ડુબી જશે તો દુર ડુબવાની અને આપણે એમ વિચારીએ કે ડુબતાં ડુબતાં પણ હું બચાવી લઈશ તો બચીશજ. આપણા વિચારો આપણા દષ્ટિકોણ જે જીવનને સુખ અને દુ:ખના વાતાવરણ સર્જવા મદદગાર બને છે. ક્યારેક આપણા નિરાશાવાદી વિચારોના કારણે કિનારે આવેલી નાવ પણ ડુબી જશે. અને સકારાત્મક મજબુત મનોબળથી તોફાનોમાંથી પણ હેમખેમ પાર આવી શકાય છે. કોઈપણ નાવ ત્યાં સુધી સુરક્ષિત છે જ્યાં સુધી તે કિનારે લોગરેલી પડી છે. તે અફાટ સાગરમાંથી જાય તો તેની સામે અનેક વિધ્નો તો આવે જ છે. તોફાનોનો સામનો ન કરવો પડે છે પરંતુ નાવ કિનારે રહેવા માટે બની નથી. તે તો અફાટ સાગરને ખુંદવા માટે બની છે. એમ આપણા જીવનમાં પણ કોઈ વિધ્નો જ ન આવે તો આપણને વિજયીનું બિરુંદ કોણ આપશે.? આપણા કોઈ હરીફ જ નથી. તો વિજય આપણી શું પરંતુ રશાકસી ભર્યા વાતાવરણમાંથી મેળવેલી વિજય ઘણી ખુશી આપે છે. આમ જીવનમાં વિધ્નો જ જ આવે તો આપણે સુખી છીએ પરંતુ ગાયન તેમનું છે. જે અપાહ દુ:ખો આવે છતાંય દુ:ખી થતા નથી. દુ:ખની લહેરખી ખુશીના ચહેરાને સ્પર્શી પણ ન શકે એવા ખુશ રહેવાનું છે. સુખમાં તો બધા ખુશ રહે પરંતુ દુ:ખમાં પણ ખુશ રહી શકે એજ મહાનતા છે.જીવનમાં સુખ એ દુ:ખના પડદાની પાછળ ઢંકાયેલું છે. દુ:ખનો પડદો દુર થતાં જ સુખનો પડદો સોનેરી ચાળ ખુલ્લો પડશે. માટે ધીરજથી, હિંમત રાખીને દુ:ખના પડદાને ઉઠાવો. તકલીફ જરૂર પડશે. પરંતુ સુખને મેળવવાની ખુશીમાં ગમે તેટલું દુ:ખ પણ કશું જ નહી લાગે. રાત્રિનો ગાઢ અંધકાર જોઈને ડરો નહીં. આ અંધકાર પૂર્ણ થતાં જે સૂર્યની સોનેરી કિરણો સોનેરી સવાર લઈને આવશે. જીવનમાં જે દુ:ખ જ ન હોય તો સુખની ખુશી ન હોય. જો કડવો સ્વાદ જ ન હોય તો ગળપણનું મુલ્ય શું ? જો અંધકાર ન હોય તો પ્રકાશનું મુલ્ય શુ ? ધોમધખતા તાપમાં નાની પણ છાંયો આપતી આશાની વીરડી કેવી ઠંડી શીતળ છાયા આપે છે. છાયામાં ખુશીના અનુભવ તો તાપમાં ભમ્યા પછી જ આપણી તેજ દુ:ખનો અનુભવ કર્યા પછી તળનું થોડું પણ સુખ ઠંડી શીતળ છાયા જેવું લાગે છે.જીવનમાં આપણી દુ:ખની પરિસ્થિતિને પણ વેલકમ કરો, હિંમત છે ભેરવી તાકાતથી લડો અને વિજયી બનો. હારો નહી ભાગો નહી, પાછી પાની ન કરો, પ્રભુ પિતાને સાથે રાખો હર મંગલ આસાન થઈ જશે.

**બી.કે. નીતાબેન**

**ચિંતન...**

**અનુસંધાન ૫ નું ચાલું**

તેથી એવું જ લાગ્યું કે આ આઝાદ પ્રજાનું માનસ ઘેટાના ટોળા જેવું જ બની ગયું છે. એટલે બહુ ઝાઝા ફેરફારની આશા રાખવી નહીં. પ્રજાને જે મૌન રહેવું છે જ્યાં નથી બોલવું ત્યાં બેફામ બોલે કે કાયદો બતાવે પણ રાજકીય સ્ટંટ આગળ ઢીલા ઢફ આજે ગ્રામ પંચાયતોમાં સરપંચ બનવા માટે હોડ લાગે ને હવે તો પોતાના પરિવારની અલગ ગ્રામ પંચાયતો બનાવવી હોય તો બને છે. એટલે લુંટો મારા ભાઈ લુંટો.. આ લોકશાહી શાસનમાં લોકોને જે પ્રકારે લુંટાય તેવી ભાષા, વ્યવહારમાં લુંટયે રાખો.. કેઝ ચાલે છે, શાસકપક્ષ પોતાનું બળ મજબત કરવા વિરોધપક્ષનો કોઈ પ્રબળ વિરોધ કરે તો તેને મંચસ્થ મહાનુભાવ બનાવી દે છે.

વાચક મિત્રો લોકશાહીમાં જેટલો શાસકપક્ષ મજબુત હોય તેટલો જ વિરોધ પક્ષ હોવો જોઈએ પણ આજે દેશમાં લોકશાહીનું મારણ થઈ રહ્યું હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. ૨૦૧૯ સુધીમાં કોઈ શાસક નહીં સરમુખત્યાર જ હશે તેવી સંભાવના બૌધ્ધિક-શિક્ષિત વર્ગ 'મૌન' બની જોઈ રહ્યા છે જે થાય તે સમય જ બતાવશે. આપણે આગામી દિપોત્સવી નુતન વર્ષના તહેવારો શાંતિપુર્ણ વાતાવરણમાં પસાર થાય તેવી ઈશ્વર, પ્રભુ, અલ્લાહને પ્રાર્થના કરીએ દિપોત્સવી આપ આપના પરિવાર માટે સર્વદા સુખ, સમૃધ્ધિ, આરોગ્યપ્રદ, મંગલકારી, શાંતિમય બની રહે તેવી શુભકામના સહ દિપોત્સવી, નૂતન વર્ષાભિનંદન પાઠવું છું કલમ-શબ્દો દ્વારા ભુલેચુકે કોઈના હદય મનને કંઈ ઠેસ પહોંચી હોય તો ક્ષમા કરશો તેવી આશા સહ અસ્તુ..

**યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯**

**આરાધના**

**અનુસંધાન ૫ નું ચાલુ**

નામ અને કામ ધર્મનું છે.

પિતાજીના વચન માટે અયોધ્યાની રાજગાદી સહજતાથી છોડીને વલ્કલ ધારણ કરીને વનમાં જવા માટે એટલી સહજતાથી તૈયાર થયા છે. જાણે બાળક રમતાં રમતાં રમત છોડી દે.. અથવા સાપ કાંચળી ઉતારી દે તેમ સહજત્યાગની મૂર્તિ શ્રીરામ છે. સાથે લક્ષ્મણભાઈ તરીકે તેમની સેવા કરવા, સીતાજી પત્ની તરીકે તેમની સાથે સુખ દુ:ખમાં સહભાગી થવા, રાજમહેલની સાહ્યબી છોડી દે છે. ભરતને જ્યારે ખબર પડે છે ત્યારે તે રામને પાછા આવીને રાજગાદી સંભાળવા વિનંતી કરે છે. અંતે ન મા તોતેમની પાદુકાને રાજસિંહાસન ઉપર પધરાવીને તેમના વતી શાસન ચલાવે છે. કોના કોના ત્યાગની વાતો વાગોળીએ, અહીં તો બધા જ ત્યાગમૂર્તિઓ અને કર્તવ્ય પરાયણ મહાન વ્યક્તિઓની આ કથા છે. વાલીને મારીને ભગવાન શ્રીરામે કિસ્કીંધાનું રાજય તો સુગ્રીવને જ સોંપ્યું છે. રાવણને મારીને લંકાનું રાજય તો ભકત વિભિષણને જ સોંપ્યું છે. આમ પોતે કોઈ રાજય શાસનના લોભમાં પરાક્રમ નથી કર્યું માત્ર દુષ્ટોનો નાશ કરીને ભકતોની પુષ્ટી કરવાનું જ આ પરાક્રમ છે તેમ સાબિત કરતી રામાયણની કથા અનેક રીતે આપણને જીવન જીવતાં અને જીવનમાં આવતી મુશ્કેલીઓને હલ કાઢતાં શીખવે છે.

આવા મહાન ગ્રંથો દ્વારા આપણે જીવનની સફળતાનું રહસ્ય જાણીએ અને પોતે પણ એ રીતે ગૌરવશાળી જીવન જીવતાં શીખીએ એ જ અભ્યર્થના..

**નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

# સ્થાનિક બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | દુન તીબાર ૫ કી.૮૨૦૦ | અડદદાળ અક્ષર ૮૩૦૦૦ | **ખોળ બજાર** |
| **ચાંદી ચોરસા ૪૦૨૦૦-૪૦૫૦૦** | દુન તીબાર ૧ કી.૮૨૦૦ | મગ ૫૭૦૦ | દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦ |
| રૂપુ કાચું ૪૦૩૦૦-૪૦૫૦૦ | નર્મદા મગ પોલીસ | અંગુર તુવેરદાળ ૭૨૦૦ | મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦ |
| સોનુ તોલો ૩૦૨૦૦-૩૦૫૦૦ | ૫૮૦૦ | અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦ | જીરાળુ ૧૭૪૦ |
| **તેલ બજાર** | મગદાળ નર્મદા સુપર ૫૭૦૦ | ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦ |
| **રાધે પામોલીન ૧૦૦૦** | નર્મદા મગ મોગર ૬૫૦૦ | કિસાન તુવેરદાળ ૬૨૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦ |
| પામોલીન ૯૯૦ | મગમોગરનર્મદાપ્રીમી ૬૫૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦ |
| સોયા રીફાઈન ૧૨૫૦ | નર્મદા અડદદાળ ૭૦૦૦ | પરખ સ્પેશીયલ ૫૨૦૦ | **પરચુરણ** |
| રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૨૦ | દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦ | લાલપરી તીબાર જુના ૪૨૦૦ | સોજી ૮૬૦ |
| સીંગતેલ૧૫ કી. ૧૫૪૦ | દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦ | લાલપરી દુબાર જુના ૩૮૦૦ | મેંદો ૮૬૦ |
| સીંગતેલ ૧૫ લી.૧૪૭૦ | દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦ | લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦ | શ્રીફળ એમ. ૮૮૦ |
| સીગતેલ ૫ લી. ૪૬૦ | દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦ | લાલપરી દુબાર નવા ૩૯૦૦ | નિરમા સાબુ૫૨૫ |
| તિરૂપતી કપા. ૧૧૬૦ | દુન કણકી જુની ૩૦૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦ | મેદી ૬૦-૧૦૦ |
| ૫ લીટર ૩૮૮ | ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦ | લાલમંદિર બાસમતી ૩૬૦૦ | અજમો ૧૪૦-૧૭૦ |
| વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦ | ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦ | **ખાંડ બજાર** | સાકરીયા ૪૪૦૦ |
| કોપરેલ ૧૫ કિલો ૨૨૦૦-૨૬૦૦ | ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦ | (બોરીના ભાવ) | ખાંડ બુરૂ ૪૪૦૦ |
| ૫ કે. કોપરેલ૯૬૦ | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦ | **ખાંડ એસ. ૩૯૦૦-૩૯૫૦** | કોકમ ફુલ ૧૮૦ |
| ૫લી. અંકુર સીંગતેલ ૪૪૬ | તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦ | **ખાંડ એમ. ૪૦૦૦-૪૦૮૦** | એલચી ૧૧૦૦-૧૪૦૦ |
| **૧૫ લીટર સનફલાય ૧૧૮૦** | તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦ | ખાંડએલ. ૪૦૫૦-૪૫૦૦ | મોરૈયો ૬૫-૯૪ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦ | તુવરદાળ ખીડીયાર ૬૧૦૦ | **ચા-બજાર** | તલ ૯૦-૧૦૦ |
| ૫ લી. ૩૭૦ | દાવત સીલેકટનવા ૮૮૦૦ | સુરજ છાપ ચા ૩૦૦ | ખસ-ખસ ૩૫૦-૫૮૦ |
| ૨ લી. ૧૫૭ | દાવત સુપર જુના ૧૧૦૦૦ | હરણ છાપ ચા ૨૨૦ | સીંગદાણા ૬૫-૮૦ |
| **ચોખા-દાળ બજાર** | દાવત દીલખુશ નવા ૭૫૦૦ | **આખા મરચાં-હળદર** | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** |
| (૧૦૦ કીલોના ભાવ) | દાવત દીલખુશ જુના ૬૫૦૦ | હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦ | દુધી ૩૦૦-૪૦૦ |
| ગેટવે પ્રીમીયમ ૬૫૦૦ | દાવત દુબાર જુના ૭૦૦૦ | હળદર આખી રાજાપુરી | સુકી ડુંગળી ૩૦૦-૭૦૦ |
| ગેટ વ. રોયલ ૫૫૦૦ | દાવત રોઝાના જુના ૫૫૦૦ | ગટ્ટા ૧૦૦-૧૪૦ | લસણ ૭૦૦-૮૦૦ |
| ગેટવે રેગ્યુલર૫૦૦૦ | દાવત ૭૦ જુના ૪૩૦૦ | હળદર આખી સેલમ ૯૦ | ધાણા ૧૦૦૦-૧૨૦૦ |
| ગેટવે રીઝાના૪૫૦૦ | દાવત ૬૦ મીની જુના ૩૫૦૦ | હળદર તળેલી સાંગલી ૮૦ | મરચાં ૩૦૦-૫૦૦ |
| ગેટવે એવરેડી૪૦૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦ | મરચા વન્ડર હાટ ૨૦૫૦ | લીંબુ ૭૦૦-૮૦૦ |
| ગેટવે ડેઈલી ૩૫૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦ | મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦ | અડવી પત્તા ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦ | લાલ કીલ્લો તીબાર ૭૦૦૦ | મરચા તેજા ૧૮૦૦ | આદુ ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦ | લાલ કિલ્લો દુબાર ૫૫૦૦ | મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦ | રીંગણ ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦ | લાલ કિલ્લો મોગરો ૪૫૦૦ | મરચા ટોમેટો ૨૨૦૦ | ટામેટા ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦ | મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦ | ભીંડા ૫૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦ | હેરીટેજ તીબાર ૭૮૦૦ | કાશ્મીરી ૯૦ | કોબી ૬૦૦-૭૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦ | હેરીટેજ દુબાર ૬૦૦૦ | કાશ્મીરી મમરી ૯૦ | વટાણા ૯૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦ | હેરીટેજ મીની દુબા ૫૦૦૦ | સુપર પટની ૧૦૫ | ટીંડસા ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦ | કાયનાત પી ૮૫૦૦ | સુપર રજવાડી ૧૯૦ | ગવાર ૮૦૦-૯૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦ | કાયનાત સુપર ૮૦૦૦ | મરચા ડેડીકટ ૧૨૫ | બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦ | કાયનાત ૬૮૦૦ | મરચાં ૫૮૦૦ | સાંગા બટાકા ૧૨૦- ૧૪૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦ | રાજા બાસમતી ૪૦૦૦ | **ગોળ બજાર** | ચોળી ૮૦૦-૧૦૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦ | કુરૂક્ષેત્ર ૫૮૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦ | તુરીયા ૩૦૦-૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦ | એપ્પલ પ્રીમીય ૪૮૦૦ | વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦ | |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦ | ઓરેન્જ ૬૦૦૦ | વડેચા ૫ કી. | |
| ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦ | દાવત અપ્સરા ૫૦૦૦ | ૪૮૦૦ | |
| ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦ | જીરાસર ચંદન ૩૮૦૦ | વડેચા ૧ કી. | |
| દુન પ્રીમીયમ ૯૦૦૦ | ચણાદાળ ૪૪૪ ૭૧૦૦ | ૫૦૦૦ | |
| દુન તીબાર ૨૫ કી.૭૭૦૦ | મગદાળ સમરદીપ ૭૨૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦ | |
| દુન તીબાર ૧૦ કી.૭૨૦૦ | મગમોગર રીયલ ૮૦૦૦ | સાંગલી ૧૦ કે. ૪૩૦૦ | |

## શ્રી સમાલ ગોળ દરજી જ્ઞાતિના તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

### પાટણ ખાતે દરજી જ્ઞાતિ છાત્રાલયનું ઉદ્‌ઘાટન



પાટણ

પાટણ ખાતે નવનિર્મિત શ્રી સમાલ ગોળ દરજી જ્ઞાતિ છાત્રાલયનું તા. ૩૦-૯-૨૦૧૭ દશેરાના દિવસે છાત્રાલયના દાતાશ્રીઓ, ભોજન પ્રસાદ, ઈનામ વિતરણ, મંડપ તેમજ પત્રિકાના દાતા તેમજ સમાજના વડીલો, ભાઈઓ, બહેનો અને બાળકોની ઉપસ્થિતિમાં પ્રમુખ, કેશવલાલ ખોડીદાસ ચાવડા ડીસાના વરદ્ હસ્ત તથા મંત્રી ડાહ્યાભાઈ દરજી પાટણ અને કારોબારીની હાજરીમાં વિધિવત રીતે રીબીન કાપી ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. આ શુભ પ્રસંગે દાતાશ્રીઓ પાંચાભાઈ, રામજીભાઈ, કરમશીભાઈ, રૂગનાથભાઈ, ડૉ.હસમુખભાઈ, બાબુભાઈ, દિનેશભાઈ, કાન્તિભાઈ, લીલાભાઈ, જયચંદભાઈ, બાબુભાઈ, કેશવલાલ, મનસુખભાઈ, મનુભાઈ, જયંતિભાઈ, અશ્વિનકુમાર, પ્રહલાદભાઈ તેમજ સમાજના વડીલો, ભાઈઓ-બહેનો અને બાળકો વિગેરે બહોળી સંખ્યામાં હાજર રહેલ હતા. ઉદ્‌ઘાટન બાદ સૌએ ભોજન પ્રસાદ લીધેલ ત્યારબાદ વર્ષ ૨૦૧૭ માં ઉર્તિણ થયેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવેલ.

આ કાર્યક્રમનું સંચાલન અશોકભાઈ ચાવડા તેમજ દરજી વિનોદભાઈએ કર્યુ હતું. આ હોસ્ટેલમાં રહેવા આવનાર વિદ્યાર્થીઓ માટે સી.સી. ટી.વી. કેમેરા, એલ.ડી.ટીવી, ખુરશીઓ, ટેલબ શેટી, ગાદલા, વાસણ, ડોલ, ટ્યુલાઈટ, દિવાલ ઘડીયાળ વિગેરે જરૂરિયાત મુજબ સમાજના દાતાશ્રીઓ તરફથી દાનનો પ્રવાહ વહેડાવવામાં આવેલ અને દાતાઓએ ખુલ્લા દિલથી જરૂરિયાત મુજબની સાધન-સામગ્રી આપવાની નોંધણી કરાવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૩૦-૯-૨૦૧૭ સુધીમાં સમય ગાળામાં છાત્રાલયનું કામ, સાધન સામગ્રી વિગેરેની જરૂરિયાતો પૂરી કરી નવીન કારોબારીને હવાલો સુપ્રત કરાયો હતો.

## સાંતલપુરમાં ડી.પી ફરતે લગાવાયેલી જાળીયો ખુલી જતાં અકસ્માતનો ભય

પાટણ

સાંતલપુરમાં જી.ઈ.બી.ના ટ્રાન્સફોર્મરની આસપાસ જાળીયો લગાડવાની કામગીરી એક બે મહિના અગાઉ કરવામાં આવી હતી. પરંતુ આ કામગીરી તદ્દન ઢંગધડા વિનાની કરવામાં આવી છે અને સુરક્ષાના નામે પણ ઘોર બેદરકારી રાખવામાં આવી છે. જાળીયો ફીટ કરવામાં કોઈ પ્રકારનું લેવલીંગ નથી. અને દરવાજાવાળી આ જાળીયોનો દરવાજો બંધ થતો જ નથી. જેથી કોઈ પશુ કે બાળકો માટે આ જોખમી બાબત છે. લોક સુરક્ષા માટે લગાવાયેલી જાળી બેદરકારીથી ફીટ કરવામાં આવતા ગમે તે સમયે અકસ્માત સર્જાય તેવી ભીતિ સેવાય છે. આ પ્રશ્ન ચર્ચાનો વિષય બનેલ છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | થરા | મેથી | ૫૦૧-૫૨૫ |
| જીરૂ | ૩૨૦૧-૩૫૩૬ | સુવા | ૭૫૧-૮૨૦ |
| એરંડા | ૮૮૩-૮૮૭ | રાજગરો | ૭૪૧-૭૭૦ |
| રાયડો | ૬૩૦-૬૫૦ | તલ | ૧૧૦૫-૧૨૦૫ |
| ગવાર | ૬૫૦-૬૬૮ | જીરૂ | ૨૫૦૦-૨૯૦૫ |
| ઘઉં | ૨૯૫-૩૨૫ | રજકો | ૨૧૧૧-૨૫૮૧ |
| બાજરી | ૨૧૦-૨૪૦ | અન્ય | ૬૨૨-૭૯૦ |
| | પાટણ | અજમો | ૭૩૨ |
| જીરૂ | ૨૯૩૬-૩૬૫૧ | | લાખણી |
| એરંડા | ૮૬૫-૮૯૫ | એરંડા | ૮૮૭-૮૯૭ |
| વરી. | ૭૫૦-૧૦૩૫ | રાયડો | ૬૩૧-૬૪૬ |
| સુવા | ૭૬૦-૮૦૧ | બાજરી | ૨૩૧-૨૩૬ |
| મેથી | ૩૫૦-૪૬૬ | ગવાર | ૬૭૦-૬૭૬ |
| રાયડો | ૬૦૦-૬૫૨ | વરી. | ૮૦૦-૮૬૦ |
| તલ | ૧૧૪૦ | સુવા | ૭૬૦ |
| બંટી | ૩૦૧-૩૨૪ | | થરાદ |
| ગવાર | ૬૭૭-૬૮૬ | ચીકુડી | ૭૫૫-૮૨૧ |
| ઘઉં | ૩૦૮-૩૫૭ | ગવાર | ૬૫૫-૬૮૧ |
| અડદ | ૪૪૦-૮૬૫ | મગ | ૭૬૦-૯૪૦ |
| બાજરી | ૨૦૦-૨૩૫ | મેથી | ૪૩૦-૪૭૦ |
| | સિદ્ધપુર | એરંડા | ૮૬૫-૮૮૩ |
| રાયડો | ૬૧૬-૬૫૦ | બાજરી | ૨૨૩-૨૪૪ |
| એરંડા | ૮૫૧-૮૮૭ | ઈસ. | ૧૮૦૦-૨૦૦૦ |
| મગ | ૬૩૦-૮૦૫ | જીરૂ | ૨૮૦૦-૩૫૦૫ |
| અડદ | ૮૧૪-૮૫૫ | રાયડો | ૬૪૦-૬૬૫ |
| ગવાર | ૫૭૧-૬૭૦ | અજમો | ૭૦૦-૧૧૫૦ |
| ચોળા | ૪૭૦-૬૦૫ | | રાહ |
| ઘઉં | ૩૦૫-૩૪૪ | રાયડો | ૬૪૦-૬૫૦ |
| બાજરી | ૧૫૧-૨૫૦ | એરંડા | ૮૫૦-૮૬૫ |
| જવ | ૩૨૫-૩૭૬ | બાજરી | ૨૨૫-૨૫૦ |
| | ધાનેરા | | ભીલડી |
| ઘઉં | ૨૯૦-૩૨૯ | એરંડા | ૮૮૦-૮૮૮ |
| બાજરી | ૨૩૨-૨૬૨ | રાયડો | ૬૨૫-૬૪૦ |
| મગ | ૮૫૬-૮૭૯ | રાજગરો | ૭૫૫ |
| ચોળા | ૬૦૦-૭૨૬ | બાજરી | ૧૯૭-૨૩૪ |
| ગવાર | ૬૬૦-૬૮૪ | ઘઉં | ૨૯૧-૩૦૫ |
| રાયડો | ૬૧૦-૬૬૫ | તલ | ૧૨૦૧-૧૨૩૮ |
| એરંડા | ૮૫૭-૮૮૨ | અડદ | ૭૩૬-૮૫૧ |
| ઈસ. | ૧૭૦૦ | | |

## ગાંભુ નજીક પેસેન્જર ગાડી ઝાડ સાથે અથડાતા એકનું મોત

ચાણસ્મા

ગત શનિવારે વહેલી સવારે મહેસાણાથી મોઢેરા તરફ પેસેન્જર ભરેલી ઈકો ગાડીના ડ્રાયવરે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ગણેશપુરા ગામ પાસે ગાડી રોડ સાઈડે ચોકડીઓમાં ગબડી એક ઝાડ સાથે અથડાતાં ગાડીનો કચ્ચર ઘાણ વળી ગયો હતો. જેમાં ૧૧ મુસાફરો હતા. તેમાંથી એક વ્યક્તિનું ઘટના સ્થળે મોત થયું હતું. જ્યારે ત્રણ જણાને ગંભીર ઈજાઓ થઈ હતી અને ૭ જણાને સામાન્ય ઈજા થઈ હતી.

જાણવા મળતી વિગતો અનુસાર વિસનગરના ડ્રાયવર ગોપાલભાઈ પ્રજાપતિ પોતાના નિત્યક્રમ મુજબ ગત શનિવારે તેમની ઈકો ગાડી લઈ જુદા જુદા સ્ટેન્ડ પરથી મુસાફરો ભરી વિઠલાપુર ખાતે ખાનગી કંપનીમાં મુક્યા જઈ રહ્યા હતા. ત્યારે મહેસાણા- મોઢેરા રોડ ઉપર ગણેશપુરા ગામ નજીક ડ્રાયવરે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ગાડી ચોકડીઓમાં ગબડી એક ઝાડ સાથે અથડાતાં ૧૧ મુસાફરો પૈકી ઝાલા યુવરાજસિંહ વિક્રમસિંહ (ઉ.વ.૨૪) નું ઘટના સ્થળે મોત થયું હતું. જ્યારે ૩ જણાને ગંભીર ઈજાઓ અને ૭ જણાને સામાન્ય ઈજાઓ થઈ હતી. ગંભીર ઈજાગ્રસ્તોને મહેસાણા પ્રાથમિક સારવાર આપ્યા બાદ અમદાવાદ ખાતે રિફર કરવામાં આવ્યા હતા. આ અંગેની ફરિયાદ ઠાકોર વનરાજજીએ મોઢેરા પોલીસ મથકે નોંધાવી હતી.

## પાટણ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતિની ૧૨ ઓક્ટોમ્બરે ચૂંટણી

પાટણ

પાટણ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતિની સામાન્ય ચૂંટણી થોડાક મહિનાઓ અગાઉ યોજવાની હતી. પરંતુ અતિવૃષ્ટિના કારણે ચૂંટણી મુલત્વી રાખી હતી. ત્યારબાદ હાઈકોર્ટમાં અપીલ થવાના કારણે ચૂંટણી અમુક દિવસો મુલત્વી રહી હતી. પરંતુ કોર્ટ ચૂંટણી યોજવા મંજૂરી આપતા સરકારે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરતા રાજકકરણ ફરી ગરમાયુ છે. જેમાં ખરીદ - વેચાણ વિભાગની બેઠકો બિનહરીફ થતાં ખેડૂત વિભાગની ૮ બેઠકો આવી ૧૧ ઉમેદવારો અને વેપારી વિભાગની ૪ બેઠકો માટે ૮ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાવાની છે. ત્યારે હાઈકાર્ટે ચૂંટણી યોજવાની મંજૂરી આપતાં રાજય ચૂંટણી નિયામક વાય.બી.બ,દ્ધિ દ્વારા ૧૨ ઓકટોમ્બરે ચૂંટણીની તારીખ જાહેર કરી છે.

## પાટણ પાલિકાની બેઠકમાં બે ચેરમેન દૂર કરી એક ચેરમેન યથાવત રહ્યા

પાટણ

પાટણ પાલિકામાં કોંગ્રેસ નગર સેવકો અને પાર્ટી વચ્ચેનો ટકરાવ હદ વટાવી ચૂક્યો હોવાનું બોર્ડ બેઠક બોલાવતા જાહેર થઈ ગયું હતું.કોંગ્રેસની મનાઈ છતાં ત્રણ ચેરમેન વિરૂધ્ધની દરખાસ્ત બાબતે બેઠક બોલાવી નારાજ જૂથ બે ચેરમેન દૂર કરાવવામાં સફળ રહ્યું હતું. ટાઉન પ્લાનીંગ ચેરમેનને ભાજપ અને કોંગ્રેસના નારા જુથે હટાવ્યા બાદ સફાઈ કમિટિના ચેરમેને રાજીનામું આપતાં મંજુર કરી દેવાયું હતું જ્યારે બાંધકામ કમિટિના ચેરમેનને યથાવત રખાયા હતા.

પાટણ પાલિકમાં ત્રણ ચેરમેન દૂર કરવાના મામલે આવેલી દરખાસ્તનું બોર્ડ મુલતવી રાખવાની જિલ્લાથી લઈ પ્રદેશ કોંગ્રેસ દ્વારા તરફેણ કરી હતી જ્યારે ભાજપના અને કોંગ્રેસના ૧૩ મળી ૨૧ સભ્યોએ વાંધો લેતાં આખરે અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ હતી ત્યારે નવા ટીપી ચેરમેન પણ બનાવી દેવાયા હતા. બાંધકામ કમિટિના ચેરમેન પિનલબેન સોલંકીની દરખાસ્તના પ્રશ્ને ઉપસ્થિત નગરસેવકોએ બહુમતિથી યથાવત રાખી નારાજ જૂથે જીવતદાન આપ્યું હતું.સફાઈ ચેરમેન વિરૂધ્ધની ત્રીજી દરખાસ્ત પસાર કરવાની તજવીજ શરૂ થાય કે મતદાન પ્રક્રિયા આગળ વધે તે અગાઉ ચેરમેન મનિષાબેન પટેલે રાજીનામું આપી દીધું હતું. જેને પ્રમુખે મંજુર રાખતા આખરે ૧ ચેરમેનને દૂર કરવા નારાજ જૂથ સફળ રહ્યું હતું.

## વિજાપુરના સંઘપુરની સાબરમતી નદીમાંથી ગેરકાયદેસર રેતીના વહન અંગે ફરિયાદ

મહેસાણા

વિજાપુર તાલુકાના સંઘપુર ગામની સીમમાંથી પસાર થતી સાબરમતી નદીના પટમાંથી ગત ૧૫ એપ્રિલ અને ૧૨ ઓગસ્ટના રોજ ખાણ ખનીજ વિભાગે દરોડો પાડ્યો હતો અને ઝડપાયેલા બે મશીન અને ડમ્પરોના માલિકોની તપાસ હાથ ધરવામાં આવી હતી. જેનો રિપોર્ટ આપતા બંને દરોડાની બે અલગ- અલગ ફરિયાદો વિજાપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. જાણવા મુજબ મહેસાણા મદદનીશ ભુસ્તર શાસ્ત્ર કચેરીના વિશાલ ઝાલાએ ગત શુક્રવારે વિજાપુર પોલીસ મથકમાં બે હિટાચી મશીનના માલિકો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. ૧૫ એપ્રિલે સંઘપુરની સીમમાંથી પસાર થતી સાબરમતી નદીમાં દરોડા દમિયાન હિટાચી મશીન દ્વાર ખોદકામ કરી રૂા. ૫.૬૭ કરોડની ખનીજ ચોરી કરી હતી

## શંખેશ્વરમાં ૧૫૦ દુકાનોના વિવાદ સંદર્ભે વેપારીઓ દ્વારા મામલતદારને આવેદનપત્ર

હારીજ

શંખેશ્વરના મુખ્ય બજાર વિસ્તારમાં ૧૫૦ દુકાનોના વિવાદ બાદ દુકાનો હાલ બંધ હાલતમાં છે. જેને કારણે વેપારીઓની રોજીરોટી છીનવાતા વેપારીઓએ ધરણા શરૂ કર્યા છે અને મામલતદારને આવેદનપત્ર આપી ન્યાયની માંગણી કરી છે.

જાણવા મુજબ શંખેશ્વરમાં છેલ્લા ત્રણ વર્ષથી જી.ગો.પેઢી અને શુભ મંગલમ ફાઉન્ડેશનના ભોગે વેપારીઓને રોડ પર ઉતરવું પડ્યું છે. જો ૪૮ કલાકમાં નિવેડો નહિં આવે તો વેપારીઓએ ઉગ્ર આંદોલનની ચીમકી આપી છે. આમ દુકાનોનો મામલો કોર્ટમાં પહોંચતા સ્ટે અપાયો હોવાના કારણે દુકાનો બંધ કરાઈ છે. શંખેશ્વર મેઈન બજારની તમામ નાની- મોટી દુકાનોને વેપારીઓએ સ્વયંભૂ બંધ કરાવી રેલી કાઢી મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. જે ૧૫૦ દુકાનો મેઈન બજારમાં છે. તે હાલ બંધ પડી છે. જેના કારણે નાના- મોટા ઘણા વેપારીઓને નુકસાન થઈ રહ્યું છે. અગાઉ રસીકલાલ માણેકચંદ શાહ તરફથી શંખેશ્વર ગ્રામ્ય વિસ્તારમાં વિકાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેના કારણે લોકોમાં આનંદની લાગણી વ્યક્ત થઈ હતી. પરંતુ કોઈ કાયદાની જોગવાઈ પ્રમાણે મેઈન બજારમાં કોઈ ગંભીર પ્રશ્ન ઉભો થતાં વિકાસ કામગીરી બંધ છે. જેથી વેપારીઓ ભૂખ હડતાલ પર ઉતર્યા છે.

## માંડલીયા ગામે રસ્તા પરથી નિકળવા બાબતે હુમલો: ચાર સામે ફરિયાદ

મોડાસા

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના મુડસી (માંડલીયા) ગામે એક પરિવારના સભ્યોને આવવા-જવા માટેનો રસ્તો બંધ કરાવી દેતાં પરિવારના સભ્યો ઉપર હુમલો કરી ગંભીર ઈજાઓ કરી હોવાના બનાવ બાબતે મેઘરજ પોલીસ સ્ટેશને ચાર ઈસમો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગત અનુસાર મેઘરજના મુડસી ગામે જયંતિભાઈ કાનાભાઈ ડામોર, ખેતીકામ કરી પરિવારનો જીવન નિર્વાહ કરી રહ્યા છે. જ્યારે આરોપી સમતાભાઈ સવાભાઈ ડામોર, જશાભાઈ સવાભાઈ ડામોરના મકાનની બાજુમાં ફરિયાદીના તથા તેમના મકાનના જવા માટેનો રસ્તો આવેલ છે. ફરિયાદી જયંતિભાઈ ડામોર ના પરિવારે આ રસ્તે જવા આવતા ઉપરોક્ત આરોપી ઓએ અટકાવી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપે છે. દરમ્યાન તા. ૩/૧૦/૨૦૧૭ ના રોજ જયંતિભાઈ ડામોર, તથા જેનાભાઈ ડામોર રામગઢીથી ઘર તરફ ટ્રેક્ટર પર આવી રહ્યા હતા. ત્યારે આરોપી જાસુભાઈ ડામોર તથા અન્યોએ જયંતિભાઈને અટકાવી 'આ રસ્તેથી કેમ આવ- જા કરો છો? તેમ કહી જીવલેણ હુમલો કરી માર માર્યો હતો. અને જાનથી મારી નાંખવાની ધમકી આપતા ૪ વ્યક્તિઓ વિરૂધ્ધ જયંતિ ભાઈએ મેઘરજ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

## પ્રતાપગઢ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.નો રજત જયંતિ મહોત્સવ યોજાયો

હિંમતનગર




સહકારી દુધ વ્યવસાયમાં સફળતા પૂર્વક ૨૫ વર્ષની વિકાસ યાત્રા પુર્ણ કરતાં પ્રતાપગઢ (સાબલી) દુધ ઉત્પાદક સહ.મં.લી.તા.ઈડર જી.સાબરકાંઠાનો રજત જયંતિ મહોત્સવ તા. ૬-૧૦-૧૭ ના રોજ રમણલાલ વોરા, અધ્યક્ષ ગુ.વિધાનસભાના અધ્યક્ષપદે યોજાઈ ગયો.

રજતજયંતિ મહોત્સવનું ઉદ્‌ઘાટન અને તકતી અના વરણ વિધિ સાબરડેરી અને અમુલ ફેડરેશનના ચેરમેન જેઠાભાઈ પી.પટેલના હસ્તે કરવામાં આવેલ.

સમારંભમાં સાબરકાંઠા જિલ્લા સહ.બેંકના ડીરે. જયંતિભાઈ જે.પટેલ, સાબરડેરીના ડીરે. કનુભાઈ પટેલ, કિસાન સંઘ સાબરકાંઠા જિલ્લાના મહામંત્રી અનોપ સિંહ ચૌહાણ, અશ્વિનભાઈ પટેલ (પૂર્વ પ્રમુખ તાલુકા પંચાયત ઈડર), કનુભાઈ પટેલ (તાલુકા પ્રમુખ ભાજપ, ઈડર), હેમલભાઈ દેસાઈ (ઉપ પ્રમુખ સાબરકાંઠા ભાજપ), સતીષ પટેલ મહામંત્રી ભાજપ ઈડર આજુબાજુની દુધ મંડળીના ચેરમેનો, સેક્રેટરીઓ તથા બહોળી સંખ્યામાં દુધ ઉત્પાદકોની હાજરીમાં સંપન્ન થયો.

કાર્યક્રમમાં મહેમાનોના હસ્તે દુધ મંડળીના આદ્યસ્થાપક તથા આજ દિન પર્યંત મંડળીના વિકાસમાં યોગદાન આપનાર ચેરમેનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

## ઊંઝાની કચેરીઓમાં કાયમી અધિકારીઓ મુકવા લોકમાંગ

ઊંઝા

ઊંઝા શહેરમાં આવેલી વિવિધ સરકારી કચેરીઓમાં કાયમી જગ્યાઓ પર કોઈ રેગ્યુલેર અધિકારી નિયુક્ત કરવામાં ન આવતા કેટલાય સમયથી ઊંઝા પાલિકા, સિવિલ હોસ્પિટલ તેમજ સીટીસર્વે અને ઊંઝા તાલુકા પંચાયત ચાર્જના અધિકારીઓ પર ચાલી રહી છે. જેથી કાયમી અધિકારી મુકાય તેવી લોકમાંગ ઉઠી છે.

ઊંઝા નગરપાલિકા ખાતે હાલ ચીફ ઓફિસરની જગ્યા ખાલી છે. અહી મહેસાણા પાલિકાના ચીફ ઓફિસર નવનીત પટેલને ચાર્જ સોંપવામાં આવ્યો છે. મહેસાણા ઉપરાંત ઊંઝાનો ચાર્જ હોવાથી કામગીરીને અસર પહોંચી રહી છે. રેગ્યુલેર અધિકારી વિના પાલિકાની કામગીરી અને વિકાસ કામો અટવાતા રહે છે.

ઊંઝા સિવીલ હોસ્પિટલ ખાતે ડો.કૌશિક પટેલ પણ ઈન્ચાર્જ સિવીલ અધિક્ષક તરીકેની કામગીરી સંભાળે છે. સીટીસર્વે ખાતે પણ ઘણા સમયથી રેગ્યુલેર અધિકારી મુકવામાં આવ્યો નથી હાલમાં એ.બી. સોલંકીનો સીટી સર્વેનો ચાર્જ સાંભાળે છે.

ઊંઝાના તાલુકા પંચાયત ખાતે ટીડીઓ તરીકે ડો.રાજેશ પટેલ છે. જેઓની પાસે ઊંઝા પશુ દવાખાનાનો પણ ચાર્જ છે. જેથી ઉપરોક્ત જગ્યા ઓએ કાયમી અધિકારી મુકવા લોકમાંગ ઉઠી છે.

**ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી -૨૦૧૭ અંતર્ગત**

## પાટણ ખાતે ચૂંટણીની આગોતરી કામગીરી માટે નોડલ અધિકારીઓની બેઠક યોજાઈ

પાટણ



ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૧૭ નો કાર્યક્રમ જાહેર થવાની સંભાવના હોવાથી કલેક્ટર કચેરી, પાટણ ખાતે ચૂંટણી આગોતરી કામગીરીના ભાગરૂપે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષ સ્થાને પાટણ જિલ્લાની ચાર વિધાનસભાની ચૂંટણી બાબતે નોડલ અધિકારીઓની બેઠક બોલાવી હતી. જેમાં નિવાસી અધિક કલેક્ટર બી.જી. પ્રજાપતિ, નાયબ ચૂંટણી અધિકારી જે.જે.પટેલ અને નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા અધિકારી અને કલેક્ટર આનંદ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ ની કામગીરી માટે પાટણ જિલ્લામાં ૧૮ નોડલ અધિકારીની નિમણુંક કરવામાં આવી છે. દરેક નોડલ અધિકારીની કામગીરીથી વાકેફ કરી વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. નાયબ ચૂંટણી અધિકારી જે.જે.પટેલ દરેક નોડલ અધિકારીને કામગીરીથી વાકેફ કર્યા હતા. દરેક નોડલ અધિકારીને જરૂરી માહિતી પુરી પાડી હતી.

## રાધનપુરમાં ચોરીઓનો સિલસિલો ના અટકતા આજે બંધનું એલાન

### વેપારીઓ આજે પ્રાંત કચેરી આગળ ધરણા કરશે

રાધનપુર

રાધનપુર શહેરમાં ભરબઝારે દુકાનોમાં ચોરી ઓનો સિલસિલો ચાલુ રહેતા વેપારીઓમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી છે અને પોલીસ સ્ટેશને જઈને રજુઆત કરતા યોગ્ય જવાબ ના મળતા વેપારીઓએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપીને મંગળ વારે વેપારી એસોસિ યેશનના માધ્યમથી બંધનું એલાન આપ્યું છે, અને વેપારીઓએ પ્રાંત અધિકારી કચેરી આગળ ધરણાંનો કાર્યક્રમ રાખ્યો છે, હજુ તો શુક્રવારે રાજ્ય સરકારના મંત્રી કેશાજી ચૌહાણને રાધનપુર શહેરમાં ચોરીઓ અટકતી ના હોવાથી આવેદન આપીને દુકાનોમાં થતી ચોરીઓ અટકાવવા જરૂરી પગલાં લેવા રજુઆત કરી હતી, પરંતુ તસ્કરોને જાણે કે કઈ ફરક પડ્યો નથી અને પોલીસનો ડર પણ જાણે ના રહ્યો હોય તેમ રવિવારે રાત્રે હાઈવે ચાર રસ્તા નજીક આવેલ દરગાહની સામે આવેલી કરિયાણાની દુકાનમાં એક લાખ રૂપિયાનાસરસામાન અને રોકડની ચોરી થતા વેપારીઓનો રોષ બહાર આવ્યો હતો અને પોલીસ સ્ટેશને જઈને રજુઆત કરી હતી, ત્યારબાદ પ્રાંત અધિકારીને પણ આવેદન આપ્યું હતું.જેમાં વારંવાર ચોરીઓથી વેપારી ત્રાસી ગયા છે અને વેપારીઓમાં ભયનો માહોલ ઉભો થવા પામ્યો છે,જેથી વેપારીઓ દ્વારા મંગળવારે બંધનું એલાન આપીને ધંધા રોજગાર બંધ રાખવાનું નક્કી કર્યું છે અને જ્યાં સુધી તસ્કરો ના પકડાય કે તંત્ર તરફથી કોઈ સંતોષકારક ઉકેલ ના આવે ત્યાં સુધી ધંધા બંધ રાખીને પ્રાંત કચેરી આગળ ધરણા કરવાનો નિર્ણય કર્યો હતો,વેપારી એસોસિયેશન દ્વારા શહેરમા રીક્ષા ફેરવીને તમામ વેપારીઓને બંધમાં જોડાવાની અપીલ કરવામાં આવી હતી, વેપારી એસો સિયેશનના પ્રમુખ મહેશભાઈ અદાના જણાવ્યા મુજબ બે મહિનામાં જાહેર માર્ગ ઉપર આવેલી ૧૭ દુકાનોમાં ચોરી થઈ છે, અને તસ્કરોએ રીતસર માઝા મૂકી છે,જેનાથી ભારે વરસાદ-પૂર અને જી.એસ. ટી.થી ત્રાસ્ત વેપારીઓ ત્રાહિમામ પોકારી ગયા છે.તાત્કાલિક તંત્રએ યોગ્ય પગલાં ભરવા જોઈએ.

# શિહોરી-દિયોદર રોડ ઉપરના આકોલી પાસે ત્રિપલ અકસ્માતમાં 3 લોકોને ઈજા




વિજય સિલ્વા

**એસ.ટી. બસના ડ્રાઈવરે સ્ટેયરીંગ પર કાબુ ગુમાવી સ્વીફ્ટ ગાડી અને ટ્રેક્ટર ટ્રોલીને અડફેટે લીધા**

પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ તાલુકાના શિહોરી-દિયોદર રોડ ઉપર આકોલી બસસ્ટેન્ડ પાસે વડનગર પી.એમ. નરેન્દ્રભાઈ મોદીના મેળામાંથી આવી રહેલ બસ નં.જી.જે.૧૮ ૯૦૨૪ ના ડ્રાઈવરે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતાં નવી નક્કોર સ્વીફ્ટ ગાડી નં.જીજેડબલ્યુ-૮- ટીસી-૪૦૧એબી (કંપનીનો નંબર) તેમજ ટ્રેક્ટર ટ્રોલીને અડફેટે લઈ બન્નેના ફુરચા બોલાવી દીધા હતા. જેમાં સ્વીફટના ચાલક તેમજ અંદર બેઠેલ અન્ય વ્યક્તિને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. જ્યારે ટ્રેક્ટરના ચાલકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં શિહોરી ૧૦૮ દ્વારા સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જે સમાચાર વાયુવેગે પ્રસરતાં ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અને શિહોરી પી.એસ.આઈ.

અનુસંધાન પાના નં.૬

બનાસ ડેરી અને રાજ્ય સરકારના સહયોગથી

# બનાસકાંઠા સહિત રાધનપુર, સાંતલપુર તાલુકાના પશુપાલકોને વિનામૂલ્યે બનાસદાણ વિતરણ થશે



પાલનપુર

બનાસકાંઠાની પ્રજા મહેનત કરીને પોતાના જીવન ધોરણમાં સુધારો લાવ્યો છે જેમાં બનાસડેરીનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. બનાસકાંઠામાં અવાર નવાર કુદરતી આફતો આવતી રહે છે પરંતુ બનાસકાંઠાની મહેનતકસ પ્રજા હમેશાં આફતો સામે ઝઝૂમીને પુરૂષાર્થ કરે છે. કુદરતી રીતે આવતી દરેક આફતોમાં બનાસ ડેરી હમેંશા બનાસની પ્રજા સાથે રહીને સંઘર્ષ કરે છે. જિલ્લાની પ્રજા સાથે બનાસ

અનુસંધાન પાના નં.૬

# મહેસાણાની સાત વિધાનસભા બેઠકો ઉપર ટીકીટ વહેચણીને લઈ રાજકીય પક્ષોનો સળવળાટ

**પાટીદાર આંદોલનના એપી સેન્ટર ગણાતા મહેસાણા જિલ્લાનું ચૂંટણી ચિત્ર શું હશે ?**

આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. મુખ્ય રાષ્ટ્રીય પક્ષ ભાજપ ગુજરાતમાં ફરીથી સત્તા સ્થપાય તે માટે આરપારની લડાઈ લડી લેવાના મુડમાં જણાય છે. જ્યારે ગુજરાતમાં સતત ૨૦ વર્ષથી સત્તાથી વિમુખ રહેનાર કોંગ્રેસ પક્ષ ગ્રામ્ય લેવલ સુધી પક્ષનું સંગઠન બનાવી હાલની ભાજપ સરકારની નિષ્ફળતાને ઉજાગર કરી ગુજરાતમાં કોંગ્રેસનું શાસન લાવવા એડી ચોટીનું જોર લગાવી રહ્યો છે. અને હવે ગણતરીના દિવસોમાં ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થનાર છે ત્યારે વિધાનસભામાં મુરતીયાની પસંદગી માટે બંન્ને મુખ્ય રાજકીય પક્ષો દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. જો કે ઉમેદવારની આખરી પસંદગી માટે બન્ને પક્ષમાંથી કોઈપણ પક્ષઉમેદવારોની ફાઈનલ યાદી પ્રસિધ્ધ કરવામાં ફુંકી ફુંકીને આગળ વધી રહ્યા છે. તેવા સંજોગોમાં મહેસાણા જિલ્લામાં સમાવિષ્ટ સાત વિધાનસભા માટે બંન્ને પક્ષ દ્વારા ઉમેદવારોની આખરી યાદીને ઓપ આપવામાં આવી રહ્યો છે. અને બંન્ને પક્ષ દ્વારા ચૂંટણીમાં જીતે તેવા સ્વચ્છ પ્રતિભા ધરાવતા પક્ષને વફાદાર સહિત જાતિવાદના ધોરણે ઉમેદવારોની પસંદગીમાં ધ્યાન રાખવામાં આવે તેવી પુરેપુરી શક્યતાઓ જોવાઈ રહી છે. આ બંન્ને મુખ્ય રાજકીય પક્ષ ઉપરાંત એન.સી.પી., બહુજન સમાજ પાર્ટી, જેડી.યુ., જન વિકલ્પ પાર્ટી સહીત અપક્ષનો રાફડો બીલાડીની ટોપની જેમ અહી પણ અંતિમ દિવસોમાં બહાર આવશે તેમ જણાય છે. ભાજપ પક્ષ જે બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવારના જીતની શક્યતા જણાય ત્યાં કોંગ્રેસના ઉમેદવારના મતના વિભાજન માટે અન્ય પક્ષોને પણ અંદરખાને ચૂંટણી મેદાનમાં ઉતારી બહુમતી મેળવવા સોગઠા ગોઠવી રહ્યો છે.

મહેસાણા જિલ્લામાં વિધાનસભાની બેઠકોમાં બેચરાજી, કડી, મહેસાણા, ઉંઝા, વિસનગર, ખેરાલુ અને વિજાપુર સહિત સાત બેઠકોનો સમાવેશ થાય છે. જેમાં હાલમાં કડી અનુસુચિત જાતિની બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર વિજેતા બન્યા હતા. જ્યારે વિજાપુરની બેઠક પણ કોંગ્રેસે કબ્જે કરી હતી પરંતુ હમણાં રાજયસભાની ચૂંટણી વખતે કોંગ્રેસના ધારાસભ્ય પી.આઈ. પટેલે રાજીનામુ આપી ભાજપમાં જોડાતા આ બેઠક માટે કોંગ્રેસે નવા ઉમેદવારની શોધખોળ હાથ ધરી છે. જ્યારે અન્ય પાંચ બેઠકો ઉપર ૨૦૧૪ ની વિધાનસભામાં ભાજપે ભગવો લહેરાવી કબજે કરી હતી. બહુચરાજીની વિધાનસભાની બેઠક ઉપર નવા સિમાંકનમાં મહેસાણાની કેટલીક સોસાયટીના પાટીદારોનો મત વિસ્તાર તેમજ જોટાણા અને મહેસાણા તાલુકાના કેટલાક ગામોમાં કે જયાં પાટીદારોના મતનુ પ્રભુત્વ વધારે હોવાથી રજનીકાંત પટેલ વિજેતા બની અનુસંધાન પાના નં.૬

કારણ વગરનું રાજકારણ – ચૂંટણી ચક્રવ્યુહ ૨૦૧૭

## ઉમેદવારોને આહ્‌વાન

ચૂંટણી મહાયુધ્ધ-૨૦૧૭ શરૂ થઈ ગયું છે, ત્યારે ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારો થનગની ઉઠ્યાં છે. લોકશાહીના આ સુવર્ણ અવસર પ્રસંગે દરરોજ ચૂંટણીની રજેરજની માહિતી આપવા સાથે મતદારોને જાગૃત કરવા'રખેવાળ' દૈનિક કટીબધ્ધ બન્યું છે. આ વખતની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ સાથે એન.સી.પી., બસપા, જનમત મોરચો અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો પણ ચૂંટણી જંગમાં ઝંપલાવે તેવી શકયતા છે તો આ અપક્ષો પણ ઉમેદવારીમાં પાછા નહી રહે ત્યારે આમ પ્રજા પોતાના ભાવિ ધારાસભ્યને ઓળખી અને યોગ્ય ઉમેદવારને મત આપી શકે તેવા એકમાત્ર આશયથી 'રખેવાળ' દ્વારા ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારો પાસેથી ફોટા સહિતનો વિસ્તૃત બાયોડેટા મંગાવવામાં આવે છે. જે 'ચૂંટણી મહાયુધ્ધ-૨૦૧૭' કોલમ અંતર્ગત દરરોજ પ્રસિધ્ધ કરાશે.

# ઝેરડાના મુસ્લિમ પરિવારે બનાવેલ કોડીયા વિદેશમાં ઝગમગશે


અનિલ શાહ

**આકર્ષક રંગબેરંગી કોડીયાની દિવાળી તહેવારમાં ભારે માંગ : ખરેખર કલાકારને કોઈ ધર્મ હોતો નથી**

પ્રતિનિધિ ઝેરડા

ડીસા તાલુકાના ઝેરડા ગામે મુસ્લિમ પરિવાર દ્વારા જાત-જાતના રંગબેરંગી બનાવેલ કોડીયા દિવાળીના તહેવારોમાં રોશનીથી ઝગમગી ઉઠે છે. આ આકર્ષક કોડીયાની વિદેશોમાં પણ ભારે માંગ ઉઠી રહી છે. તેથી મુસ્લિમ પરિવારે બનાવેલ કોડીયા વિદેશમાં પણ ઝળહળશે. હિન્દુ ધર્મનું પવિત્ર એવું મહાપર્વ દિવાળી ચીર અંધકારમાંથી જયોતિરૂપી કિરણથી પ્રકાશ તરફ લઈ જતુ પર્વ હોઈ દિવાળીના દિવસોમાં દરેક ઘર રોશનીથી ઝગમગી ઉઠે છે.

આ તહેવારોમાં જાત-જાતના કોડીયાને આમીનભાઈ તથા મોહમ્મદભાઈ કલર પ્રિન્ટીંગ કરીને બોક્સ પેકિંગ કરીને વહેંચી રહ્યા છે. ત્યારે હિન્દુના તહેવારોમાં રોશની ફેલાવવા ડીસા તાલુકાના ઝેરડા ગામનો એક મુસ્લિમ પરિવાર કોડીયું પુરૂં પાડે છ. ખરેખર

અનુસંધાન પાના નં.૬

**માટી કામના કસબી કલાકાર**

આ કોડીયા બનાવવા માટે તેરા કોટા નામની સ્પેશ્યલ માટી મોરબીથી મંગાવવામાં આવે છે. આ કોડીયાની માંગ ભારતમાં જ નહિ પરંતુ હવે વિદેશમાં પણ ઉઠી રહી છે. તા. ૫/૧/૨૦૧૩ ના રોજ સુરત ખાતે ઉજાસ મેગેઝિન દ્વારા સલ્લુભાઈને એવોર્ડ આપવામાં આવ્યો હતો. સમગ્ર જિલ્લામાં આધુનિક પદ્ધતિથી કોડીયા બનાવતા સલ્લુભાઈ સુમરાને સૌપ્રથમ સાબરકાંઠાના વાંકાનેર ખાતે ગુજરાત રાજ્ય માટી કામ બોર્ડ દ્વારા એક માસનો કુંભાર કામનો તાલીમ વર્ગ યોજાયો હતો. જે સફળતાપૂર્વક પાર કરતાં તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. હજુ પણ સરકાર માટી કામના કસબી કલાકારની કદર કરે તો મોટાપાયે રોજગારીનું નવસર્જન થઈ શકે છે. સાથે વર્ષો જુના ગૃહ ઉદ્યોગને વેગ પણ મળી શકે.

# કાંકરેજ તાલુકાના ખેડૂતોને પાક નિષ્ફળમાં પુરતી સહાય ન મળતા ઉચ્ચ સ્તરે રજુઆત


વિજય સિલ્વા

**અધિકારીઓએ મનસ્વીપણે સહાય ચુકવી હોવાના આક્ષેપો**

પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ તાલુકાના શિહોરી, ઉંબરી, ઝાલમોર, અરડુવાડા, માળી, ગોળીયા વગેરે ગામોના ખેડુતો તેમજ સરપંચોએ તેમના ગામમાં પાક નિષ્ફળની પુરતી સહાય તેમજ કેટલાક ખેડુતોને સહાય ન મળતા લેખિતમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કલેક્ટર બનાસકાંઠા, ખેતીવાડી અધિકારી ડીસા, મામલતદાર

અનુસંધાન પાના નં.૬


**બેસણું**


સ્વ.કાન્તિભાઇ ભેમાભાઇ રાવળ (ઢાકટા)
સ્વ.તા.૦૫-૧૦-૨૦૧૭

અમારા પિતાશ્રી કાન્તિભાઇ ભેમાભાઇ રાવળ (ઢાકટા) નું દુઃખદ અવસાન તા.૦૫-૧૦-૨૦૧૭ ને ગુરૂવારના રોજ થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ, સદ્‌ગતનું બેસણું તા.૧૧-૧૦-૨૦૧૭ ને બુધવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : મુ.પાંડવા, તા.વડગામ , જિ.બ.કાં.

લિ.
અંબાબેન કાન્તિભાઈ રાવળ - પત્ની
દિનેશભાઈ કાન્તિભાઈ રાવળ - પુત્ર
મુકેશભાઈ કાન્તિભાઈ રાવળ - પુત્ર
દિપિકાબેન નિલેશભાઈ રાવળ - પુત્રી
કલ્પનાબેન દિનેશભાઈ રાવળ - પુત્રવધૂ
વર્ષાબેન મુકેશભાઈ રાવળ - પુત્રવધૂ
વિધી, ભૂમિ, [illegible] - પૌત્રી

**બેસણું**


સ્વ.બાબુજી છોગાજી રાવ
સ્વ.તા.૦૭-૧૦-૨૦૧૭

અમારા પિતાશ્રી સ્વ.બાબુજી છોગાજી રાવનું તા.૦૭-૧૦-૨૦૧૭ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદ્‌ગતનું બેસણું તા.૧૧-૧૦-૨૦૧૭ ને બુધવારે સવારે ૧૦ થી બપોરે ૨ વાગ્યા સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : અર્બુદા સોસાયટીની પાછળ, રાવ ફાર્મ હાઉસ, મુ.ધાનેરા, જિ.બ.કાં. મો.૯૪૨૭૬૪૪૩૨૪

લિ.
બળવંતજી છોગાજી રાવ (પૂર્વ પ્રમુખશ્રી, નગરપાલિકા)
જીવરાજસિંહ બાબુજી રાવ (પુત્ર) પ્રતાપજી છોગાજી રાવ (ભાઈ)
મહેન્દ્રસિંહ બાબુજી રાવ (પુત્ર) પ્રભુજી છોગાજી રાવ (ભાઈ)
ચંદનસિંહ બાબુજી રાવ (પુત્ર) નાગજીજી છોગાજી રાવ (ભાઈ)
જબ્બરસીંગ છોગાજી રાવ (ભાઈ)
ભવજીસિંહ છોગાજી રાવ (ભાઈ)
તથા સમસ્ત રાવ પરિવાર, મુ.ધાનેરા


**વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ અંતર્ગત રખેવાળ આપના મંતવ્યો જાણવાનો પ્રયાસ કરે છે. આપના માટે આવી રહ્યું છે ''કોણ બનશે ધારાસભ્ય ફેંસલો આપના હાથમાં'' જોતા રહો રખેવાળ દૈનિક પાના નં.૮**


सत्यमेव जयते
ગુજરાત સરકાર


શ્રી નરેન્દ્ર મોદી
વડાપ્રધાન, ભારત


શ્રી વિજય રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

## જી.એસ.ટી.કાયદો - સાચા અર્થમાં ગ્રાહકોનો ફાયદો

વપરાશકાર માટે છૂપાયેલા અનેક વેરાઓના પરોક્ષ ભારણને બદલે એક જ પ્રત્યક્ષ વેરો એટલે જી.એસ.ટી.

| ચીજ-વસ્તુનુ નામ | જીએસટી પહેલા વેરાનુ ભારણ | જીએસટી પછી વેરાનો દર |
|---|---|---|
| ટૂથ પેસ્ટ | ૨૯ | ૧૮ |
| મિઠાઈ | ૭ | ૫ |
| સુગર કન્ફેક્શનરી | ૨૨ | ૧૮ |
| મિનરલ વોટર | ૨૯ | ૧૮ |
| સાબુ | ૨૯ | ૧૮ |
| એલ.પી.જી. સ્ટવ | ૨૨ | ૧૮ |
| ટૂથ પાવડર | ૨૯ | ૧૮ |
| વનસ્પતિ તેલ | ૬ | ૫ |
| કેચ અપ અને સોસ | ૧૫ | ૧૨ |
| ઘર વપરાશના તાંબાના વાસણો | ૧૯ | ૧૨ |
| બાળકોના ડ્રોઈંગ અને રંગના પુસ્તકો | ૭ | ૦ |
| એલ.ઈ.ડી. બલ્બ | ૨૨ | ૧૨ |
| એલ્યુમિનિયમ ફોઈલ | ૨૨ | ૧૮ |
| રૂ. ૫૦૦/- પ્રતિ જોડી સુધીના પગરખાં | ૧૧ | ૫ |
| હેર ઓઈલ | ૨૯ | ૧૮ |
| સ્કૂલ બેગ | ૨૨ | ૧૮ |
| મરી મસાલા | ૬ | ૫ |
| પ્રિન્ટર | ૨૯ | ૧૮ |
| સ્ટેપલર અને સ્ટેપલર પીન | ૨૯ | ૧૮ |
| હેલ્મેટ | ૨૨ | ૧૮ |
| બેબી કેરીએજ | ૨૯ | ૧૮ |
| હેડ ગીયર અને તેના ભાગો | ૨૯ | ૧૮ |
| વાંસનું ફર્નિચર | ૨૨ | ૧૮ |

| ચીજ-વસ્તુનુ નામ | જીએસટી પહેલા વેરાનુ ભારણ | જીએસટી પછી વેરાનો દર |
|---|---|---|
| ઘર વપરાશના એલ્યુમિનિયમના વાસણો | ૧૯ | ૧૨ |
| મોબાઈલ ફોન | ૨૯ | ૧૨ |
| કાચમાંથી બનાવેલી વસ્તુઓ | ૨૯ | ૧૮ |
| ચિનાઈ માટી માંથી બનાવેલા ટેબલવેર, કિચનવેર, ટોઈલેટ માટેની અને ઘરવપરાશની વસ્તુઓ | ૨૯ | ૧૮ |
| ફોટોગ્રાફિક ફિલ્મ | ૨૯ | ૧૮ |
| ઘડીયાળ અને ઘડીયાળના કાચ | ૨૯ | ૧૮ |
| લેબોરેટરીમાં વપરાતા કાચના સાધનો | ૨૯ | ૧૮ |
| ચશ્માની ફ્રેમ | ૨૯ | ૧૮ |
| ઈલેક્ટ્રોનિક્સ રમકડાં | ૨૯ | ૧૮ |
| પ્રતિ જોડી રૂ. ૫૦૦/- થી વધારે ના પગરખાં | ૨૨ | ૧૮ |
| બોલપેન/ફાઉન્ટેન પેનની શાહી | ૧૯ | ૧૨ |
| મીણબત્તી | ૧૯ | ૧૨ |
| લુબ્રીકેટીંગ ઓઈલ | ૩૧ | ૧૮ |
| વિનેગાર | ૨૯ | ૧૮ |
| પાર્ટીકલ બોર્ડ | ૧૫ | ૧૨ |
| રેફ્રીજરેટર અને વોશીંગમશીન | ૨૯ | ૨૮ |
| બ્રાન્ડેડ બિસ્કીટ (પ્રતિ કિલો રૂ.૧૦૦ થી વધુ કિંમતનાં) | ૨૨ | ૧૮ |
| નંબરવાળા ચશ્મા | ૧૮ | ૧૨ |
| પ્રતિ નંગ રૂ.૧૦૦૦ થી વધુ કિંમતના તૈયાર કપડાં | ૧૮ | ૧૨ |
| બ્રાન્ડેડ બેડશીટ (રૂ. ૧૦૦૦ થી વધુ કિંમતની) | ૧૮ | ૧૨ |
| બ્રાન્ડેડ નમકીન ભુજીયા | ૧૮ | ૫ |

કેન્દ્રીય વેચાણ વેરાનો દર જે ૨% હતો તે જોડવામાં આવે તો GST પહેલાનું ભારણ હજુ વધારે હશે. ● MRPમાં વેરાનો સમાવેશ થઈ જતો હોઈ, કોઈપણ સંજોગોમાં ચીજવસ્તુની કિંમત MRPથી વધુ હોઈ શકે નહીં

"સરળ ટેક્ષ વહીવટ માટે પ્રતિબધ્ધ ગુજરાત" -શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી

NATION TAX MARKET